કલ્યાણિકા

કવિશ્રી અરદેશર ફ. ખબરદારનાં પુસ્તકો

ગુજરાતીમાં

૧	કાવ્યરસિકા	કિંમત રૂા.	૧–૮–૦	(પૃ. ૧૮૮)
૨	વિલાસિકા	,,	૧–૮–૦	(,, ૨૦૦)
૩	પ્રકાશિકા	,,	૧–૪–૦	(,, ૧૮૨)
૪	મલબારીનાં કાવ્યરત્નો ...	,,	૩–૦–૦	(,, ૪૫૦)
૫	ભારતનો ટંકાર (બીજી આવૃત્તિ)	,,	૧–૦–૦	(,, ૯૦)
૬	સંદેશિકા	,,	૧–૦–૦	(,, ૧૮૮)
૭	કલિકા	,,	૨–૦–૦	(,, ૨૬૦)
૮	ભજનિકા	,,	૧–૪–૦	(,, ૧૬૦)
૯	રાસચંદ્રિકા, ભાગ ૧ લો, (ઊંચા કાગળ)	,,	૦-૧૪-૦	(,, ૧૨૦)
	,, ,, ગીલ્ટ પૂઠું	,,	૧–૪–૦	(,, ,,)
૧૦	દર્શનિકા ... ... ,,	,,	૩–૦–૦	(,, ૪૩૨)
૧૧	પ્રભાતનો તપસ્વી અને કુક્કુટદીક્ષા (બીજી આવૃત્તિ)	,,	૦–૮–૦	(,, ૭૦)
૧૨	કલ્યાણિકા	,,	૧–૦–૦	(,, ૧૬૦)

અંગ્રેજીમાં

૧૩	The Silken Tassel	,,	૨–૮–૦	(,, ૧૩૬)

હવે પછી છપાશે

૧૪ રાસચંદ્રિકા, ભાગ ૨ જો
૧૫ રાષ્ટ્રિકા
૧૬ પ્રભાતગમન (વર્ણનકાવ્ય)
૧૭ કેટલાંક પ્રતિકાવ્યો
૧૮ લગ્નગીતા
૧૯ ગુજરાતી કવિતા અને અપદ્યાગદ્ય
૨૦ ગુજરાતી કવિતાની રચનાકળા (મુંબઈ યુનિવર્સીટી તરફથી)
૨૧ મનુરાજ નાટક (અખંડ પદ્યમાં)
૨૨ અમરદેવી નાટક
૨૩ યુગરાજ મહાકાવ્ય
૨૪ ગદ્યસંગ્રહ
૨૫ Leaf and Flower
૨૬ The Rest–House of the Spirit

કલ્યાણિકા

કર્તા

અરદેશર ફરામજી ખબરદાર

મુંબઈ

સંવત ૧૯૯૬ ઈ૦ સ૦ ૧૯૪૦

આવૃત્તિ ૧ લી

પ્રત ૧૧૦૦

પ્રકાશક
યજ્ઞેશ હ. શુકલ
૪૩, કલ્યાણ બિલ્ડીંગ, કાંદાવાડી,
મુંબઈ, ૪

બે રૂપિયા

મુદ્રક
પ્રભાશંકર જયશંકર પાઠક
જગદીશ્વર પ્રેસ, ગાયવાડી, ગીરગામ,
મુંબઈ, ૪

મારા સ્નેહમૂર્તિ ગુરુજી

સ્વર્ગસ્થ જાલભાઈ દોરાબજી ભરડાના

પુણ્યસ્મરણને

અર્પણ

જન્મ : તા. ૧૬–૨–૧૮૬૪ ઈ.   મરણ : તા. ૧૨–૭–૧૯૨૧ ઈ.

સ્વ. જાલભાઈ દોરાબજી ભરડાના પુણ્યસ્મરણને

• ધોળ •

મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી! નિત્ય હો!
    જ્યાં હો નિર્મળ તમ આત્માનું નંદનધામ:
પળપળ તરતી રહે તમ પ્રતિમા અંતરલોચને,
    સ્નેહલ જાલતણું રસના રટતી રહે નામ:
    મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી! નિત્ય હો!

પ્રભુના પુણ્યપથે જ અહોનિશ પદ તમ દોરવ્યાં,
    અમ અંગુલિ પણ એ જ પથે રાખી તમ હાથ;
દૂરસુદૂર ઝગંતી જ્યોતિ પરમ વિજ્ઞાનની,
    ત્યાં તમ દૃષ્ટિ અચૂક રહી તમ પગલાં સાથ!
    મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી! નિત્ય હો!

સાદું, સીધું, સૂધું હૃદય સદા સ્નેહે ભર્યું,
    દોરંગી દુનિયાનાં કૂડ કપટથી દૂર;
ઉન્નત આદર્શોનાં સ્વપ્ન સદા સેવ્યાં ઉરે,
    તેનાં નીતર્યાં નયને અદ્ભુત નૌતમ નૂર!
    મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી! નિત્ય હો!

દીધાં મોંઘાં વિદ્યાદાન હજારો શિષ્યને,
　　નિજ નિજ પાત્ર સમું સૌને દીધું રસજ્ઞાન ;
આભ ઉઘાડી નવનવ જ્યોતિફળો ત્યાં દાખવ્યાં :
　　ગુરુજી ! કેમ કરી ભૂલાશે એ તમ દાન ?
　　મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી ! નિત્ય હો !

પૂર્વ અને પશ્ચિમમાં બન્ને કર્ણે ધારતી
　　પૂનમે રવિચંદાકુંડલને પૃથ્વી જેમ,
પૂર્વ અને પશ્ચિમની સદ્‌વિદ્યા ને સંસ્કૃતિ
　　શુભ સંયોગે શોભી તમ જીવનમાં તેમ !
　　મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી ! નિત્ય હો !

અમ ઉરમાં ખડકયાં’તાં ઘન આષાઢી મેઘશાં,
　　ત્યાં તમ કિરણે ગૂંથ્યા ઇંદ્રધનુષના રંગ ;
તમ શબ્દસ્પર્શે ઉઘડી લીલા નવવ્યોમની,
　　અમ જીવનનગથી ફૂટી નીકળી નવગંગ !
　　મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી ! નિત્ય હો !

જડઝાંખરની ખીણે ભટકી શબ્દો ખૂંદતો,
　　ત્યાંથી ઊંચકી મુજને મૂકયો પર્વતશીર ;
બીડી પાંખ ઉઘાડી ઊડવા શીખવ્યું સાથમાં,—
　　આજે તો ઊડું જઈ સુરગંગાને તીર !
　　મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી ! નિત્ય હો !

સંધ્યાકરથી લાખો જ્યોતિ નભે સળગી રહે,
તમ કરથી સળગી ત્યમ કૈક જીવનની જ્યોત;
ઝળહળતા ભાગ્યાક્ષર કૈકતણા ઝબકી ઊઠ્યા,
જીવનવ્યોમ દીઠો નવચેતનનો ઉદ્યોત!
મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી! નિત્ય હો!

સુખમાં સુખ તો તમે ગણ્યું બસ વિદ્યાદાનમાં,
દુખમાં દુખ જીવનમાં દેખાડ્યું અજ્ઞાન;
રવિશાં તેજે ને તાપે તમ નયન ઝગારતાં,
પણ ઉરથી સહુ પામ્યાં ચંદ્રસુધારસપાન!
મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી! નિત્ય હો!

કૈક વસંત અને હેમંત વહી ગઈ પૃથ્વીએ,
તમ જીવન તો ધન્ય વિરાજે પ્રભુઉરમાંય;
એ કલ્યાણપથે પદ ધરતી આ "કલ્યાણિકા"
તમ ચરણે મૂકી હું થાઉં કૃતાર્થ સદાય!
મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી! નિત્ય હો!

પ્રસ્તાવના

જીવનનો કલ્યાણપંથ પ્રભુધામ આગળ જ પૂરો થાય છે. એ પંથના વટેમાર્ગુને તો એ ધામનો પ્રકાશ સદા પોતા તરફ આકર્ષ્યા કરે છે. સાચા કવિની આંખ એ પ્રકાશબિંદુના વેધમાંથી કદી ચૂકતી નથી. કવિની ભાવોર્મિ, ભાવના, કલ્પના અને બુદ્ધિ જ્યારે એકરસ બને છે, ત્યારે એ પ્રકાશનાં કિરણોને ઝીલીને પોતાની વાણીના લોલકમાં તેના વિવિધ રંગો પ્રકટાવી સૌને એ પ્રકાશનો બોધ તેમજ તેનો આનંદ તે આપી શકે છે. બધી જીવનસરિતા પરમાત્મસાગર ભણી જ વહે છે, અને એ જ તેનો કલ્યાણપંથ છે. આ સંગ્રહમાંનાં કાવ્યોનો કે ભજનગીતોનો પ્રવાહ એજ માર્ગે વહ્યો છે, કુદરતી રીતે જ વહ્યો છે; અને એ ભજનોના કવનકાળમાં કવિહૃદયે જે જોયું છે, અનુભવ્યું છે, અને તેને વાણીમાં મૂર્તસ્વરૂપ આપ્યું છે, તે એ કલ્યાણપંથના વટેમાર્ગુને કોઈક રૂપે રીતે પણ સહાયક અને આનંદદાયક બનશે, તો તે કવિહૃદયને સંતોષકારક જ થશે.

મારી “ ભજનિકા ” પ્રકટ થયાને દસ વર્ષ વીતી ગયાં છે. તેમાંનાં ઘણાં ભજનો મેં અનેક ઠેકાણે ગવાતાં સાંભળ્યાં છે. આ દસ વર્ષમાં મારાં બીજાં નાનાં મોટાં કાવ્યો સાથે જે ભજનો પણ રચાયાં છે, તેનો આ સંગ્રહ “ કલ્યાણિકા ” નામે પ્રકટ થાય છે. ગુજરાતના અશિક્ષિત, અર્ધશિક્ષિત, સુશિક્ષિત, વિદ્વાન, રસિક અને રસજ્ઞ, એમ તમામ વર્ગને આમાંનાં એક યા વધુ ભજનો કાંઈ ને કાંઈ આનંદ આપી પ્રભુના કલ્યાણ-પંથની વિશેષ ઝાંખી કરાવશે, એવી શ્રદ્ધા હું રાખું છું.

આ શ્રદ્ધા અકારણ નથી. મારી કવિતાની પ્રાસાદિક સરળતાને લીધે તેમાં જાણે કશું રહસ્ય છે જ નહીં, એમ માની લઈને કેટલાક વિવેચકો થોડીકને ઉત્તમ કહી બીજીને અવગણે છે. પણ મારા અનેક કાવ્યસંગ્રહો પ્રકટ થયા છે, તે પર જે વિવેચનો અનેક વ્યક્તિઓ તરફથી થયાં છે, તેમાંથી એક વિચિત્ર સાર મેં તારવી કાઢ્યો છે. એ બધાં વિવેચનો એકઠાં

કર્યા પછી તેમાં ગણાવેલી ઉત્તમ કવિતાઓની તથા તેમાં આપેલાં ઉત્તમ ઉદાહરણ રૂપ અવતરણોની તારવણી કરતાં તેમાં લગભગ બધી જ કવિતાઓ સમાઈ જાય છે ! એ બતાવે છે કે વિવેચકોની રુચિ અને કાવ્યગણના કેટકેટલી ભિન્ન છે ! એ દેખાડે છે કે જુદી જુદી કવિતાઓ જુદા જુદા વિવેચકોના મનબંધારણને અનુસરીને જ તેને સ્પર્શે છે, એટલું જ નહીં પણ પ્રથમ ખેઠકે એક કવિતા એક વિવેચકને સામાન્ય પ્રતિની લાગે, તે જ કવિતા વળી કોઈ અન્ય ખેઠકે એ જ વિવેચક તે કવિતામાંના ભાવને અનુકૂળ સ્થિતિમાં હોય તો તેના હૃદયને સ્પર્શે છે, અને પછી તેમાંનું રહસ્ય તેને જડી આવે છે, કે બીજા કોઈ વિવેચક મિત્ર તે તેને બતાવે ત્યારે તે તેની ખૂબી જોઈ શકે છે. હું તો પ્રત્યેક સંગ્રહમાં સમાજના બધા વર્ગોને કોઈ ને કોઈ કવિતા આનંદ આપી શકે એ વાત ધ્યાનમાં રાખીને બધી જાતની કવિતા, સરળ ભાવ વિચારથી માંડીને ઊંડામાં ઊંડા રહસ્યવાળી દાખલ કરું છું.

આ વેળા આપણા હાસ્યરસના પ્રસિદ્ધ લેખક તેમજ વિવેચક મારા સ્નેહી ભાઈ શ્રી જ્યોતીંદ્ર હરિહર દવેએ આ સંગ્રહમાંનાં કાવ્યો પર "ટિપ્પણ" લખ્યું છે, તે આશા છે કે પ્રાકૃત વાચકને તેમજ પ્રાધ્યાપકોને ભાવાર્થ સમજવામાં સહાયરૂપ થશે. ભાઈ શ્રી જ્યોતીંદ્રના એ માયાળુ બંધુકાર્ય માટે હું આભારી છું.

પરમાત્માએ મારા પર ઘણી મહેર ઉતારેલી છે. એ મહેરથી જ હું મારો કલ્યાણપંથ જોઈ શક્યો છું. આ "કલ્યાણિકા"માંનાં કાવ્યો એ માત્ર કલ્પનાનું પરિણામ નથી, પણ મારા આધ્યાત્મિક અનુભવોનો સાચો નિચોડ છે. પ્રભુએ જે સંદેશ મને પહોંચાડ્યો છે, તે મારી નિર્બળ વાણીમાં ઝીલીને મારાં બહેનો બંધુઓને હું આ ટાણે અર્પણ કરું છું. આ "કલ્યાણિકા" તેમના કલ્યાણપંથમાં કાંઈક પણ સહાયરૂપ થાય અને એ માર્ગ આનંદસ્વરૂપ બને, એ જ મારી પ્રાર્થના છે.

૭૮૮, પારસી કોલોની, દાદર, મુંબઈ
તા. ૧ લી જુલાઈ ૧૯૪૦ } **અરદેશર ફરામજી ખબરદાર**

અનુક્રમણિકા

પૃષ્ઠ

સાધન—

પ્રકાશ— પૃષ્ઠ

આનંદ—

૧

ઝંખના

થાળની ભેટ

• રાગ ભૈરવી—તાલ ત્રિતાલ •

મારી આ થાળ સ્વીકારો, કૃપાઘન!
મારી આ થાળ સ્વીકારો!—(ધ્રુવ)

વિવિધ વૈચિત્ર્ય ભર્યું તમ વિશ્વે,
શોધ્યે જડે નહીં આરો;
કાંધે આ કાવડ મૂકી બધેથી
ઝીલી મેં કંઇ રસધારો:
કૃપાઘન! મારી આ થાળ સ્વીકારો! ૧

સૂરજ ચંદ્ર ને તારકમાંથી
ચૂંટ્યા મેં ચેતનતારો;
સ્વર્ગંગામાં ડૂબકી ભરી હું
લાવ્યો આ મોતી હજારો!
કૃપાઘન! મારી આ થાળ સ્વીકારો! ૨

તીરથ તીરથ અટણ કર્યું મેં,
　　સૌ તમ રૂપવિહારો:
અંજલિ અંજલિમાં અમી એ લઈ
　　થાળે ભર્યો રસ ન્યારો!
　　કૃપાઘન! મારી આ થાળ સ્વીકારો! 3

આંખે ઝર્યાં વેદનામૃતે જામ્યો
　　હૃદયકમળરસ મારો;
મારું અમી એ જડે ન બીજે કહીં:
　　લ્યો, લ્યો, હે નાથ, ઉદ્ધારો!
　　કૃપાઘન! મારી આ થાળ સ્વીકારો! ૪

અમૃત તૃષા

• પદ* •

આવોને સંતો! આવો, સાહેબના ઓલિયા રે!
સતના તરસ્યાને રાખો સંગે રે!
ભારે આ અમૃતની તૃષા છે લાગી રે,
ઉરના અંગાર જળે અંગે રે!
આવોને સંતો! આવો, સાહેબના ઓલિયા રે! ૧

સારા સંસારનાં આ બળતાં ભભૂકતાં રે
ચૌદે બ્રહ્માંડ બાળી નાખે રે;
ધગધગતું જીવનનું વન આ રહે ધીખી રે,
પડે ત્યાં શોષ અંગે આખે રે:
આવોને સંતો! આવો, સાહેબના ઓલિયા રે! ૨

પૃથ્વીને વીંટી મહાસાગરો ઊછળે રે,
નવસેં નદીઓ મારે આંટા રે;
કોટિક ધારે વરસે મેહુલો માથે રે,
તોય પડે છે કંઠે કાંટા રે!
આવોને સંતો! આવો, સાહેબના ઓલિયા રે! ૩

*"મનને ચઢાવી મેલ્યું ચાકડે રે"—એ ભજનની રાહ.

અમે તો હંસલા રે ઊંચેરા દેશના રે,
 ધગતી ધરાએ ઊતર્યા ક્યાંથી રે!
આભની પાર રહ્યાં સરવર અમારાં રે,
 તૃષા અમારી છિપે શાથી રે?
 આવોને સંતો! આવો, સાહેબના ઓલિયા રે! ૪

લગની લાગી છે એક અમૃતના નામની રે,
 ભરી ગંગાજી યે સુકાશે રે;
અલખ સરોવરમાં અંજલિ ભરીને રે
 કોણ અમૃત અમને પાશે રે?
 આવોને સંતો! આવો, સાહેબના ઓલિયા રે! ૫

વિષમ છે વેદના એ અમૃત તૃષાની રે,
 ધખે જીવન રણ જેવું રે:
ભવોભવ કેરી તૃષા અદલ છિપાવે રે,
 આપો અમૃત કોઈ એવું રે!
 આવોને સંતો! આવો, સાહેબના ઓલિયા રે! ૬

પ્રભુપ્રેમના પાગલ

• રાગ જંગલો—દેશી* •

અમે રે પાગલ પ્રભુપ્રેમના!
નહીં જાણીએ અન્ય જી;
ઘટમાં જામી ગઈ ઘેલછા,
તેનું તાન અનન્ય જી!
અમે રે પાગલ પ્રભુપ્રેમના! ૧

ઉર રે વીંધાયું ઊંડું ઘણું,
ધૂન લાગી છે લાખ જી!
જગત જળાવીને તેહની
ચોળી તન પર ખાખ જી!
અમે રે પાગલ પ્રભુપ્રેમના! ૨

માલ મલીદા ન માગિયે,
ટુકડા રોટીનું ખાજ જી;
ફાટી તૂટી કંથા ગોદડી:
એજ છે અમ રાજ જી!
અમે રે પાગલ પ્રભુપ્રેમના! ૩

મહોલ મંદિર ને માળિયાં,
ગમે નહીં ઘરબાર જી!
પૃથ્વી લીલાભરી પોઢવા,
આભ ઓઢવા છે સાર જી!
અમે રે પાગલ પ્રભુપ્રેમના! ૪

*"જનની જીવો રે ગોપીચંદની,"—એ ભજનની રાહ.

ડાહી તમારી દુનિયા ઘણી,
    એનું ડહાપણ અબોલ જી :
પ્રભુના ઘેલા અમે ઘૂમિયે,
    એમાં જ અમને કલ્લોલ જી !
    અમે રે પાગલ પ્રભુપ્રેમના ! ૫

શું કરીએ વિશ્વરૂપ વસ્ત્રને,
    મેલું કરી દે અંગ જી ;—
એ વસ્ત્રના પહેરનારશું
    અમને લાગ્યો છે રંગ જી !
    અમે રે પાગલ પ્રભુપ્રેમના ! ૬

અંધારે ચાલે સહુ તારલા,
    ઝબકે ઘેલાતૂર જી ;
અમને યે અંધારાં એ ગમે,
    નયને ઊગ્યાં કો નૂર જી !
    અમે રે પાગલ પ્રભુપ્રેમના ! ૭

હદ છોડી બેહદમાં ગયા,
    જીભે કહ્યું નહીં જાય જી :
ડાહ્યાં રે હો તો નવ આવશો
    અદલ આ પાગલોમાંય જી !
    અમે રે પાગલ પ્રભુપ્રેમના ! ૮

રસરેલ

· ગઝલ ·

અખંડ એક ધાર અજબ કો વહી રહી,
ખુલી ખુદાઈ ત્યાં જુદાઈ કો નહીં રહી! ૧

ભિંજાય સકળ ખલક ત્યાં ન ઝલક કો જુદી,
કરોડ આંખ નૂર તો એકજ અહીં રહી! ૨

અનંતમાં ઝગી રહ્યા અગણિત તારલા,
ન આંખ તેની કો કથા જુદી કહી રહી! ૩

ન સૂર્યજ્યોતિ જેવું કે ન ચંદ્રિકા સમું,
અનામી નૂર એવું ખલક સૌ ચહી રહી! ૪

રસે રસાય જ્યાં બધું જ સમરસે શમી,
ન આભ અવનિ કેરી ભિન્નતા તહીં રહી! ૫

ન દિવસ, રાત, કાળ, સ્થાન, રંગ, રૂપ કો:
અખંડ એકતાર લહર એ મહીં રહી! ૬

ધગે ન ધોમ કે ન ભોમ શીતથી ધ્રૂજે,
તૂટેલ તારને જ એ થીજી દહી રહી! ૭

અનંત વિશ્વમાં સમાય દેવજ્યોતિ એ,
દસે દિશાથી સ્નેહધોધ શી સહી રહી! ૮

ડૂબ્યાં પ્રપૂર્ણ એ રસે, તર્યાં જ તે બધાં:
અચૂક અમર બુટ્ટી એવી છે જહીં રહી! ૯

ઉતારી દેહપટ જુઓ બધું જ બ્રહ્મ આ!
અદલ જુદાઈ ત્યાં પછી કોની કહી રહી? ૧૦

આત્માનો સગો

• રાગ માઢ–તાલ લાવણી-હીંચ •

મારા આત્માનો સગો તું નાથ! સાહ્ય રે:
મારું મન તુંહીં તુંહીં તુંહીં તુંહીં થાય!
મને મૂકીને તું ક્યાં ન કદી જાય રે:
મારું મન તુંહીં તુંહીં તુંહીં તુંહીં થાય!–(ધ્રુવ)

અંગનાં સગાં સૌ મારાં દૂર થયાં કે
પાસે રહ્યાં ન પરખાય:
હૈયું રડી રડી આખર કહ્યું આ,
સાચો સગો તો તું જ થાય રે!
મારું મન તુંહીં તુંહીં તુંહીં તુંહીં થાય! ૧

માટીની મૂર્ત્તિ ને વેળુનાં વહાલુડાં,
દુનિયા ભરી ભરમાય:
ચિત્તનાં ચેતન નહીં અજવાળે આંખને,
તેને તું કેમ દેખાય રે?
મારું મન તુંહીં તુંહીં તુંહીં તુંહીં થાય! ૨

ચાંદરણે ચાંદલાની ચંદની હુલાતી,
આંચે અમાસ અંધરાય :
નહોતી એ ચાંદલાની જ્યોતિ તો આત્મની,
અવનિ અંધારે અકળાય રે !
મારું મન તુંહીં તુંહીં તુંહીં તુંહીં થાય ! ૩

સામે જોતાં હું તારું ચેતન ચીનું ને
પાસે હું જોઉં તારા પાય :
મારો સગો તું મને મૂકી ન જાય, નાથ !
મૂકી તને હું જાઉં ક્યાંય રે ?
મારું મન તુંહીં તુંહીં તુંહીં તુંહીં થાય ! ૪

દર્શનની ઝંખના

• રાગ સારંગ—તાલ દાદરો* •

કેમ પામું રે કેમ પામું મારા નાથનાં દિદાર?
સંત બોલો રે સંત બોલો, દીઠો નાથને કો વાર?—(ધ્રુવ)

ઉરે ઉદધિ ઉભરાય, એક તાનમાં તણાય:
ઊઠે અણગણ્યા તરંગ, ઊઠી ઊઠી થાય ભંગ:
ઊર્મિ ભરે આભે ફાળ, તોય મળે ના કો ભાળ:
કૂદી કૂદી રે કૂદી કૂદી અંતે વિરમતું કિનાર!
કેમ પામુ રે કેમ પામું મારા નાથનાં દિદાર? ૧

ઊડે વીજળીની પાંખ, ત્યાં હું બેસી માંડું આંખ;
વીંધું આભનાં ઊંડાણ, ખોદું સૃષ્ટિઓની ખાણ;
કૈંક રત્ન આવે હાથ, પણ ન જોઉં ક્યાંહિં નાથ;
આવે આવે રે આવે આવે હાથે મટ્ટી ને અંધાર!
કેમ પામું રે કેમ પામું મારા નાથનાં દિદાર? ૨

સૂર્ય ચંદ્ર કેરી પીઠ, બેસી જાઉં હું અદીઠ;
કિરણ કિરણ ખોળી જોઉં, નભનવીનતાએ મોહું:
બોળું હાથ આભનીર, કંઈક ખેંચી લાવું તીર:
નાથ ક્યાં છે રે નાથ ક્યાં છે? આ તો વધ્યો વ્યર્થ ભાર!
કેમ પામું રે કેમ પામું મારા નાથનાં દિદાર? ૩

*"વીજ ચમકે રે વીજ ચમકે મીઠા મેહુલાની માંહ્ય"—એ રાહ.

ઝાલું વાયુ કેરા વાળ, ફૂંકું સ્વર્ગ ને પાતાળ;
ઊડે કાળ કેરી રાખ, ખુલી જાય ભેદ લાખ;
ખોલે આંખ જરી આશ, હવે થશે આ પ્રકાશ:
    ભૂલ્યો ભૂલ્યો રે ભૂલ્યો ભૂલ્યો, ફૂંકી હોલવ્યા અંગાર!
    કેમ પામું રે કેમ પામું મારા નાથનાં દિદાર? ૪

ગૂંથી તારકોની વેલ, સ્વર્ણફૂળફૂલે લચેલ;
પ્રાણપંખીડાંના બોલ, મહીં કરી રહે કલ્લોલ;
કહિંક નાથ કેરી છાય, પલક પલકીને છુપાય:
    શોધું શોધું રે શોધું શોધું, આવે ક્યાંથી એ પલકાર!
    કેમ પામું રે કેમ પામું મારા નાથનાં દિદાર? ૫

ઉષા સંધ્યા કેરે કુંડ, મેઘમાળ કેરે ઝુંડ,
ઇંદ્રધનુ તણે મહેરાબ, રજની દિવસને કિતાબ,
જેનાં હાસ્ય રહે રેલાઈ, તે જ ક્યાં ગયો છુપાઈ?
    ક્યારે ક્યારે રે ક્યારે ક્યારે ફળશે ભક્તના ચિતાર?
    કેમ પામું રે કેમ પામું મારા નાથનાં દિદાર? ૬

હશે ભીતરે કે બહાર? એનો કલ્પું શો આકાર?
હુંમાં તુંમાં સૌમાં એ જ, ક્યાંથી નોંખું જોવું તેજ?
વસ્યો કીકીમાં સદાય; ક્યાં તું અદ્દલ જોવા જાય?
    કોઈ ખોલો રે કોઈ ખોલો મારી કીકીનાં રે દ્વાર!
    કેમ પામું રે કેમ પામું મારા નાથનાં દિદાર? ૭

તદ્રૂપતા

• ૫૬* •

નેણાંમાં વસી મારો સાહેબ ટમકે રે,
મુખે વસીને મીઠું હાસે રે;
હૈયામાં વસી એ તો આનંદ હુલાવે રે,
બોલે સોહમ્ વસી શ્વાસે રે!
નેણાંમાં વસી મારો સાહેબ ટમકે રે. ૧

અલખ વિના રહે આકાશ અંધું રે,
સાહેબ વિના બધું સૂનું રે;
જ્યોતિ વિહોણું ક્યાંથી જીવન જાગે રે,—
એક વિનાનું સહુ ઊણું રે:
નેણાંમાં વસી મારો સાહેબ ટમકે રે. ૨

એના ઘુમાવ્યા સહુ ઉડુગણ ઘૂમે રે,
એની વહાવી વહે ગંગા રે;
એનાં દોડાવ્યાં દોડે ભાગ્ય ને બુદ્ધિ રે,
ઊડે અણપાંખા ને અપંગા રે:
નેણાંમાં વસી મારો સાહેબ ટમકે રે. ૩

*"મનને ચઢાવી મેલ્યું ચાકડે રે"—એ ભજનની રાહ.

પૃથ્વી આકાશ બધું પ્રભુથી પૂર્યું રે,
    અણુ યે નથી કોઈ ખાલી રે;
કોડી ન કિંમત આ દેહની આવે રે:
    એ છે અમૃત, હું તો પ્યાલી રે!
    નેણાંમાં વસી મારો સાહેબ ટમકે રે. ૪

અલખ નામનો છે એકડો એ તો રે,
    લાખ મીંડાંનું મૂલ અંકાવે રે;
અલખ વિના નહીં લખ કોઈ લહેરે રે,
    હું ને મારું ત્યાં શું મનાવે રે?
    નેણાંમાં વસી મારો સાહેબ ટમકે રે. ૫

ભીતર એ ટોકી રહે છાનો ને છપનો રે,
    બહાર રહે રંગેરંગે છાઈ રે;
જડ ને ચેતન કેરું નૂર જ છે એ તો રે,
    સાચી છે એની જ સગાઈ રે!
    નેણાંમાં વસી મારો સાહેબ ટમકે રે. ૬

આત્મે હીંચોળી મારો સાહેબ હુલાવું રે,
    હૈયે માલિક મારો રાખું રે;
નેણાંમાં નાથ મારો સભર સમાવું રે,
    અદલ તદ્રૂપ જીવન આખું રે!
    નેણાંમાં વસી મારો સાહેબ ટમકે રે. ૭

છુપામણાં

• પદ—રાગ ભૈરવી •

ક્યાં જઈ મુખ એનું ખોળું રે?
 મારો નાથ સંતાઈ રહ્યો!—(ध्रुव)

ખૂણે ખૂણા ઘરના ખોળી વળું હું,
શોધી શોધી આંખ ચોળું રે:
 મારો નાથ સંતાઈ રહ્યો! ૧

ગામ ને ખેતરો ખુંદી રહું હું,
દિલ જેવા દરિયા યે ડહોળું રે:
 મારો નાથ સંતાઈ રહ્યો! ૨

નીચે છે લીલાના લાખો કંઈ પડદા,
ઉપર તો તારાનું ટોળું રે:
 મારો નાથ સંતાઈ રહ્યો ૩

વનવનમાં ઢૂંઢી સાદ રે પાડું,
સૂતા રે વાયુ ઢંઢોળું રે:
 મારો નાથ સંતાઈ રહ્યો! ૪

દિશદિશની દોરી હીંચી હલાવું,
ઊંચેરાં આભ હીંચોળું રે :
મારો નાથ સંતાઈ રહ્યો ! ૫

આણી મેર આભલાં ને પેલી મેર તારા,
વચમાં ડૂલે દિલ ભોળું રે :
મારો નાથ સંતાઈ રહ્યો ! ૬

જુગના રે જુગ એનાં પગલાં હું ઢૂંઢું ;
હવે તો જીવન લાગે મોળું રે :
મારો નાથ સંતાઈ રહ્યો ! ૭

સંત અદલ કોઈ દિશા બતાવો :
સ્નેહને બ્રહ્માંડ નથી બહોળું રે !
મારો નાથ સંતાઈ રહ્યો ! ૮

સત્યની શોધ

ગરબી—રાગ દેશ *

કયાં જઈ શોધું તારું સત્ય સકળ સંસારમાં રે?
હરિ! દગ વાર મા રે!—(ધ્રુવ)

તણખા તણખા ઊડતા વ્યોમે,
તણખા ઝરતા રોમે રોમે;
નહીં સૂર્યે સોમે પણ ગ્રહ્યું ઝબકારમાં રે:
હરિ! દગ વાર મા રે! ૧

મંદિર કે મસ્જિદ કો ઠામે
નવ દીઠું આતશબહેરામે,
ગામે નગરે કે નવ સંતાગારમાં રે:
હરિ! દગ વાર મા રે! ૨

પુષ્પતણો પમરાટ પરાગે,
તારકજ્યોતિ કિરણભર જાગે;
કેમ ન લાગે ઝળતું સત્ય દિદારમાં રે?
હરિ! દગ વાર મા રે! ૩

રત્ન છુપાઈ રહે કો ખાણે,
અગ્નિ ભરાઈ રહે કો પહાણે:

* "કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે,"—એ ચાલ.

કોણ ઉઘાડી જાણે ઉર અંધારમાં રે?
હરિ! દગ વાર મા રે! ૪

લજ્જાળુ લલનાશી લપાતી
વીજ પલક ઝબકી સંતાતી,
'આ કહી આંખ ઠગાતી જોતાં વારમાં રે!
હરિ! દગ વાર મા રે! ૫

શોધું ત્યાં તો નીકળે ચાલી,
પકડું પણ મુજ કર રહે ખાલી:
યુગયુગ રહે શું એજ પ્રણાલી સારમાં રે?
હરિ! દગ વાર મા રે! ૬

દશદિશમાં કે અંતર શોધું;
હું જ ન જાણું ત્યાં શું ખોધું?
નોંધું જીવનકળ શું પળપળ હારમાં રે?
હરિ! દગ વાર મા રે! ૭

પડતું પડતું અંતર લડશે,
પડપડ દિવ્ય દિગંત ઊઘડશે:
તું, હરિ! જડશે પછી તો એ ઉચ્ચારમાં રે!
હરિ! દગ વાર મા રે!
ક્યાં જઈ શોધું તારું સત્ય સકળ સંસારમાં રે? ૮

દિશાસૂચન

• રાગ ઠુમરી—તાલ ત્રિતાલ* •

સંત વિના કોણ બતાવે પ્રભુપંથ?
લાખ ભલે પઢો ગ્રંથ :
સંત વિના કોણ બતાવે પ્રભુપંથ?—(ધ્રુવ)

સૂર્ય મધ્યાહ્નને આવીને થંભે,
થંભે જ્યોતિનિશાન :
પૂર્વ ભણ્યા વિણ દિશ સૂઝે નહીં;
ક્યાંથી ઊગે ઉર જ્ઞાન?
સંત વિના કોણ બતાવે પ્રભુપંથ? ૧

સાગર દોડે મળવા સરિતને,
સરિત મળવા પહાડ;
પહાડ ઊઠે પાતાળ પકડવા,
પણ બધે ઊભી આડ :
સંત વિના કોણ બતાવે પ્રભુપંથ? ૨

---

* "કંથ બિન રહી અકેલી મોરી જાન."—એ રાહ.

પવન આવે, ડાળ હલાવે,
 પુષ્પ કરે મૃદુ નૃત્ય ;
પુષ્પે પતંગિયું બેઠું ત્યાં ડોલે,
 શું જાણે એ સત્ય ?
 સંત બિના કોણ બતાવે પ્રભુપંથ ? ૩

તિમિર ચળકે, પૃથ્વી પીગળે,
 સાગર ઘન થઈ જાય :
લાખ દિશાનાં, લાખ નયનનાં,
 પડ આ ઊતરે ક્યાંય ?
 સંત વિના કોણ બતાવે પ્રભુપંથ ? ૪

ગગને બલુન રહ્યું બાથ ન આવે,
 તોય વીંધી દે સોય :
એક જ શબ્દે, એક જ સાને,
 અંધ નયન પથ જોય !
 સંત વિના કોણ બતાવે પ્રભુપંથ ? ૫

વાદળ ઘેરાં ઘેરે ગગનને,
 ઘોર બને અંધાર :
સૂર્ય વિના તો કોણ કરે ત્યાં
 અદ્‌ભુત ધનુઝલકાર ?
 સંત વિના કોણ બતાવે પ્રભુપંથ ? ૬

પ્રભુની સ્નેહઠગાઈ

(ધોળ)

જા રે પ્રભુ! આ તારું જગત નથી રે જોઈતું!
એને આગળ કરી તું ગુપ્ત રહે શું દૂર?
તારી લાખ લીલામાં સર્વ રહ્યા લોભાઈને,
પણ મુજને તો જોઇએ એક જ તુજ ઉરનૂર:
જા રે પ્રભુ! આ તારું જગત નથી રે જોઈતું! ૧

તારો સૂરજ આવી બાંધે તેજકિરણ વડે,
તુજ તારા અમને તમજાળે ઘસડી જાય;
હું તો તેજ તિમિર વચ્ચે મુજ આંખો ઠેરવું,
તારી છાય જરા પકડું કે તું લોપાય!
જા રે પ્રભુ! આ તારું જગત નથી રે જોઈતું! ૨

તુજ સંદેશા જેવા ગગને ઘન ઘૂમી રહે,
તારાં ઘોર નગારાં વાગી રહે આકાશ;
અમૃતબિંદુ પડે ટપકી તુજ પ્રેમળ પાત્રથી,
ભીંજવે ભૂમિ, પરંતુ ભીંજાય ન મારી આશ:
જા રે પ્રભુ! આ તારું જગત નથી રે જોઈતું! ૩

તારી વીજલપાંખ ઊડી રહે વાદળ વાદળે,
પળમાં ઝબકાવી જગવે સૂતા અંધાર;
તારાં સ્વર્ગતણાં દ્વારોના ઢાંકઉઘાડ એ
આંજે સૌને, પણ ક્યાં છે તુજ અંતરદ્વાર?
જા રે પ્રભુ! આ તારું જગત નથી રે જોઈતું! ૪

રંગેરંગભર્યાં આભે તારાં પગલાં પડે,
જાણે એ પૂઠે પડતાં જડશે તુજ વાટ;
ઘડીના રંગો એ જગને ઝૂલવી રહે; પણ હું તો
માગું તુજને,—નહીં તુજ વસ્ત્રોના ઝળકાટ!
જા રે પ્રભુ! આ તારું જગત નથી રે જોઈતું! ૫

તારી માયાનાં નખરાં મોહી રહે સર્વને,
મારું મનુજહૃદય સપડાય તહીં ઘડી એક;
તારા ઠોકા ત્યાં સુણતાં જાગે ફરી આત્મ મુજ;–
આ તો તું નહીં, તારી છે પ્રતિમૂર્ત્તિ અનેક!
જા રે પ્રભુ! આ તારું જગત નથી રે જોઈતું! ૬

જીવનભર આવાં જ રમકડાંથી શું રાચવું?
અમારે રોવું ને તારે જોવું સંતાઈ?
તું શું નવાં નવાં આપે તે નહીં ભાંગી જશે?
જા રે!–આ તો તારી શાશ્વત સ્નેહઠગાઈ!
જા રે પ્રભુ! આ તારું જગત નથી રે જોઈતું! ૭

તારી દિશા દિશાના પડદા માંડું ખોલવા,
મારા રંગ બધા ધોઈ નાખું રસલોલ;
ઠોકી ઠોકી તારાં દ્વાર તને પજવું હું ચે,
તારી પાસ અદલ બોલાવી દઉં એક બોલ!
ત્યારે પ્રભુ! જોજે હસી પડશે મુજ બળ જોઈ તું!૮

પ્રભુનો જ સાથ

• રાગ માઢ—તાલ દાદરો •

તારાં સ્વર્ગને શું કરું, નાથ હો?
મને એક જ તારો સાથ!—(ધ્રુવ)

પૃથ્વી પાતાળ આકાશ મેં શોધ્યાં,
શોધ્યા વિશ્વપ્રકાશ;
ઓછાં અધુરાંને શું કરું, આખર
ઓછી અધુરી રહે આશ રે:
મને એક જ તારો સાથ! ૧

નવમે આકાશે મૂકું મુજ સીડી,
વચ્ચે મૂકયે શું થાય?
નાનાં મોટાં તુજ સ્વર્ગ હો ત્યાં, પણ
સુખની એ કેવળ છાંય રે:
મને એક જ તારો સાથ! ૨

લાખો હો સૂર્યો ને લાખો હો સૃષ્ટિ,
લાખો હો સ્વર્ગનાં ધામ!
સર્વને છાઈ રહ્યો અંધાર, ત્યાં
ક્યાં જઈ શોધું આરામ રે?
મને એક જ તારો સાથ! ૩

બુંદ પડે કે માવઠું, પણ
    પાકે નહીં કો પાક ;
હું તો ભરભર હેલીઓ માગું :
    નાથ ! ન ચાલે જરાક રે !
        મને એક જ તારો સાથ ! ૪

માપ્યાં સુખ સૌ સ્વર્ગનાં ને
    માપી દિશા ને વાટ :
આત્મ ભરે નભપાર ઉછાળા આ,
    અંતર મારું વિરાટ રે :
        મને એક જ તારો સાથ ! ૫

સિંધુમાં પાકે મોતીડાં, એવી
    જાણું અદલ તુજ જ્યોત :
બિંદુ ખરું પણ સિંધુનું, નાથ !
    એક જ તુજ મુજ પોત રે !
        મને એક જ તારો સાથ ! ૬

તારાં સ્વર્ગને શું કરું, નાથ હો ?
    મને જોઈએ તારો જ સાથ !

૨

આવરણ

તલાવડી દૂધે ભરી રે

• આશાભર્યાં તે અમે આવિયાં •

દૂધે ભરી છે તલાવડી,
ને એની મોતીડે પૂરી પાળ રે:
તલાવડી દૂધે ભરી રે;
ઊંચા તે દેશનો હંસલો
આવી ચરે લીલૂડી શેવાળ રે:
તલાવડી દૂધે ભરી રે.

ચંદા ચટકતી આવતી
મોતી ચુની લે ચુંદડી ને ચીર રે:
તલાવડી દૂધે ભરી રે;
ભરે ભરે ને ઢળે બેડલું,
તોય થાકી તજે ન એના તીર રે:
તલાવડી દૂધે ભરી રે. ૨

નયણાં નચાવતી તારલી
આવે સરખી સમાણી બહુ ત્યાંય રે:
તલાવડી દૂધે ભરી રે;
નાની ઘડૂલી ભરી નીસરે,
ફોરાં વેરી વેરી ન ધરાય રે!
તલાવડી દૂધે ભરી રે. ૩

સૂરજદાદા કેરી દીકરી
આવે ઉગમણે માંડવ રોજ રે:
તલાવડી દૂધે ભરી રે;
નાહી ભરે કેશ મોતીરે,
રંગે રંગે રેલાય એના હોજ રે:
તલાવડી દૂધે ભરી રે. ૪

દસ દસ દિશાએથી ઊડતા
આવે દિનકરના કિરણહંસ રે:
તલાવડી દૂધે ભરી રે;
દૂધે અજવાળે અંગને,
ને મોતી ચરતા ન અટકે અંશ રે:
તલાવડી દૂધે ભરી રે. ૫

મેહુલિયે મહોરવે મોતીડાં,
ને વીજ હીંચે ગગનને ગોખ રે:
તલાવડી દૂધે ભરી રે;
એ રે તલાવડીએ ઝીલવા
આવે ચૌદે ભુવનના લોક રે!
તલાવડી દૂધે ભરી રે. ૬

ઊંચેરા દેશના હંસલા!
તારે આ શી ચરવી શેવાળ રે?
તલાવડી દૂધે ભરી રે;
દેવી આ દૂધ ને મોતીડાં
તારાં સાચાં છે ભક્ષ્ય રસાળ રે:
તલાવડી દૂધે ભરી રે. ૭

સાવ રે સુધાના વીરા હંસલા!
તારાં સાવ રે સુધાનાં ઝગે તેજ રે:
તલાવડી દૂધે ભરી રે;
દૂધે ઝીલી, ચરી મોતીડાં,
ઊંચે ઊડ્યો જા ઓજસે એ જ રે!
તલાવડી દૂધે ભરી રે. ૮

દિવ્ય પ્રતિબંધ

• ગરબી* •

મારે લાખ લાખ આંખના પ્રકાશ, હો નાથજી!
તોય મારી આંખમાં શી ઝાંખ જો?
મારે લાખ લાખ સ્નેહના ઉલ્લાસ, હો નાથજી!
તોય વીંઝી કેમ બીડે પાંખ જો?
મારે લાખ લાખ આંખના પ્રકાશ૦ ૧

મારે ઊંડાં ઊંડાં અનંત આકાશ, હો નાથજી!
તોય મને ડારે શી દિગંત જો?
મારે ઊંડી ઊંડી અંતરની આશ, હો નાથજી!
તોય કેમ તૂટે એના તંત જો?
મારે લાખ લાખ આંખના પ્રકાશ૦ ૨

મારે ઊંચા ઊંચા સ્વપ્નના આવાસ, હો નાથજી!
તોય જામે ધરાની શી ધૂળ જો?
મારે રંગ રંગ ભર્યાં મુખે હાસ, હો નાથજી!
તોય શી આ વાગે હૈયે શૂળ જો?
મારે લાખ લાખ આંખના પ્રકાશ૦ ૩

*આ ગરબી નવી રચી છે.

તારે લાખ લાખ ભાનુના ઉજાસ, હો નાથજી!
    તોય તારે આભે શા અંધાર જો?
મારે લાખ લાખ જન્મની મિરાસ, હો નાથજી!
    તોય મારે ભીડવાં શાં દ્વાર જો?
        મારે લાખ લાખ આંખના પ્રકાશ૦ ૪

મારે પદે પદે દિવ્ય તારા પાશ, હો નાથજી!
    તોય વીંઝે આતમ મારો પાંખ જો:
તારે આભે આભે સ્નેહના હુતાશ, હો નાથજી!
    તોય કોણ ઢાંકે મારી આંખ જો?
        મારે લાખ લાખ આંખના પ્રકાશ૦ ૫

કમળતલાવડીનો હંસલો

• પાલવડો મારો મેલો, મોહનજી •

કમળતલાવડીએ ઊભો છે હંસલો,
ચંદનીથી ધોઈ દેવપાંખો રે લોલ;
ભ્રમરગુંજારવે એ ગુંજે તલાવડી,
ખીડી છે હંસલાની આંખો રે લોલ. ૧

ક્યાંની તલાવડી ને ક્યાંનો એ હંસલો,
ક્યાંનાં એ પાણીડાં છલકે રે લોલ?
ક્યાંના ભ્રમર ચકરાવે ગુંજારવે
કમળની કીકીઓમાં મલકે રે લોલ? ૨

આજે છે રસના આ સાગર તલાવડીએ,
રસિયાંની રસનાને લોભે રે લોલ;
કાલે સુકાશે એના રસનાં ઝરણ, ત્યાં
કોણ એ તલાવડીએ થોભે રે લોલ? ૩

સુંદરની સુંદરતા એવી વસુંધરામાં
આવે ને જાય ઘડી મોહી રે લોલ;
બીડી આંખે ન એક જાણે એ હંસલો,
ક્યાં તક રહે સુંદરતા સોહી રે લોલ. ૪

સોહે તલાવડી કે સોહે એ હંસલો,
સોહે સરોજ ભ્રમરચૂમ્યાં રે લોલ;
આભલેથી કાલપડછાયા ઊતરતાં
રહેશે એ કોણ અણઝૂમ્યાં રે લોલ? ૫

કમળતલાવડીએ ઊભો છે હંસલો:
હંસલા! ઉઘાડ તારી આંખો રે લોલ!
અદલ કમળ પર ગુંજે ભ્રમર ભલે:
બીડી શેં તારી દેવપાંખો રે લોલ? ૬

આવરણ

• રાગ ભૈરવી—તાલ ત્રિતાલ ને દીપચંદી •

રાખમાં જળે છે અંગારા, રે ભાઈ!
તારી રાખમાં જળે છે અંગારા;
તિમિરે ઢંકાય જેવા તારા, રે ભાઈ!
તેવા તારા છે પ્રાણના ઝગારા! —(ધ્રુવ)

સંતાઈ ઊંડી ખાણમાંહીં રત્ન કો ચમક્યા કરે,
છિપમાં છુપાઈ સાગરે કો મોતીડું દમક્યા કરે;
અણદીઠ માનવદેહમાં હૈડું સદા ઠમક્યા કરે,
મગજે ભરાઈ રહ્યા વિચારો સ્વપ્ન શા ટમક્યા કરે,
રે ભાઈ! તારું જીવન પળપળ ઝંખતું ઝમક્યા કરે!

આ તે શા ધૂળના ધખારા, રે ભાઈ?
તારી ધૂળે ઢંકાયા મિનારા:
રાખમાં જળે છે અંગારા, રે ભાઈ!
તારી રાખમાં ઝળે છે અંગારા!

મુસાફર

• રાગ માઢ—તાલ દાદરો •

તારું નાવ આ ચાલ્યું જાય :
    મુસાફર! તું શું મહીં ઊંઘાય !
ભલા, તું તો બેઠો છે માંહ્ય :
    મુસાફર ! કેમ અસાવધ થાય ?—(ધ્રુવ)

બંદર બંદર નાવ ફરે ને
    અંદર લે ખૂબ માલ :
લાખેણો લાભ ગણી લઈ લક્ષે
    જાણે થયો બહુ ન્યાલ !
    મુસાફર ! તું શું મહીં ઊંઘાય ? 1

ડુંગર જેવા લોઢ ઊઠે ને
    આવે ચઢી તોફાન ;
નાવ રહે મઝધાર ત્યાં ડોલી,
    સ્થિર નવ રહે સુકાન :
    મુસાફર ! તું શું મહીં ઊંઘાય ? 2

સાગર ચોગમ ઘૂઘવે ને
    ખાય ઝોલાં ખૂબ નાવ ;
શઢ તૂટે, સુકાન છૂટે હો !
    કરશે કોણ બચાવ ?
    મુસાફર ! તું શું હજી ઊંઘાય ? ૩

મોજાં પ્રચંડ પડે તુતકે ને
    ધસતાં બધે જળપૂર :
ઘોર દિશા દિસે ડૂબતી, રહ્યું
    બંદર તો બહુ દૂર !
    મુસાફર ! ઊઠ, કશું દેખાય ? ૪

જાણ્યો અજાણ્યો માલ ભર્યો તે
    ભરદરિયે ઠર્યો ભાર :
વામે વામે તોય શાંતિ ન પામે,
    કેમ ઊતરશે પાર ?
    મુસાફર ! કેમ નહીં સમજાય ? ૫

ઓ રે મુસાફર ! માલ ગયો ને
    નાવ જશે જળ હેઠ ;
સિંધુ કે નાવની ગત નવ જાણી,
    વ્યર્થ કીધી તેં વેઠ !
    મુસાફર ! રુદન કર્યે શું થાય ? ૬

દેવનો મોક્ષ

• રાગ આસા–માઢ–ત્રિતાલ* •

છૂટી રે ગયા હો દેવ છૂટી રે ગયા:
મારું મંદિર તૂટ્યું ને દેવ છૂટી રે ગયા!—(ધ્રુવ)

સોનલ સિંહાસનમાં દેવ બેસાડ્યા રે:
કોણ જાણે એ ક્યારે ઊઠી રે ગયા?
મારું મંદિર તૂટ્યું૰ 1

ફૂલડાં ચઢાવ્યાં મોંઘાં, ધૂપ ધૂપાવ્યાં રે:
દિન દિનનાં અર્ચન મારાં લૂંટી રે ગયા!
મારું મંદિર તૂટ્યું૰ 2

હીરા મોતીએ હુલવ્યા, તોય રહ્યા નહીં રે:
ભવના ભંડાર મારા ખૂટી રે ગયા!
મારું મંદિર તૂટ્યું૰ 3

મારે તમારે વહાલા! અંતરનું સાટું રે:
તનમનના તાર ક્યમ એ તૂટી રે ગયા?
મારું મંદિર તૂટ્યું૰ 4

આવો રે અદલ સ્વામી! અંતરમાં ધારું રે:
સ્નેહ કેરા લેખ શાને ઘૂંટી રે ગયા?
મારું મંદિર તૂટ્યું૰ 5

* "જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું"—એ મીરાંબાઈના ભજનની રાહ.

પ્રભુની પ્રીત

· પદ—રાગ આસાવરી ·

પ્રભુશું પ્રીત નથી કંઈ સહેલ,
એ તો શિરસટ્ટાનો ખેલ !—(ધ્રુવ)

પ્રભુનો પંથ રહ્યો પાવકનો,
    જગત જળે ભર ભડકે ;
રજનીભર અંગારા વરસે,
    દિવસ તપાવે તડકે !
    પ્રભુશું પ્રીત નથી કંઈ સહેલ૦ ૧

અંધારાંના સાગર વીંટે,
    વીંટે વાદળ ઘેરાં ;
વીજ કડાકે ભડકા મારે,
    કંપે આભ અનેરાં :
    પ્રભુશું પ્રીત નથી કંઈ સહેલ૦ ૨

આ તો પ્રીતતણું મંદિર છે,
    રંગભવન નથી કાંઈ,
શિર કાપી ઉંબરમાં મૂકે,
    તેજ પ્રવેશે માંહીં!
    પ્રભુશું પ્રીત નથી કંઈ સહેલ૦ ૩

જપ તપ વ્રત ને પૂજા એ સૌ
    કર્મતણી છે બેડી;
પ્રીતતણો છે પંથ નિરાળો,
    જવું રુધિર નિજ રેડી!
    પ્રભુશું પ્રીત નથી કંઈ સહેલ૦ ૪

દુખના મેઘ મહા વરસે કે
    આભ પડે શિર તૂટી:
સાચા શૂરા નિજ જીવન એ
    પ્રીતરસે રહે ઘૂંટી!
    પ્રભુશું પ્રીત નથી કંઈ સહેલ૦ ૫

કાયા જીતે, માયા જીતે,
    જીતે જીવન શૂરો:
પ્રીતમંદિરે પ્રભુને જીતે
    અદલ વિરલપદ પૂરો!
    પ્રભુશું પ્રીત નથી કંઈ સહેલ૦ ૬

મનબંધન

• રાગ કાફી—ત્રિતાલ* •

મન મારું કેમ વાળું રે?
  હો હરિ! તુંમાં મન મારું કેમ વાળું રે?–(ધ્રુવ)

મન મારું કેમ વાળું? ભમે સદા ભમરાળું;
એ તો ઊંડું ઇંદ્રજાળું રે:
હો હરિ! તુંમાં૦ ૧

અણકહ્યું બધે ઊડે, જઈ પડે રૂડે ભૂંડે;
પ્રીછે નહીં ધોળું કાળું રે:
હો હરિ! તુંમાં૦ ૨

નિત્ય નિત્ય નવરંગી, ઘડી શાણું કે કુઢંગી;
ટેવ એની કેમ ટાળું રે?
હો હરિ! તુંમાં૦ ૩

* "મુખડાની માયા લાગી રે," એ મીરાંબાઈના પદની રાહ.

ઠરે તો એ ઠામ દેખે, જડ્યો જન્મ ન રહે અલેખે;
પાંખો એની કેમ ઢાળું રે?
હો હરિ! તુંમાં૦ ૪

પાણી કેરો પરપોટો, ઊઠે ખીલે ફૂટે ગોટો:
જાણે પાણી છે નિરાળું રે:
હો હરિ! તુંમાં૦ ૫

એને તે હું શું પંપાળું? હરિખીલે બાંધું વહાલું:
અદલ મારું ભક્તિતાળું રે!
હો હરિ! તુંમાં૦ ૬

ઉરની ભરતી

• રાગ આસાવરી—તાલ ત્રિતાલ •

કેમ રમાડું મનમાં, હરિ! તને કેમ રમાડું મનમાં?
ફાંસ પડી જીવનમાં, હરિ! તને કેમ રમાડું મનમાં?—(ધ્રુવ)

માયા માયા રમી રહી છે
તનમનમાં ખૂબ તાને;
એક તસુ પણ દિસે ન ખાલી,
રમવા ઘડી તુજ ગાને!
હરિ! તને કેમ રમાડું મનમાં? ૧

પ્રેમપાત્ર થઈને જે પેઠી,
તે જીવન લઈ બેઠી!
મનમિનારે ચિત્ર ચિતારે,
કેમ ઉતારું હેઠી?
હરિ! તને કેમ રમાડું મનમાં? ૨

મનમાં માયા, માયામાં મન :
    વસમી એજ ઉપાધિ;
શોધી રહું સુખના દેશો, પણ
    દુખખડકે જઉં લાધી!
        હરિ! તને કેમ રમાડું મનમાં? ૩

નામ રૂપની વ્યાખ્યા કરવા
    તું આવ્યો હું રૂપે :
નામ રૂપ સૌ જઈ બંધાયાં
    મનને માયાકૂપે!
        હરિ! તને કેમ રમાડું મનમાં? ૪

ઉરની ભરતી ભવ્ય ચઢાવું,
    તાન ભરું તુજ તનમાં;
માયા હઠતી જાય અદલ ત્યાં
    હરિ હરિ રમી રહે મનમાં!
        હરિ! તને કેમ રમાડું મનમાં? ૫

માયાની લગની

• રાગ ભૈરવી—તાલ દાદરો •

તારા મનને છે માયાની લગની રે,
જીવ! ક્યાં લગી આશ એ જગની?—(ધ્રુવ)

માયા છે માતા ને માયા છે પત્ની, માયાએ સર્જ્યો સંસાર;
અદ્ભુત ભેદ ભર્યો ભવ એવો નાચે એ માયાને તાર:
એ તો માયા મહા મીઠી ઠગની રે:
જીવ! ક્યાં લગી આશ એ જગની?-તારા૦ ૧

પીંછી નથી, નથી રંગ કે પાટી, નથી અંગુલિ કે હાથ:
મેઘધનુષ્ય ઘડી ઝળી ઊડે, એવો છે માયાનો સાથ!
દસે દિશા એ બાંધી લે દૃગની રે:
જીવ! ક્યાં લગી આશ એ જગની?-તારા૦ ૨

અદ્ધર હિંડોળો એ માયાનો ઝૂલે, બેસે સકળ જીવ માંય;
સ્વર્ગ, નરક ને મૃત્યુલોકે ચઢી ચાકે એ ઝોલાં ખાય!
પડે ગમ નહીં સતમારગની રે:
જીવ! ક્યાં લગી આશ એ જગની?-તારા૦ ૩

તારકદીપ શું ઘર અજવાળે? ચાંદાપોળી ભાંગે ભૂખ?
સ્વર્ગંગાજળે મુખ શું ધોવાશે? મળશે શું માયાથી સુખ?
મૃગજળથી બુઝાશે શું અગ્નિ રે:
જીવ! ક્યાં લગી આશ એ જગની?-તારા૦ ૪

નભકુસુમે જઈ ભ્રમર બંધાયો, દહાડે થયો તમભાસ:
આત્મ અનાત્મનો થાય વિવેક ત્યાં છૂટે ત્રિગુણની ફાંસ:
તજી દે ભ્રમણા ડગડગની રે!
જીવ! ક્યાં લગી આશ એ જગની?-તારા૦ ૫

જન્મ ને મૃત્યુની વચ્ચે છે જીવન, સિંધુની ઊર્મિનું ફીણ!
મીણબત્તીમાં અદલ જે જળે તે જ્યોતિ નથી કંઈ મીણ:
માની બેઠો તું જે અતલગની રે,
જીવ! જૂઠી તે માયા છે જગની!-તારા૦ ૬

પડછાયા

• રાગ આસાવરી—તાલ ત્રિતાલ •

મનવા! છોડ બધી તુજ માયા :
એ નહીં વસ્તુ, એ પડછાયા.—(ધ્રુવ)

મંદિર બાંધ્યાં, દેવળ સ્થાપ્યાં,
બ્રાહ્મણ કંઈક જમાડ્યા ;
પેટ ઉપર જ્યાં હાથ ફર્યો ત્યાં
ધર્મ બધા એ રાંડ્યા !
મનવા! છોડ બધી તુજ માયા ! ૧

લાંબી લાંબી મંજલ કાપી,
ધગતા રણમાં મહાલ્યો ;
જીવનની ગાંસડી લઈ પીઠે
ધોબી જેવો ચાલ્યો !
મનવા! છોડ બધી તુજ માયા ! ૨

ધૂપ દીપ મંદિરમાં કીધાં,
    ઘણુણુ વગાડી ઘંટા :
નહીં તુજ દેવે આંખ ઉઘાડી :
    એ સૌ મિથ્યા ટંટા !
    મનવા ! છોડ બધી તુજ માયા ! ૩

પાણીમાં મોજાં પર સરતાં
    બિંબ શશીનાં સળકે :
પાણીમાં શું જોય? ઉપર જો !
    ચંદ્ર ખરો નભ ચળકે !
    મનવા ! છોડ બધી તુજ માયા ! ૪

છોડ બધી તુજ આ ફિલસૂફી,
    ભૂંસી દે ટીલાં ટપલાં !
પળપળ ફરતી છાયા શું રે
    આ શાં અદલ અડપલાં ?
    મનવા ! છોડ બધી તુજ માયા ! ૫

આવતી કાલનાં સ્વપ્નાં

• રાગ ભૈરવી--તાલ દાદરો •

હું તો જીવું કરી કાલ કાલ રે,
નાથ! હું તો જીવું કરી કાલ કાલ:
મારાં સ્વપ્નોનો એ જ એક તાલ રે,
નાથ! હું તો જીવું કરી કાલ કાલ!—(ધ્રુવ)

આજે અંધારાંના ઊભા મિનારા,
ઊભા બેરી દિક્પાળ:
કાલે દિગંતપટ વીંધીને વેરશે
જ્યોતિના સભર જુવાળ રે:
નાથ! હું તો જીવું કરી કાલ કાલ! ૧

આજે છે જગતની જડતાનાં ઝાડવાં,
અણમહોરી ડોલે એની ડાળ:
કાલે વસંતના વાયુ અહીં વાશે ને
ફૂટશે કંઈ ચેતનના ફાલ રે:
નાથ! હું તો જીવું કરી કાલ કાલ! ૨

આજે તો અંતરે આશાના ખોલડા,
ખાલી જોઉં જગતની થાળ:
કાલે તો સિદ્ધિનાં ફૂલડાં ખીલીને
થાળે સુહાશે વરમાળ રે:
નાથ! હું તો જીવું કરી કાલ કાલ! ૩

આજે તો આંસુની માળા હું ફેરવું
જોતો હૈયા કેરી ઝાળ:
કાલે તો હાસ્યનાં મોતી વેરાશે ને
સુધા રેલાશે ઉરપાળ રે:
નાથ! હું તો જીવું કરી કાલ કાલ! ૪

આજે દિશાઓના વાંચી દુ:ખાક્ષરો
આત્માના ઊઠે સવાલ:
કાલે ત્યાં નાથ! તારું ઝળશે સિંહાસન ને
ઊછળશે આનંદ વિશાળ રે:
નાથ! હું તો જીવું કરી કાલ કાલ! ૫

આજે શું ભાગ્યને દોરે બંધાઈને
ખુંદવાં આ તારાં પાતાલ?
કાલના જ સ્વર્ગમાં જીવવું શું માનવે?
નાથ! શું આજમાં ન માલ રે?
નાથ! કહેની કેવી છે તારી તે કાલ? ૬

જગની જોગનિયાં

· રાગ આસાવરી—તાલ ત્રિતાલ ·

જગની જોગનિયાં રે મોરી જગની જોગનિયાં !
તારાં છેલછબીલાં છપ્પન કોટિ ઊડે છોગનિયાં ! (ધ્રુવ)

ભેખ ધરીને બેઠી રાતે, પહેરી કાળી કફની ;
તારકમાળ સરે તુજ હાથે, જાણે રતિ સૌ દફની !
મોરી જગની જોગનિયાં રે૦ ૧

શ્વાસ પડે તુજ બંધ બધા ને તમતમ તમરાં બોલે ;
ભભૂત ભરી તુજ આંખ ગગનમાં કદી ખોલે અદખોલે :
મોરી જગની જોગનિયાં રે૦ ૨

ઊગે પ્રભાત પછી પૂર્વે ત્યાં ભેખ નવા લે અંગે ;
સજી સોળ શણગાર દીપે તું પળપળ નવનવ રંગે :
મોરી જગની જોગનિયાં રે૦ ૩

થનગન એ તુજ નખરાંમાં તું બાંધે નજર બધાંની;
મહેલ બગીચા ઊડે પલકમાં, જાય સરી તું છાની!
મોરી જગની જોગનિયાં રે૦ ૪

સંધ્યાના રંગોમાં તારું તરતું ડૂબતું હૈયું:
માનવ એ તુજ ઘેલાં પૂઠે રહે સદા શું છૈયું?
મોરી જગની જોગનિયાં રે૦ ૫

નહીં તુજ જોગે, નહીં તુજ ભોગે, માગું કો બંધનિયાં;
એક અલિપ્ત અદલ રહું જોતો સૌ તુજ આ ખેલનિયાં!
મોરી જગની જોગનિયાં રે૦ ૬

૩

સાધન

માધુરી

• પાલવડો મારો મેલો, મોહનજી •

કેવી તેં તારી ઉતારી આ માધુરી,
રસની આ રેલ તારી કેવી વહી!
દિશદિશનાં અંતરને ભરતી ઠાલવતી
કેવી આ મહેર તારી વરસી રહી!
કેવી તેં તારી ઉતારી આ માધુરી! ૧

ડોકે ગુલાબનાં ઝૂમખાં ઝુલાવતી
ઠમકે ઉષા તારી નભમાં ઘડી;
મૂકી મેં આંખે તેની પડતી બે પાંદડી—
કોણ જાણે પલકે ક્યાં સરકી પડી!
કેવી તેં તારી ઉતારી આ માધુરી! ૨

પૂઠે સુવર્ણની ચમરી ચમકાવતો
    તારો તે તેજબાલ મહાલી રહ્યો;
ખોબે ખોબે મેં ઝીલી પડતી કનકરજ—
    કોણ જાણે કેમ ખોબો ખાલી રહ્યો!
    કેવી તેં તારી ઉતારી આ માધુરી! ૩

રાતાં સરોજગૂંથ્યાં તોરણ ત્યાં ટાંગતી
    તારી તે સંધ્યા ઘડી ગુંજતી ઊભી;
ઝડપી લીધી એ સૂરધારા મેં અંતરે—
    કોણ જાણે અણદીઠી ક્યાં જઈ ડૂબી!
    કેવી તેં તારી ઉતારી આ માધુરી! ૪

આખર ત્યાં લાખલાખ ટીલી ટમકાવતો
    દીઠો મેં સાળુ તારી રજનીતણો:
હૈયે ચાંપ્યો ત્યાં એનાં ભોંકાયાં તીર હા!
    જોની હે નાથ! કેવા દૂઝે વ્રણો!
    કેવી તેં તારી ઉતારી આ માધુરી! ૫

તારી આ વેદનાની મોંઘેરી ભેટ સૌ
    હૈયે ધારી આ મારું જીવન વહું:
રે રે હો નાથ! એ જ તારી છે માધુરી—
    તારી એ મહેરે સદા રંજિત રહું!
    કેવી તેં તારી ઉતારી આ માધુરી! ૬

વચન

રાગ કાફી—તાલ ત્રિતાલ

વચન તું કેમ ભૂલે રે?
ઓ પ્રભુ! તારું વચન તું કેમ ભૂલે રે?–(ધ્રુવ)

નિયમ તારા તેંજ બાંધ્યા, હતા તેવા મને લાધ્યા;
સત્ય છાયું જીવનમૂળે રે:
ઓ પ્રભુ! તારું વચન તું કેમ ભૂલે રે? ૧

સૂર્યે તેજ ને તાપ રહે છે, ચંદ્રે શીતળ અમૃત વહે છે;
કોટિ સૃષ્ટિ અધર ઝૂલે રે!
ઓ પ્રભુ! તારું વચન તું કેમ ભૂલે રે? ૨

આવ્યો ત્યારે તેં શું કીધું? મુજને તેં અભય દીધું:
હવે શું રગડાઉં ધૂળે રે?
ઓ પ્રભુ! તારું વચન તું કેમ ભૂલે રે? ૩

અબળ માનવ પડે પાછાં, તારાં પદ તો સદા સાચાં
તારાં ડૂલ્યાં વિશ્વ ડૂલે રે!
ઓ પ્રભુ! તારું વચન તું કેમ ભૂલે રે? ૪

અચળ શ્રદ્ધા મેં તો રાખી, જ્યાં ત્યાં તારી દયા ઝાંખી;
ભર્યાં રંગ સુગંધ ફૂલે રે:
ઓ પ્રભુ! તારું વચન તું કેમ ભૂલે રે? ૫

આજે શું તુજ ભક્ત ભાગે? પ્રભુ! તુંને લાજ લાગે!
અદલ એવું માની શું લે રે?
ઓ પ્રભુ! તારું વચન તું કેમ ભૂલે રે? ૬

જીવનઘાટના ઘા

કવ્વાલી—તાલ દાદરો

તારા ઘા પર ઘા મને મારી રહ્યા,
    પ્રભુ ! તોય તે ઝીલું હું પુષ્પ સમા :
મારો જીવનઘાટ ઉતારી રહ્યા,
    પ્રભુ ! કેમ પછી ગણું તે વસમા ?—(ધ્રુવ)

મારી મટ્ટી છુંદાઈ પિસાઈ રહી,
મારી જીંદગી ઝૂકી ઝુમાઈ રહી,
મારી બુદ્ધિ બધી અકળાઈ રહી :
    તોય કેમ ચૂકું મુજ વર્ચસમાં ?—તારા૦ ૧

મારું આભ બધું ઘનઘોર થયું,
નહીં જ્યોતિનું એક કણું ય રહ્યું,
તીણું વીજનું કર્તન જાય દહ્યું :
    પ્રભુ ! નિત્ય બળું તુજ આતસમાં !–તારા૦ ૨

તું જ જાણે એ ઘાટ શો નીકળશે,
નવજ્યોતિ એ મટ્ટીમાં શી ભળશે,
નવપુષ્પ કશું ઊગીને ફળશે :
    પ્રભુ ! હું તો વીંટાયો છું ધુમ્મસમાં !–તારા૰ ૩

રહી કાનસ તારી ચોમેર ફરી,
ઉરલોહનો કાટ જશે ઊતરી,
દેશે એ પછી કંચન શુદ્ધ કરી :
    પ્રભુ ! શ્રદ્ધા ધરું તુજ પારસમાં !—તારા૰ ૪

તનથી તણખા ઊપડે ઊડતા,
મારાં અંતરપુષ્પની કહે ગૂઢતા ;
કૈંક જન્મોની એમ જશે જડતા :
    પ્રભુ ! વીર અદલ રહું સાહસમાં !— ૫

તારા ઘા પર ઘા ધમકારી રહ્યા,
    પ્રભુ ! તોય તે ઝીલું હું પુષ્પ સમા ;
મારો જીવનઘાટ મઠારી રહ્યા :
    પ્રભુ ! લે લે, ઝગાવી દે ઓજસમાં ! ૬

અનુભવ

• રાગ ધનાશ્રી–ત્રિતાલ* •

દુઃખનાં દાઝયાં દિલ તે દાઝે ;
શું સમજે એ હોય સુખિયાં જે ?
દુઃખનાં દાઝયાં દિલ તે દાઝે.—(ધ્રુવ)

તનદુઃખ મનદુઃખ ધનદુઃખ જગમાં
બહુ બહુ જનને બાઝે ;
અંધાનાં કોણ ઉકેલે અંધારાં,
જામ્યાં જીવનભરનાં જે ?
દુઃખનાં દાઝયાં દિલ તે દાઝે. ૧

રામ ને લક્ષ્મણ વનવન રઝળ્યા
સતી સીતાને કાજે ;
બાર બાર વર્ષનાં દુઃખ શું જાણે
ઘરમાં રહી જે વિરાજે ?
દુઃખનાં દાઝયાં દિલ તે દાઝે. ૨

* " રામ બાણ વાગ્યાં હોય તે જાણે, "–એ ધના ભગતના ભજનની રાહ.

ખટ ખટ માસની રાતડી ધ્રૂજે,
ખૂટે ન કોઈ ઈલાજે ;
સાલે નહીં ધ્રુવદેશનાં સંકટ
અન્ય પ્રદેશસમાજે :
દુઃખનાં દાઝ્યાં દિલ તે દાઝે. ૩

તાપતણા તણખા તન ઊઠે,
ઘોર ગગન ઘન ગાજે ;
ભક્તનું અંતર સુણી રહ્યું તે ન
મંદિરઘંટ–અવાજે !
દુઃખનાં દાઝ્યાં દિલ તે દાઝે. ૪

હો પ્રભુ ! તારી તો નેહકટારી
અદલ ઉરે પડી આજે :
ભક્તતણું એ અબોલ વિરહદુઃખ
તું વિણ કોણ રે ભાંજે ?
દુઃખનાં દાઝ્યાં દિલ તે દાઝે. ૫

પ્રાર્થના

• કવ્વાલી–તાલ દાદરો •

મારાં પાપે આ અંતર મેલું થયું,
  તેને સ્વચ્છ કરી લે ઉગારી, પ્રભો!
અધજ્ઞાને આ જીવન ઘેલું થયું,
  તેને સત્ય પ્રભાથી દે તારી, પ્રભો!—(ધ્રુવ)

મને ત્યાગી ગયા સહુ લોક લડી,
મારી આંખ રહી શતધાર રડી,
મને શાંતિ મળી નહીં એક ઘડી:
  તોય તું જ સમીપ છે મારી, પ્રભો!–મારાં૦ ૧

મારા અંતરમાં તું જ બોલી રહ્યો,
તારા સ્પર્શથી ચેતન ખોલી રહ્યો,
તારી આશ હુંમાં તું વિલોલી રહ્યો:
  જેવો તેવો લે તારો સ્વીકારી, પ્રભો!–મારાં૦ ૨

મને બાંધતાં તું જ બંધાઈ ગયો,
મારે અંતર તું સપડાઈ ગયો,
હવે આખર તો ઓળખાઈ ગયો :
મારી મુક્તિ વિના નહીં તારી, પ્રભો!–મારાં૦ ૩

મારી આંખથી મેઘ રહ્યા વરસી,
મારાં વ્યોમ રહ્યાં હવે સ્વચ્છ લસી ;
રહ્યું ના કશું લેવું રડી કે હસી :
હવે તું કે ન હું કો ભિખારી, પ્રભો!— ૪

શુભ જ્ઞાને આ અંતર પુખ્ત થયું,
તેને તારી દયાથી દે તારી, પ્રભો!
તારા જાપથી જીવન મુક્ત થયું,
તેને ધારી તુંમાં લે ઉગારી, પ્રભો! ૫

સોદાગર

• રાગ સારંગ—તાલ ધુમાળી* •

જીવ સોદાગર! કરી લે સોદો પુણ્યતણો સંસારમાં !
મન કેરી તુલા શુદ્ધ ગ્રહી તોળી દે કર્મ વિચારમાં !—(ધ્રુવ)

સંસાર બજારે વસ્તુ ઘણી,
સારી નરસી છે વિવિધ ગણી,
ત્યાં થાય પરીક્ષા બુદ્ધિતણી :
જીવ સોદાગર! ૦ ૧

સહુ ગ્રહ કાજે રવિ આભ તપે,
નિજ અંતરથી જીવન અરપે,
વેરંતો સ્નેહ પ્રકાશ ધપે :
જીવ સોદાગર! ૦ ૨

લાખો સરિતાનો ક્ષાર ગ્રહે,
ઉર પર લાખો ઘનધાર સહે,
પણ સિંધુ પુનિત જળ નિત્ય વહે :
જીવ સોદાગર! ૦ ૩

* "હરિભજન વિના દુખદરિયા સંસારનો પાર ન આવે," —એ રાહ.

સંસારે સ્થિર સુખ કોઈ નથી,
મન વ્યર્થ ભમે સુખ કાજ મથી;
પડી પુણ્યે ઉરસુખની પગથી:
જીવ સોદાગર! ૦ ૪

ઝળહળતું તેજ દિગંત લસે,
પાસે પળતાં દૂર દૂર ખસે,
પણ પુણ્ય સદા કરવેંત વસે:
જીવ સોદાગર! ૦ ૫

ઊંડી ખાણે છે રત્ન ભર્યાં:
ગમશે માટી કે રત્ન નર્યાં?
હાથે તે સાથે અદલ ઠર્યાં:
જીવ સોદાગર! ૦ ૬

લોકદેવની સેવા

રાગ સારંગ—જંગલો—દેશી*

સેવા કરો રે લોકદેવની!
    પ્રભુના ચરણ છે એ જ જી;
ઓળખાય જે અણગણ નામથી,
    ઘટઘટમાં રહ્યો તે જ જી:
    સેવા કરો રે લોકદેવની! ૧

હીરા માણેક ને મોતીડાં,
    પુષ્પ દીપ ને ધૂપ જી;—
પ્રભુપ્રતિમાઓ જે જીવતી,
    સેવો તેનાં સ્વરૂપ જી!
    સેવા કરો રે લોકદેવની! ૨

* "જનની જીવો રે ગોપીચંદની"—એ ભજનની રાહ.

ચેતન ચેતન અંતરે
    ઢાંક્યાં નવનવ પાત્ર જી:
એ રે ઢાંકણુને અજવાળતાં
    મળશે ત્યાં જ્યોતિ માત્ર જી!
    સેવા કરો રે લોકદેવની! ૩

ચેતન કેરાં એ મંદિરો,
    એ સહુ તીર્થનાં ધામ જી;
સૌ તીર્થમાં મોટું માનજો
    એ લોકદેવનું નામ જી!
    સેવા કરો રે લોકદેવની! ૪

આંતરડી ઠારો એ દેવની,
    એ નહીં જડ પાષાણ જી:
ચેતન એનાં રે ઊઘડતાં
    કરશે જન્મ કલ્યાણ જી!
    સેવા કરો રે લોકદેવની! ૫

તેત્રીશ કોટિ સૌ દેવ એ,
    સ્થાવર જંગમ સર્વ જી:
એને રે દ્વારે ઉજવાય નિત
    ચૌદે ભુવનનાં પર્વ જી!
    સેવા કરો રે લોકદેવની! ૬

એક આપીને સો પામશો,
સો દઈ લેશો રે લાખ જી :
એ રે સેવાના સંતોષમાં
જડશે સ્વર્ગોની ઝાંખ જી !
સેવા કરો રે લોકદેવની ! ૭

એ રે સેવાની સુધાથકી
ખીલે પુણ્યના મહોર જી :
અલખ નિરંજન એ પદે
અદલ આનંદ છે ઓર જી !
સેવા કરો રે લોકદેવની ! ૮

પરમાર્થ

• રાગ સારંગ—તાલ દાદરો* •

સંત જીવે રે સંત જીવે જીવન જગત કાજ આપ :
સ્નેહધારા રે સ્નેહધારા એની વરસી રહે અમાપ.–(ધ્રુવ)

સૂર્ય તારલાનાં તેજ, વહે વ્યોમે સદા સહેજ,
એની જ્યોતના અંબાર, વીંધે આભના અંધાર ;
ઊંડા હૃદયથી અનંત, સ્નેહ દસદિશે દ્રવંત :
જીવન દીપે રે જીવન દીપે આપ્યાં તેજને પ્રતાપ !
સંત જીવે રે સંત જીવે જીવન જગત કાજ આપ. ૧

ઘેરી લેતો આભ જેહ, પરાક્રમી એવો મેહ,
તેને સ્વાર્થનું ન ભાન, આપે આપનું જ દાન ;
બધું આપી ખાલી થાય, ભરી પૃથ્વી ત્યાં પોષાય :
મેઘરાજા રે મેઘરાજા ટાળે સર્વેના સંતાપ :
સંત જીવે રે સંત જીવે જીવન જગત કાજ આપ. ૨

ઊગે તરુવરો ઉદાર, આપે પ્રાણીને આહાર ;
પત્ર પુષ્પ ફળ ને દેહ, આપી દે બધું જ તેહ ;
ઊગે મટ્ટીમાંય તોય, એનું દાન પરમ હોય :
નહીં બોલે રે નહીં બોલે એને કાય પડે કાપ !
સંત જીવે રે સંત જીવે જીવન જગત કાજ આપ. ૩

* "વીજ ચમકે રે વીજ ચમકે મીઠા મેહુલાની માંહ્ય."—એ રાહ.

વહે સરિતાનાં નીર, પીએ ફકીર કે અમીર ;
પશુ પ્રાણી પંખી જાય, સર્વની તૃષા છિપાય ;
ભલે બિંદુ રહે ન એક, થાય કાય શુષ્ક છેક :
આપું આપું રે આપું આપું એવો સતત જપે જાપ!
સંત જીવે રે સંત જીવે જીવન જગત કાજ આપ. ૪

કાપે ઘસે બાળે તોય, નહીં નિજ સુવાસ ખોય ;
અણુઅણુએ રહી સુગંધ, તે ન કરી શકાય બંધ ;
એવી ચંદન કેરી રીત, એવી નેકી છે અજીત :
હૈયે હૈયે રે હૈયે હૈયે એની રહે અમર છાપ:
સંત જીવે રે સંત જીવે જીવન જગત કાજ આપ. ૫

હોય પહાડ જેવાં શીર, તોય નીચનું ખમીર ;
હોય સિંધુશા વિશાળ, તોય હૃદયના કંગાલ ;
હોય વિદ્યા કેરી ખાણ, તોય અંતરે મશાણ :
જીવે સ્વાર્થે રે જીવે સ્વાર્થે એવા સૃષ્ટિ કેરા શાપ!
સંત જીવે રે સંત જીવે જીવન જગત કાજ આપ. ૬

જેણે સાધ્યો પરમાર્થ, તેનું જીવ્યું થયું સાર્થ ;
જીવી જાણ્યું અન્ય કાજ, તેને મળ્યું આત્મરાજ્ય ;
આપી જાણે જે હુસંત, તે જ અદલ સત્ય સંત :
શ્વાસે શ્વાસે રે શ્વાસે શ્વાસે જીવનદાનનો પ્રલાપ !
સંત જીવે રે સંત જીવે જીવન જગત કાજ આપ. ૭

કર્મચરિત્ર

• રાગ આસાવરી—તાલ ત્રિતાલ •

બાબા ! છોડ કર્મની છાયા ! કર્મે સહુ રંગાયા !—(ધ્રુવ)

કર્મે પાપી, કર્મે ધર્મી,
કર્મે રંક ને રાયા ;
કર્મ જ સહુને નાચ નચાવે,
કર્મે સહુ બંધાયા :
બાબા ! છોડ કર્મની છાયા ! ૧

કર્મે જડ ચેતનની લીલા,
પળપળ નવનવ માયા ;
કર્મ સકળ સુખદુખ પ્રકટાવે,
ભોગી રોગી કાયા :
બાબા ! છોડ કર્મની છાયા ! ૨

કર્મે દાની, માની, જ્ઞાની,
    કર્મે નીચ ગણાયા ;
કર્મે લાખી, કર્મે ખાખી,
    કર્મે મૂરખ ડાહ્યા :
    બાબા ! છોડ કર્મની છાયા ! ૩

કર્મે તપ તીરથ ને પૂજા,
    કર્મે ત્રિભુવનપાયા ;
કર્મ જ જન્મતણું છે કારણ,
    કર્મે સહુને વાહ્યા !
    બાબા ! છોડ કર્મની છાયા ! ૪

કર્મસૂતરના દોરા વણી વણી
    આપ જ મહીં ગૂંથાયા ;
માયાનો શણગાર સજાવી
    મંદિરદેવ સ્થપાયા !
    બાબા ! છોડ કર્મની છાયા ! ૫

કર્મ કાળરૂપ સહુને બાઝે,
    એમાં સહુ અટવાયા ;
કર્મ છૂટ્યે જન્માંતર છૂટે :
    અદલ ન રહો અથડાયા !
    બાબા ! છોડ કર્મની છાયા ! ૬

કર્મનાં પ્રતિબિંબ

• રાગ કલ્યાણ—તાલ દાદરો •

બાપુ! ન તારાથી કર્મ કો ન્યારાં,
એ તો છે સૌ પ્રતિબિંબ જ તારાં!— (ધ્રુવ

દુનિયા બધી દોડી દોડી જો તું,
દર્પણ ભવનું છે એ જ મ્હોતું;
કર્મ દિસે મહીં નરસાં ને સારાં:
બાપુ! ન તારાથી કર્મ કો ન્યારાં! ૧

જેવો ઘડાયો તું કર્મ તારે,
તેવો તને ત્યાં અચૂક ઉતારે;
તેજનાં તેજ, અંધારે અંધારાં:
બાપુ! ન તારાથી કર્મ કો ન્યારાં! ૨

વાંકું કદી ન દેખાય સીધું,
સારું ન ખેંચી લેવાય લીધું;
ઘા અને શબ્દનાં એક સહિયારાં:
બાપુ! ન તારાથી કર્મ કો ન્યારાં! ૩

સુખદુખ શોક ને મોહ જે જે,
જેનાં તેનાં મળે આવી તે તે;
કર્મશું થઈ ન શકે કો ઠગારાં!
બાપુ! ન તારાથી કર્મ કો ન્યારાં! ૪

વસ્તુથી છાયા ન થાય છૂટી,
કર્મફળો ન શકાય ઝૂંટી;
સુખ ન મળે દીધે લાખ હજારાં!
બાપુ! ન તારાથી કર્મ કો ન્યારાં! ૫

રૂપ બને નિજ, જ્યોતિ જેવું,
પડશે પછી પ્રતિબિંબ તેવું:
એક છે મર્મ ને શાસ્ત્ર અપારાં!
બાપુ! કર જ્યોતિથી કર્મ એ ન્યારાં! ૬

પૂર્ણ જીવનની સુંદરતા

• રાગ કેદાર—તાલ ત્રિતાલ* •

રે મન! કાં રહે એકલરંગી?—
કાં રહે એકલરંગી,
રે મન! કાં રહે એકલરંગી?
હું—તું કશું યે જીવનમાં નથી,
એક જ વિશ્વ અભંગી!
રે મન! કાં રહે એકલરંગી?— (ધ્રુવ)

એક અમિત અવકાશે ગબડે
ગોળ જગતના જંગી;
એક ભ્રમણગાને નિયમે રહે:
તું કાં ભિન્નતરંગી?
રે મન! કાં રહે એકલરંગી? ૧

* "મો સમ કૌન કુટિલ ખલ કામી!"—એ રાહ.

ડાંખલી તોડે, પાન મરોડે,
    ફૂલ ચૂંટે બહુરંગી;
આજ ઊગે ને કાલ ખરે એ,
    પછી એ સૌની તંગી:
    રે મન! કાં રહે એકલરંગી? ૨

ભરવૃક્ષે જ રહે સુંદરતા,
    કર તેને તુજ સંગી;
ફૂલ, પાન ને ડાંખલી તો છે
    એ જ વૃક્ષનાં અંગી!
    રે મન! કાં રહે એકલરંગી? ૩

નહીં બિંદુમાં સિંધુ ઊછળતો,
    સંધ્યામાં ન પતંગી;
પૂર્ણ જીવનની સુંદરતા રહે
    એક દિશા ન કઢંગી:
    રે મન! કાં રહે એકલરંગી? ૪

મનબંધન સૌ એકલરંગે,
    તેનો થા ન ઉમંગી:
પૂર્ણ જીવનરંગે જા ડૂબી
    હું—તું સૌ ઓળંગી!
    રે મન! કાં રહે એકલરંગી? ૫

યોગ

• રાગ માઢ—તાલ દાદરો •

તારો યોગ ક્યાં સાધું, નાથ હો !
તેં તે છોડ્યો ક્યારે સંગાથ ?—(ધ્રુવ)

અંતરમાં તુજ થાય ટકોરા ને
ચાલે ચેતન તુજ બહાર ;
પળપળ તારો શ્વાસ ભરું, તું
દૂર રહ્યો ક્યાં લગાર રે ?
તેં તે છોડ્યો ક્યારે સંગાથ ?—તારો૦ ૧

ક્ષણક્ષણ શિરમાં સણકા ફૂટે ને
આંખે વહે તુજ વહેણ :
તારાં જ ગાન ગવાડ્યાં હું ગાઉં,
તારાં જ કહું રસકહેણ રે :
તેં તે છોડ્યો ક્યારે સંગાથ ?—તારો૦ ૨

અંતર પુણ્યની મેખ જડે ત્યાં
　　લાગે ખીલા મુજ દેહ :
નેણુનાં નેવ ઝરે શતધારે હો,
　　નાથ ! શા તુજ અમીમેહ રે !
　　તેં તે છોડ્યો ક્યારે સંગાથ ?—તારો૦ ૩

ભરભર કુંભ ભર્યો છલકાય આ,
　　માય નહીં વધુ નીર ;
ભીતર નખશિખ તું જ ભર્યો, પછી
　　સાધું કયે બીજે તીર રે ?
　　તેં તે છોડ્યો ક્યારે સંગાથ ?—તારો૦ ૪

અગ્નિમાં ભળતાં વાયુ મળે ને
　　વાયુમાં ભળતાં આકાશ :
નાથ ! હું તો તુજ કોટે રમું, ત્યાં
　　યોગ ને ભોગ સૌ પાશ રે !
　　તેં તે છોડ્યો ક્યારે સંગાથ ?—તારો૦ ૫

સ્નેહસાયુજ્ય હું પામિયો, ત્યાં
　　સાધું અવર શા યોગ ?
નાથ ! આ દેહમાં ડંખ પડે, તે તો
　　કીટ ભમરીના જોગ રે !
　　તેં તે છોડ્યો ક્યારે સંગાથ ?—તારો૦ ૬

એક જ તારી ઓથ

• રાગ ઠુમરી—તાલ ત્રિતાલ* •

નાથ! મને એક જ તારી ઓથ!
    તું જ જીવનની જ્યોત:
નાથ! મને એક જ તારી ઓથ!—(ધ્રુવ)

સંધી દુનિયા લાગે અંધી,
    અંધ દિસે આકાશ:
એક કિરણ વિણ અંધ બધું રહે,
    એક ઊગે નહીં આશ:
    નાથ! મને એક જ તારી ઓથ! ૧

પૃથ્વી ખાલી, સાગર ખાલી,
    ખાલી સર્જનખેલ;
ચેતન વિણ કો જડ નવ જાગે,
    ખાલી રહે દિલમહેલ!
    નાથ! મને એક જ તારી ઓથ! ૨

* "પ્રુથ બિન રહી અકેલી મોરી જાન," એ રાહ.

બખ્તર પહેરું, શસ્ત્રશું લહેરું,
  બાંધું કિલ્લા કોટ:
એક ફૂંકે એ સર્વ તૂટે ત્યાં
  કોણ પૂરે મુજ ખોટ?
  નાથ! મને એક જ તારી ઓથ! ૩

સાગર તરવા નૌકા બેઠો,
  નૌકા તૂટી જાય:
નાથ નામનો મળે તરાપો,
  તો જળ પાર તરાય!
  નાથ! મને એક જ તારી ઓથ! ૪

દેવ ફિરસ્તાને શું પૂજું?
  એ સૌ તુજ મહોતાજ:
નાથ! મને તુજ ઓથ મળી ત્યાં
  ચૌદ ભુવનનું રાજ!
  નાથ! મને એક જ તારી ઓથ! ૫

૪

પ્રકાશ

ઊડવાં આઘાં આઘાં રે

• આશાભર્યાં તે અમે આવિયાં •

આઘાં આઘાં તે ઊડે આભલાં,
ને આઘાં આઘાં ઘૂમે આકાશ રે:
ઊડવાં આઘાં આઘાં રે!
આઘી ઊડે ઝીણી આંખડી,
ને આઘી આઘી અંતરની આશ રે!
ઊડવાં આઘાં આઘાં રે. ૧

આઘા આઘા હૂલે તારલા,
ને આઘાં ઝૂલે નક્ષત્રનાં ઝુંડ રે:
ઊડવાં આઘાં આઘાં રે;
હૈયાની રાખ ઊડે ચોગમે,
તેમાં પડવાં શાં કર્મને કુંડ રે!
ઊડવાં આઘાં આઘાં રે. ૨

આઘા સૂરજ, આઘા ચંદ્રમા,
ને આઘા સંધ્યા ઉષાના રંગ રે :
ઊડવાં આઘાં આઘાં રે;
સોને મઢ્યાં મોંઘાં સોણલાં,
પણ પડ્યાં છે ભાગ્ય તો અપંગ રે !
ઊડવાં આઘાં આઘાં રે. ૩

આઘા આઘા ઊડે મેહુલા,
ને કંઈ આઘી આઘી ઊડે વીજ રે :
ઊડવાં આઘાં આઘાં રે ;
પડતાં ખડતાં દિલ ડોલતાં,
ક્યાંથી આવે તે પ્રાણને પતીજ રે ?
ઊડવાં આઘાં આઘાં રે. ૪

આઘાં વિહંગ ઊડે વ્યોમમાં,
ને આઘી આઘી સરે ત્યાં દિગંત રે :
ઊડવાં આઘાં આઘાં રે ;
સુખના પતંગ દૂર ઊડતા,
એના આવે ક્યાં હાથમાં તંત રે ?
ઊડવાં આઘાં આઘાં રે. ૫

આઘા તે ગિરિવર ગઢ દિસે,
ને આઘા આઘા દિશાના દોર રે :
ઊડવાં આઘાં આઘાં રે ;
ફૂટે જ્યાં પાંખ જરી આત્મને,
ત્યાં તો તૂટે કૈં કાળજાની કોર રે !
ઊડવાં આઘાં આઘાં રે. ૬

આઘા ફિરસ્તા ને દેવતા,
ને આઘા આઘા પ્રભુજીના મહોલ રે :
ઊડવાં આઘાં આઘાં રે;
પડ્યો જે પ્રાણ દેહપિંજરે,
તેનો આઘે સુણે કોણ બોલ રે ?
ઊડવાં આઘાં આઘાં રે. ૭

આઘા આવાસ આશાતણા,
ને આઘાં આઘાં છે પ્રાણનાં પ્રયાણ રે :
ઊડવાં આઘાં આઘાં રે ;
આઘેરો આત્મ ઉડાવતાં,
વહાલાં ! લાધશે સ્નેહ કલ્યાણ રે !
ઊડવાં આઘાં આઘાં રે. ૮

અનિર્વાચ્ય પરમતત્ત્વ

• રાગ કેદાર–તાલ ત્રિતાલ* •

રે પ્રભુ ! કેમ તને બતલાવું ?
કેમ તને બતલાવું ?
રે પ્રભુ ! કેમ તને બતલાવું ?
લોક પૂછે પ્રભુ કેવો છે તે
કેમ કરી સમજાવું ?
રે પ્રભુ ! કેમ તને બતલાવું ?—(ધ્રુવ)

અગમ, અરૂપ, અગોચર, અનહદ :
શા અંકે અંકાવું ?
એક અકળ અંતરનો વાસી
ક્યમ શબ્દે ઉતરાવું ?
રે પ્રભુ ! કેમ તને બતલાવું ? ૧

* " મો સમ કૌન કુટિલ ખલ કામી, " એ રાહ.

વેદ પુરાણ કુરાન અવસ્તા
શીખવે તે હું શિખાવું;
પણ અક્ષર જ નથી તેને ક્યાં
કાનો માત્રા લગાવું?
રે પ્રભુ! કેમ તને બતલાવું? ૨

સૌ ઈંદ્રિયથી પર છે તેને
ક્યમ અનુભોધે લાવું?
અલખ અકથ એવો ઉર આણું,
પણ કઈ વાણ વસાવું?
રે પ્રભુ! કેમ તને બતલાવું? ૩

સ્વપ્ન ન જોયું તે ક્યમ જાણે
સ્વપ્ન ઊગે છે આ'વું?
અજન્મ ને અવિગત એવાને
શું કલ્પી કલ્પાવું?
રે પ્રભુ! કેમ તને બતલાવું? ૪

ખાટું, ખારું, તીખું, મોળું,
મધુરું, કડવું ગણાવું:
પણ જે સ્વાદ ન જાણ્યો જીભે,
તે કઈ રીત રસાવું?
રે પ્રભુ! કેમ તને બતલાવું? ૫

નિર્ગુણના શા ગુણ હું ગાઉં?
    કઈ ભાષા ઉપજાવું?
એ અમી તો ચાખ્યે જ જણાતું:
    અદલ હું ક્યમ દર્શાવું?
    રે પ્રભુ! કેમ તને બતલાવું? ૬

લોક પૂછે પ્રભુ કેવો છે તે
    કેમ કરી સમજાવું?
    રે પ્રભુ! કેમ તને બતલાવું?

અગમની ઓળખ

• રાગ આસાવરી—તાલ ત્રિતાલ •

સંતો ! કોણ અગમ સમજાવે,
મનમાં ગાંઠ પડી છોડાવે ?—(ધ્રુવ)

નહીં નામ કે ઠામ દિસે કો,
    નહીં દીઠો, નહીં જાણ્યો ;
નહીં કલ્પનામાં કલ્પાયો :
    કેમ ઉરે રહે આણ્યો ?
    સંતો ! કોણ અગમ સમજાવે ? ૧

સ્પષ્ટ નિરખતાં છે પણ નહીં ને
    છે તે નથી કહેવાતો ;
ક્યાં અંગુલિ ચીંધી દાખવવો ?
    નહીં કો રૂપ સમાતો :
    સંતો ! કોણ અગમ સમજાવે ? ૨

અંધાએ ઉરસ્વમ દીઠું કો,
    મૂંગે સાકર ખાધી;
બધિરે નવસંગીત સુણ્યું હો:
    સહુની એ જ ઉપાધિ!
    સંતો! કોણ અગમ સમજાવે? ૩

નહીં તારાગણ, નહીં રવિ ચંદા,
    નહીં જળ થળ કો બોલે;
લાખ નામ દઈ જન પૂજે, પણ
    પૂજ્ય ભેદ નહીં ખોલે!
    સંતો! કોણ અગમ સમજાવે? ૪

ચેતન ચેતન અંતર ઝબકે,
    બહાર રહી છે માટી:
અક્ષર ઓળખનાર ઉચ્ચારે,
    નહીં બોલી દે પાટી!
    સંતો! કોણ અગમ સમજાવે? ૫

નિરાકાર સાકાર કહે કે
    ઓળખાવે ઓંકારે;
સૌથી ન્યારો અલલ રહ્યો તે
    કો વિરલા ઉર ધારે!
    સંતો! કોણ અગમ સમજાવે? ૬

માલિકને દરબાર

રાગ આસાવરી—તાલ ત્રિતાલ

ારા માલિકને દરબાર રે કો લઈ જાઓ રે સંત !
ેના ઉરમંદિર મોઝાર રે કો લઈ જાઓ રે સંત !–(ધ્રુવ)

સોળ કીધા શણુગાર શરીરે,
લાખ કીધાં કંઈ લટકાં;
દસદિશ તાકી જોઉં બધે પણ
ક્યાં માલિકનાં મટકાં?
ારી આંખ વહે ચોધાર રે, કો લઈ જાઓ રે સંત!
ારા સાહેબને દરબાર રે કો લઈ જાઓ રે સંત! ૧

તીરથ તીરથ સ્નાન કીધાં મેં,
કીધી દર્શનયાત્રા;
વજ્ર સમાં વ્રત લીધાં તોપણ
મળી ન એકે માત્રા :
મને સૂઝે નવ કો સાર રે, કો લઈ જાઓ રે સંત!
મારા નાથતણે દરબાર રે કો લઈ જાઓ રે સંત! ૨

જોતાં જોતાં આંખ મીંચાઈ,
સુણતાં ખોયા કર્ણો:
જ્ઞાન ચઢી મુજ ખભાં દબાવે,
કેમ ચલાવું ચરણો?
મારા તૂટે તનના તાર રે, કો લઈ જાઓ રે સંત!
મારા પ્રીતમને દરબાર રે કો લઈ જાઓ રે સંત! ૩

"ફેંકી દે શણગાર તીરથ સૌ,
ભાર ભર્યા તુજ દેહે:
એ વાદળ વચમાં શાં વસમાં?
આવ સરળ તુજ સ્નેહે!"—
મારા છૂટ્યા એ સૌ ભાર રે, હવે લઈ જાઓ રે સંત!
મારા માલિકને દરબાર રે મને લઈ જાઓ રે સંત! ૪

સ્વયંપ્રકાશ

• રાગ ભૈરવી—તાલ દાદરો •

તારાં અંધારાં આ તે કેવાં રે?
જીવ! દોહ્યલાં તારાં દેવાં!—તારાં૦ (ધ્રુવ)

અંધારાં આગળ, અંધારાં પાછળ, અંધારાં અંદર બહાર:
કોણ ત્યાં દીપ ધરે તુજ પાસે? કોણ ઉતારે પાર?
બહુ જીવન વસમાં વહેવાં રે:
જીવ! દોહ્યલાં તારાં દેવાં!—તારાં૦ ૧

કંઈ કંઈ યુગનો તું ખંડપ્રવાસી, કંઈ કંઈ તારી આશ:
કહીં અથડાતો, કહીં રસ લહાતો: શોધે હજી ક્યાં પ્રકાશ?
તારાં અંતર વેવલાં એવાં રે:
જીવ! દોહ્યલાં તારાં દેવાં!—તારાં૦ ૨

જન્મે જન્મે તું નવનવ દેહે, રાજે બની નવરાજ;
તારી એ હોડીનો તું જ સુકાની: એ સાગર, એ જહાજ:
રણે એકલશૂરનાં જેવાં રે,
જીવ! દોહ્યલાં તારાં દેવાં!—તારાં૦ ૩

ઊંઘતાં આંખમાં ઊતરે અંધારાં, સ્વપ્ને ઊગે તોય તેજ;
આત્માની એકલતામાં યે એવાં કિરણ ફૂટે શ્રમ સહેજ,
વૃક્ષે ફૂલ ઊગે નિજ તેવાં રે:
જીવ! દોહ્યલાં તારાં દેવાં!—તારાં૦ ૪

ઊંડા અંધારભર્યા અવકાશે, પડ્યા તારાના પંથ:
આપપ્રકાશે જ વીંધી અંધારાં, ઘૂમી રહ્યા નભસંત!
એને કોનાં તે ધારણ લેવાં રે?
જીવ! દોહ્યલાં તારાં દેવાં!—તારાં૦ ૫

આંખ ઉઘાડી ત્યાં દીપ ઝળકશે, તારો ન ભોમિયો અન્ય:
નાથનું નામ દઈ પડ આગળ, અદલ જીવન કર ધન્ય!
છોને પળપળ અંધારાં સહેવાં રે!
જીવ! તોય છે તુજ તેજ કેવાં!—તારાં૦ ૬

કલ્યાણ

· ભદ્રિકા છંદ* ·

૧

શું સામે આવે અંધારાં?
　　પ્રભુ બેઠા છે માથે!
શું હૃદયેથી સર્યાં સવારાં?
　　પ્રભુ બેઠા છે માથે!
રાત જશે કાળીમાં કાળી,
ઉષા હૃદય દેશે અજવાળી;
કર્મ કરો ચિંતા સૌ ટાળી!
　　કલ્યાણ! 　　કલ્યાણ!
　　　　કલ્યા.........ણ!

* આ છંદ નવો રચ્યો છે.

૨

શું સૂઝે નવ પંથ અગાડી?
 પ્રભુ બેઠા છે માથે!
શું થાક્યા પગ હાથ પછાડી?
 પ્રભુ બેઠા છે માથે!
પંથ પ્રકાશ પ્રગટશે અંતે,
લાંબા પંથ કપાશે ખંતે:
રાખો દૃષ્ટિ અચૂક દિગંતે!
 કલ્યાણ! કલ્યાણ!
 કલ્યા.........ણ!

૩

શું ભવભાર ન જાય ઉપડિયો?
 પ્રભુ બેઠા છે માથે!
શું કો સાથી મિત્ર ન જડિયો?
 પ્રભુ બેઠા છે માથે!
ભાર ભલે બહુ વાર દબાવે,
દેહ નહીં પણ સ્નેહ ઉઠાવે;
પ્રભુની અંગુલિ સૌ ઉપડાવે:
 કલ્યાણ! કલ્યાણ!
 કલ્યા.........ણ!

૪

શું આશાની પાંખ કપાઈ ?
 પ્રભુ બેઠા છે માથે !
શું કાયર મન રહે મુંઝવાઈ ?
 પ્રભુ બેઠા છે માથે !
આશ પડે શ્રદ્ધા રણ રાખે ;
વીર વિજય પામે ડર પાખે ;
પ્રભુ રાખે તો કોઈ ન ચાખે :
 કલ્યાણ ! કલ્યાણ !
 કલ્યા.........ણ !

૫

શું તમ આત્મસરોવર ફૂટ્યું ?
 પ્રભુ બેઠા છે માથે !
શું તમ અંતરબળ છે ખૂટ્યું ?
 પ્રભુ બેઠા છે માથે !
પ્રભુના પ્રેમળ મેઘ ઊતરશે,
સૂકાં સરવર પલકે ભરશે ;
અંતર અદલ નિરંતર ઠરશે :
 કલ્યાણ ! કલ્યાણ !
 કલ્યા.........ણ !

૬

શું કરશે માનવની મરજી?
　　પ્રભુ બેઠા છે માથે!
શું બનશો માનવના ગરજી?
　　પ્રભુ બેઠા છે માથે!
પ્રભુને ઉરસિંહાસન થાપો!
સુખદુખ છે પ્રભુના આલાપો :
જે આપો તે, પ્રભુજી! આપો!
　　કલ્યાણ! 　　કલ્યાણ!
　　　　કલ્યા.........ણ!

નવપ્રકાશ

• રાગ માઢ—તાલ હીંચ* •

જરી આવી આવીને કંઈ જાય રે :
એ તો હશે ક્યાંના એવા ઝળકાર ?
મારું અંતર અંજાય ને મુંઝાય રે :
એ તો હશે ક્યાંના એવા ઝળકાર ?—(ધ્રુવ)

ઊંડાં આકાશ રહે દિશદિશ ઘેરાઈ, ને
ઊતરે ઊંડા અંધાર ;
ક્યાંથી ને કોણ એનાં પટને વીંધે આ ?
ઝબકીને જોઉં પળવાર રે !
એ તો હશે ક્યાંના એવા ઝળકાર ?—જરી૦ ૧

રાતે હું સૂતો ને દિનભર યે સૂતો,
ઊઘડ્યાં ન સાચાં દિદાર :
ઘેરાં ઘસાઈ થન વેદન પોકારે,
ઊડે ત્યાં વીજચમકાર રે !
એ તો હશે ક્યાંના એવા ઝળકાર ?—જરી૦ ૨

* " મન માયાના કરનારા રે "—એ ગીતના લયમાં.

જૂઠા સંસારની વેઠી હુલામણુ ને
    જૂઠા વહ્યા તન ભાર :
આજે પડળ શું એ ઊતર્યાં આંખનાં?
    પલક્યું શું કાંઈ પેલી પાર રે?
    એ તો હશે ક્યાંના એવા ઝબકાર?–જરી૦ ૩

એ રે ઝબકારની પાંખો પકડવા
    લાવો કો સ્નેહનો તાર!
પલકી જરાક ફરી ઊડી ન જાય એવો
    બાંધું એ અંતરને બાર રે!
    જશે પછી ક્યાં એ ઊડી ઝબકાર?–જરી૦ ૪

અમૃતપાત્ર

• રાગ જિલ્લા—ઝિંઝોટી—ત્રિતાલ* •

પ્રાણ ! હવે તું છોડ અંધારી,
તારી છે રંગત ન્યારી રે !
જોની, તારી છે રંગત ન્યારી રે !—(ધ્રુવ)

દુઃખ પ્રપંચ ભરી દુનિયાથી
કેમ જતો તું હારી રે ?
લાખવસા છે પુણ્યભરી આ
જીવનયાત્રા તારી રે !
પ્રાણ ! હવે તું૦ ૧

પ્રભુમંદિર છે તુજ અંતર આ,
તેની પાંચ જ બારી રે :
શબ્દ સ્પર્શ રૂપ ગંધ ને રસથી
ભવની બધી બલિહારી રે.
પ્રાણ ! હવે તું૦ ૨

* " પિયાકે ચિત્ર બિન પ્રીતમ પ્યારે,"—એ રાહ.

પંચામૃત એમાંથી ઝરતું
લે તું અંતર ધારી રે!
પ્રભુચરણમાં શું મૂકશે, જવ
આવે તેની સ્વારી રે?
પ્રાણ! હવે તું૦ ૩

નથી પાપફળરૂપ જીવન આ,
કે નથી પુષ્પપથારી રે:
પણ પ્રભુચરણે પુણ્યામૃત તુજ
મૂકવાની તૈયારી રે!
પ્રાણ! હવે તું૦ ૪

બારી બહાર બધી બેજારી,
ભીતર ફૂલની ક્યારી રે:
સૌ તીર્થે નારાયણ નિરખી,
સ્થિર કર મન સંચારી રે!
પ્રાણ! હવે તું૦ ૫

રે રે પ્રાણ! પ્રમાદ તજી દે!
આવે પળ અણધારી રે:
તુજ અમીપાત્ર અદલ છલકે, ત્યાં
પ્રભુ લેશે સ્વીકારી રે!
પ્રાણ! હવે તું૦ ૬

દ્વિરંગી જ્યોત

• રાગ માઢ—તાલ ગઝલ—પશ્તો •

ઝૂરી ઝૂરી જળે ને ધગધગે
    જગે જીવનની રસજ્યોત:
જળે જળે છતાં લળી ઝગઝગે,
    એવી જીવનની અમીજ્યોત!—(ધ્રુવ)

સોનલ કોડિયે અમૃત ભરિયાં,
    કિરણવણી મહીં વાટ;
વેદનઝાળથી તે સળગાવી,
    જળતી ઝગે જગપાટ રે!
    એવી જીવનની અમીજ્યોત. ૧

અંદર અમૃતરસ ભર છલકે,
    ઉપર વેદનઝાળ:
અમૃતપાન કરે તે જળે હો,
    સંતોનો પંથ કરાળ રે!
    એવી જીવનની અમીજ્યોત. ૨

અંધારે ઊગશે તારલા ને
    કાંટે ફોરશે ફૂલ;
જળવું જગતને બારણે ને
    ઝબકી લઈ થવું ગૂલ રે!
    એવી જીવનની અમીજ્યોત. 3

દારુણ વેદના હો એ ભલે, પણ
    અંતરબળ દે એ જ:
વાદળવહન વિના નહીં વૃષ્ટિ ને
    અગ્નિ વિના નહીં તેજ રે!
    એવી જીવનની અમીજ્યોત. ૪

ક્યાં લગી જળતું આ જીવન જાશે,
    ક્યાં છે એ પ્રશ્નનું કામ?
જ્વલન જશે તો એ જ્યોતે બુઝાશે:
    ક્યાં રહેશે જીવન નામ રે?
    એવી જીવનની અમીજ્યોત. ૫

જીવનજોગી હો! દિલડું જળાવતો
    અમૃત પીજે એ એમ!
જ્યોતિફુવારા એ ઊડશે ને કરશે
    સહુનું કલ્યાણ ને ક્ષેમ રે!
    એવી જીવનની અમીજ્યોત! ૬

અજવાળિયાં

• ૫૬* •

સંતો! અણદીઠાં દીઠાં આજ રે,
પેખી સ્વર્ગ ને પૃથ્વીની પાજ રે:
સંતો! આંખે ઊગ્યાં અજવાળિયાં એ જી!–(ધ્રુવ)

પાંપણ કેરી ધારથી રે
ઊંડો વરસી રહ્યો'તો અંધાર:
એક કિરણ પેઠું પોપચે
ને ત્યાં ચમકી રહ્યો ચમત્કાર રે!
સંતો! આંખે ઊગ્યાં અજવાળિયાં એ જી! ૧

આભનું ભૂરું પોપચું રે
જેમ ઘોર ઘને ઢંકાય;
સપ્તરંગી ભવું ખોલતાં
ત્યાં તો લીલા અલૌકિક થાય રે!
સંતો! આંખે ઊગ્યાં અજવાળિયાં એ જી! ૨

રહેતી અંધારી ઓરડી રે
તેમાં નહોતું દેખાતું કાંઈ:
આજ ખુલી તેની બારી, ત્યાં
દીઠી અદ્‌ભુત સૃષ્ટિ સમાઈ રે!
સંતો! આંખે ઊગ્યાં અજવાળિયાં એ જી! ૩

* "સાધુ! વોહી બિધ રહેના રામસેં એ જી!"—એ ભજનની રાહ.

એક નયનમાં છે છૂપ્યાં રે
સાતે સ્વર્ગનાં જ્યોતિસ્વરૂપ :
કીકીએ પડી જગપાંદડી
ખસતાં ઊઘડે અનંતના કૂપ રે!
સંતો! આંખે ઊગ્યાં અજવાળિયાં એ જી! ૪

ધોવાયાં અંજન ધૂળનાં રે
ને ત્યાં અંજાયા દેવપ્રકાશ :
સ્નેહ ને ધર્મની સાંપડી
ત્યાં કો મોંઘી અનેરી મીઠાશ રે!
સંતો! આંખે ઊગ્યાં અજવાળિયાં એ જી! ૫

કોઈએ જોયાં, જીરવી જોગવ્યાં રે
એ નવનયનતણાં આશ્ચર્ય :
એક જ દાણે ઢાંક્યાં હતાં
તે આ સાંપડ્યાં સુરસૌંદર્ય રે!
સંતો! આંખે ઊગ્યાં અજવાળિયાં એ જી! ૬

ગંગાસ્નાન દઈ અશ્રુનું રે
કીધાં આત્મનયન રસલોલ :
એક એક કિરણે ઝૂલતો
અદલ આનંદ ઝાકમઝોલ રે!
સંતો! એવાં ઊગ્યાં અજવાળિયાં એ જી! ૭

૫

આનંદ

પ્રણવશક્તિ

રાગ કાફી—તાલ લાવણી*

ઓમ વિના નથી આરો રે,
સમજ મનવા!
ઓમ વિના નથી આરો!—(ધ્રુવ)

નાથ દયાસાગર અમી કેરો,
ગૂઢ સુણાવે શબ્દ અનેરો:
એ વિણ ભવસાગર ખારો, ખારો, ખારો રે:
સમજ મનવા!
ઓમ વિના નથી આરો!—ઓમ૰ ૧

તનતંબૂરે લે તક સાધી,
તાર ત્રિવિધ એના ત્યાં બાંધી!
છેડી જો પછી એ તારો, તારો, તારો રે!
સમજ મનવા!
ઓમ વિના નથી આરો!—ઓમ૰ ૨

* "દાસ પરે દયા લાવો રે," એ રાહ.

હિંગત દે અંતરની ખોલી,
અનંતતાની સુણી લે બોલી!
એનો રવ છે કંઈ ન્યારો, ન્યારો, ન્યારો રે!
સમજ મનવા!
ઓમ વિના નથી આરો!—ઓમ૦ ૩

સ્વર સ્વરથી સ્વર્ગો ઊઘડશે,
પ્રભુસિંહાસન નજરે પડશે:
જડશે ફરી ક્યાં એ વારો, વારો, વારો રે?
સમજ મનવા!
ઓમ વિના નથી આરો!—ઓમ૦ ૪

વલોણું

• પદ* •

હદ બેહદ હું તો ઊડું આકાશે રે,
વિશ્વોનાં ચાલે જ્યાં વલોણાં રે:
એ રે વલોણાં કેરાં નેતરાં ઝાલવા રે
આવોને પૃથ્વીનાં પરોણાં રે!
હદ બેહદ હું તો ઊડું આકાશે રે. ૧

ગોકુળમાં ગોપ અને ગોપીઓ સાથે રે
રાધાએ ને કહાને એ વલોવ્યાં રે;
એ રે વલોણાં કોઈએ સમજીને ગાયાં રે,
કોઈએ વણુસમજે વગોવ્યાં રે:
હદ બેહદ હું તો ઊડું આકાશે રે. ૨

સકળ બ્રહ્માંડ કેરી ગોળી કરીને રે
મૂક્યો ત્યાં જ્યોતિનો રવાયો રે;
પંચતત્ત્વો કેરાં નેતરાં છે બાંધ્યાં રે,
વલોણાંનો ઠાઠ એ રચાયો રે!
હદ બેહદ હું તો ઊડું આકાશે રે. ૩

* "મનને ચઢાવી મેલ્યું ચાકડે રે,"—એ રાહ.

એક કોર પ્રકૃતિ એ નેતરાંને તાણે રે,
એક કોર પુરુષ ઘુમાવે રે:
ઘૂમે ઘૂમે ને મીઠું છલકે વલોણું રે,
ઉપર અમૃત તરી આવે રે!
હદ બેહદ હું તો ઊડું આકાશે રે. ૪

એ રે વલોણું તાણે સૂરજ ને ચંદા રે,
તાણે પૃથ્વી ને ધ્રુવતારો રે;
તાણે અનંતતામાં ઘૂમતાં નક્ષત્રો રે,
લાગ્યો છે નાદ એનો ન્યારો રે!
હદ બેહદ હું તો ઊડું આકાશે રે. ૫

અણગણ યુગથી એ ચાલે વલોણું રે,
અણગણ યુગ બીજા જાશે રે;
આનંદઓઘે ત્યાંથી રેલી ગંગાજી રે
અમૃત એનાં સૌને પાશે રે!
હદ બેહદ હું તો ઊડું આકાશે રે. ૬

આવો સંસારિયાં ને આવો વેરાગિયાં રે!
ઘમ્મર વલોણું એ ઘુમાવો રે!
અમૃત ઊતરશે અદલ એનાં અણમૂલાં રે:
અવસર ચૂકશો મા આ'વો રે!
હદ બેહદ હું તો ઊડું આકાશે રે. ૭

મારે દ્વારે

· રાગ જોગીઆ—તાલ દાદરો ·

મારો રાજ ઊભો આવી દ્વારે,
મને નહીં સૂઝ પડે તલભાર:
એ તો થાકી થાકી ઠેકા મારે,
રે ક્યાં લગી રાખું એને ઘરબહાર?–(ધ્રુવ)

મોટા એ મહોલનો વૈભવવાસી,
હું તો છું રંક કંગાળ;
મારી પાસે કશું આવી એ માગે?
વિશ્વ છે એનું વિશાળ:

ખાલી ઓરડે વાયુ ફૂંકારે,
કરું ત્યાં શા આદરના શણગાર?
મારો રાજ ઊભો આવી દ્વારે,
મને નહીં સૂઝ પડે તલભાર. ૧

નાથ કહે, તને મેં જ આ કીધો,
હું તો સદા ચાહું રંક;
વિશ્વ ભલે ભરપૂર દિસે પણ
તું વિણ વ્યર્થ નિઃશંક!

તારે માટે આવું વારે વારે,
થોભું ટાઢ તાપ ને વર્ષા મોઝાર :
મારો રાજ ઊભો આવી દ્વારે,
મને નહીં સૂઝ પડે તલભાર. ૨

નાથ ! કશું નથી મૂલ્ય તો મારું,
હું તો છું દુ:ખનો પહાડ !
સૌનો તજાયો હું સેવું છું સૌને,
શાને ચાહે વળગાડ ?—

તો તો, નાથ કહે, ચાહું વધારે,
ઉરે તારે એવી વહે અમીધાર !—
મારો રાજ ઊભો આવી દ્વારે,
મને નહીં સૂઝ પડે તલભાર. ૩

રે જીવ ! ક્યાં લગી એને થોભાવે ?
એ જ તારો ભંડાર !
યુગયુગથી તને માગી રહ્યો જે,
કરી લે તેનો સત્કાર !—

ખોલું દ્વાર ને રાજ પધારે :
હો નાથ ! હવે છોડું નહીં પળવાર !
મારો રાજ ઊભો આવી દ્વારે,
રે ક્યાં લગી રાખું તેને ઉરબહાર ? ૪

સર્વગોચર

• ૫૬* •

નાથ! જ્યાં જ્યાં હું જોઉં ત્યાં તું જ રે!
તું જ ખીલી રહ્યો વિશ્વકુંજ રે:
    નાથ! બીજે ક્યાં જઈ તને શોધવો એ જી?—(ધ્રુવ)

કનકે રેલ્યાં દ્વારથી રે
    દીસે સૂર્યભર્યો તુજ હાથ;
જ્યોતિપુવારા ફેરતો
    સૌને તેમાં ઝગાવે સાથ રે:
    નાથ! બીજે ક્યાં જઈ તને શોધવો એ જી? ૧

સંધ્યા ઉષાના કેશમાં રે
    તારી અંગુલિઓ કરે ગેલ;
પળપળ નવનવ રંગમાં
    તેમાં રેલે હૃદયરસ રેલ રે!
    નાથ! બીજે ક્યાં જઈ તને શોધવો એ જી? ૨

* "સાધુ! વોહી બિધ રહેના રામસે એ જી," —એ ભજનની રાહ.

કાળી અંધારી રાતમાં રે
    તારી દિવ્ય ચરણરજ સોહ્ય;
અનંતતાના પંથમાં
    તારકપગલી પડી સહુ જોય રે!
    નાથ! બીજે ક્યાં જઈ તને શોધવો એ જી? ૩

સાગર કેરી ઊર્મિમાં રે
    તારા ઊછળે સનાતન સૂર;
તેમાં અબોલ ઊંડો વહે
    પેલો નાદ તારો ભરપૂર રે!
    નાથ! બીજે ક્યાં જઈ તને શોધવો એ જી? ૪

ફૂલે ફૂલે નૂર ઝૂલતું રે
    તારો શ્વાસ સુગંધિત વાય;
થળથળ લીલા લસી રહી
    તારું હ્રદય બહેકાવે માંહ્ય રે!
    નાથ! બીજે ક્યાં જઈ તને શોધવો એ જી? ૫

પ્રાણી પ્રાણીના પ્રાણમાં રે
    ઝળે તારું જ ચેતન એક;
ઠોકી રહ્યો ઉરબારણાં:
    તારો ગજવું અદલ અહાલેક રે!
    નાથ! બીજે ક્યાં જઈ તને શોધવો એ જી? ૬

આત્માનંદ

• રાગ બિહાગ—તાલ ત્રિતાલ •

નાથ હો ! ભરભર લઉં આનંદ !
સ્નેહસુધા રેલાય સદોદિત
ઊગતાં ઉરમાં ચંદ :
નાથ હો ! ભરભર લઉં આનંદ !—(ધ્રુવ)

સૃષ્ટિ સકળ આ થાય સુવાસિત
જ્યાં વહે સ્નેહસુગંધ ;
સૃષ્ટિ વિષે ન સુગંધ વસે કો,
છે નિજ અંતરબંધ :
નાથ હો ! ભરભર લઉં આનંદ ! ૧

ચંદ્રતણું અમૃત આકાશે
જ્યોતિ ભરે સુખકંદ ;
અંતર કુંભ ભર્યો અમૃતનો,
તે છલકે નિજ છંદ :
નાથ હો ! ભરભર લઉં આનંદ ! ૨

રસનામાં રસકસ સૌ વસતા,
તે વિણ રસ સૌ મંદ :
શૂન્ય હૃદય શો રસ લઈ જાણે,
જો ન ઊઠે ત્યાં સ્પંદ?
નાથ હો! ભરભર લઉં આનંદ! ૩

ફૂલ ફૂલ ડોલે, પાન હીંચોળે,
ખોલે પ્રાણ બુલંદ;
અનંતતાને આંગણ ઢાળે
ઉર નિજ તારકવૃંદ:
નાથ હો! ભરભર લઉં આનંદ! ૪

જ્યોતિ સ્ફુરે નહીં, જ્યોતિ ઝરે નહીં,
એ આંખો રહે અંધ :
નાથ! સભર આનંદ ભરી ઉર
જગત વહું મુજ સ્કંધ!
નાથ હો! ભરભર લઉં આનંદ! ૫

માલિકની મહેર

• ૫૬* •

તારી તે મહેર, મારા માલિક! છે કેવી રે!
  સૃષ્ટિ છલકાય તારા સ્નેહે રે:
તારા પ્રસાદથી છે અણુ યે ન ખાલી રે,
  ખીલે બધું તુજ અમીમેહે રે:
  તારી તે મહેર, મારા માલિક! છે કેવી રે! ૧

આભે અંધારપાટી પ્રકૃતિએ ટાંગી રે,
  તો તેં લખ્યા ત્યાં જ્યોતિલેખો રે;
અંધી આ રહેતે સદા માનવની આંખો રે,
  જો ન જડત એ હીરામેખો રે!
  તારી તે મહેર, મારા માલિક! છે કેવી રે! ૨

તારી અમારી વચ્ચે વાદળ છાતાં તું રે
  તેની પખાલ ચીરે વીજે રે!
અમૃત ત્યાંથી વરસી અમને તું રાખે રે
  પાવન તે પંથની પતીજે રે!
  તારી તે મહેર, મારા માલિક! છે કેવી રે! ૩

* "મનને ચઢાવી મેલ્યું ચાકડે રે," એ ભજનની રાહ.

ડુંગર પર ડુંગર જ્યાં ઘનના ખડકાઈને રે
    દૃષ્ટિ ડુબાવે ચારે કોરે રે,
લોચન ઉઘાડી તું ત્યાં અમને હીંચોળે રે
    રંગરંગભર્યા હીરદોરે રે!
    તારી તે મહેર, મારા માલિક! છે કેવી રે! ૪

વસમાં છે વિખડાં તો અમૃત તેં આપ્યાં રે,
    કાંટા ઊગ્યા તો ફૂલ કીધાં રે;
માટીનાં પિંજરે યે પ્રાણ ઉડાવ્યા રે,
    દુખમાંથી સુખ તેં જ દીધાં રે!
    તારી તે મહેર, મારા માલિક! છે કેવી રે! ૫

તારી તે મહેર, મારા માલિક! ક્યાં અટકે રે?
    આપ્યો તું જાય કોટાનકોટી રે!
અદલ બ્રહ્માંડો ભલે ઊભાં રહે સામે રે,
    તારી છે બાથ કેવી મોટી રે!
    તારી તે મહેર, મારા માલિક! છે કેવી રે! ૬

ભક્તવીરની વાંછા

• રાગ માઢ—તાલ દાદરો •

તારું આપ્યું હું લઈને શું કરું?
 મને નાથ જીત્યાના કોડ!—(ધ્રુવ)

ધામ ધરા ને ધન ખૂબ આપે,
 આપે તું વિશ્વ અજોડ:
રાખી ન જાણે તે ચાખી શું માણે?
 મારે તો વીરની હોડ રે:
  મને નાથ જીત્યાના કોડ! ૧

આભલે આભલે ઇંદ્રધનુની
 છો લટકે બહુ માળ:
વીજ ને વાયુશું ખેલવા, ભરે
 મેઘ ગગનમાં ફાળ રે:
  મને નાથ જીત્યાના કોડ! ૨

આપી આપીને તું આપશે શું?
આપ્યું ન પૂગે જરાય:
જગત ખૂટે, તારાં સ્વર્ગો યે ખૂટે:
હૈયું ન મારું ધરાય રે:
મને નાથ જીત્યાના કોડ! ૩

હાર ને જીતના ખેલ મેં માંડ્યા,
ત્યાં તે શા ઓડવા હાથ?
હારું તો જગત ને જન્મ હું હારું:
જીતું તો તુજને, હો નાથ રે!
મને નાથ જીત્યાના કોડ! ૪

તારો નમાલો ભક્ત ના ગણતો,
ગણજે મને નરવીર!
લાખો તારાના ભાલા હું ભોકી
ચીરું આ વિશ્વનાં ચીર રે:
મને નાથ જીત્યાના કોડ! ૫

વીંધું આકાશ ને ફોડું પાતાળ ને
જીતું તુજ તખ્ત ને તાજ!—
"માગ રે માગ" તું કહે, પણ માગું શું?
મારું જ છે તુજ ઉરરાજ રે!
મને નાથ જીત્યાના કોડ! ૬

સતત વિશ્વવસંત

• રાગ કાફી—હોરી •

વિલસે વિશ્વલીલા વસંતે,
નાથ નાચે અનંતે!—(ધ્રુવ)

આનંદ આનંદ ઊછળી રહ્યો છે તારક સૂરજ ચંદે.
નંદનવન ત્રિભુવન જનજીવન એ નવયૌવન સ્પંદે;
તગે તનમન તંતતંતે!—
નાથ નાચે અનંતે! ૧

ગાલ ગુલાલથી લાલ કરી નાચે સંધ્યા ઉષા આભસ્કંધે;
વન ઉપવનમાં પવન વાઈ ગાતો, મુદિત સુમનની સુગંધે;
ચઢે રંગ એ વિશ્વચંતે!—
નાથ નાચે અનંતે! ૨

તાન તનાવટ, ગાન જમાવટ, તાલ સુરાવટ સંધે;
જળજળ થળથળ ભૂરકી પડી એ પ્રબળ પ્રબોધન બંધે;
ખલક ખીલી રહી ખૂબ ખંતે!—
નાથ નાચે અનંતે! ૩

મસ્ત હુલે રતનાગર સાગર, ફાગ રમી અમી મથે;
તતથેઈકારે ગગન ઘન ઘૂમે, રસબસ થઈ ભૂમિપંથે:
દિસે દોર ઝૂલતા દિગંતે!—
નાથ નાચે અનંતે! ૪

ભીતર બાહર, ગુપ્ત કે જાહર, ફાગ જ વિશ્વ સાદ્યંતે,
એ પીચકારી ઝીલીને ભીંજાવી આ જગત ભગત સાધુ સંતે,
અમર હોરી ગાઈ ગુણવંતે!—
નાથ નાચે અનંતે! ૫

આવોની ભૈયા! ખલક ખેલૈયા! તતતતથૈયા જ અંતે!
એ રસરંગે સતત વિશ્વસંગે આ રમિયે આનંદે વસંતે!
અદલ આવો હૃદય હસંતે!—
નાથ નાચે અનંતે! ૬

સતત ખેલો વિશ્વવસંતે,
નાથ સાથે અનંતે!

પ્રભુનાં તેડાં

• રાગ જોગીઆ—તાલ દાદરો •

પ્રભુ! તારાં તેડાં તે આવશે ક્યારે?
ઊભો તારી આંગણે જોતો હું વાટ:
પ્રભુ! તારા શબ્દ સુણાવશે ક્યારે?
ક્યારે મારા ટાળશે ઉરના ઉચાટ?—(ધ્રુવ)

આંગણ વાળ્યાં, પાણીડાં છાંટ્યાં,
પૂર્યા આ ચંદનચોક:
સાંજે, સવારે, બપોરે કે રાતે એ
આવે ઓચિંતાં આલોક:

પ્રભુ! મારાં દ્વાર દીપાવશે ક્યારે?
ધોયા મારા આંસુનીરે ઉરઘાટ:
પ્રભુ! તારાં તેડાં તે આવશે ક્યારે?
ઊભો તારી આંગણે જોતો હું વાટ. ૧

મારે વસંત કે વર્ષા હેમંત શી?
મારે શી આજ કે કાલ?
જાવું સ્વધામે સ્વજનમાં તો મધુરું:
હું તો પ્રભુ! તુજ બાળ:

પ્રભુ! તારે હૈયે સમાવશે ક્યારે?
ક્યારે મારાં ચુંબશે ધગતાં લલાટ?
પ્રભુ! તારાં તેડાં તે આવશે ક્યારે?
ઊભો તારી આંગણે જોતો હું વાટ. ૨

સ્વજન રડે કે સ્નેહી રડે ઘડી;
મારે તો હાસ્ય અનન્ય:
હો પ્રભુ! તારાં આ અંત્ય મિલનથી
અવર કશું વધુ ધન્ય?

પ્રભુ! તારી વીજ ઝળાવશે ક્યારે?
ક્યારે પડે અક્ષર તુજ નભપાટ?
પ્રભુ! તારાં તેડાં તે આવશે ક્યારે?
ઊભો તારી આંગણે જોતો હું વાટ. ૩

વાદળ ખસશે, આભ ઊઘડશે,
ખોલશે બારી અદીઠ;
લાખો સૂર્યોનાં તેજ ઝબૂકશે,
ઠરશે ત્યાં તો મુજ મીટ!

પ્રભુ! મારાં હૈયાં હસાવશે ક્યારે?
ક્યારે એવાં દર્શન મળશે વિરાટ?
પ્રભુ! તારાં તેડાં તે આવશે ક્યારે?
જોઉં તારી જીવનભર અહીં વાટ! ૪

દૂર જતાં ડગલાં

• ઝીણા ઝરમર વરસે મેહ •

આવે આવે આછાં તેજ ને વિલાય:
    સતાવો હજી શાને, ભલાં?
મારા જીવનનો દીવડો ઝુમાય:
    સતાવો હજી શાને, ભલાં?—(ધ્રુવ)

કોટિક દીવાભરી આવી દીવાળી,
    રૂપાળી ને રઢિયાળી રે;
કાળી કાળી રજનીને કરતી અજવાળી, તોય
    નિરખું નિરાળી ન્યાળી ન્યાળી:
    સતાવો હજી શાને, ભલાં?

દૂર દૂર દિશા ખુલતી દેખાય:
    સતાવો હજી શાને, ભલાં?
આવે આવે આછાં તેજ ને વિલાય:
    સતાવો હજી શાને, ભલાં? ૧

ઊગ્યો, તપ્યો ને આભે આથમણે ઊતર્યો
સૂર્ય દિગંત-ઉછંગે રે:
ઉષા સંધ્યાના રંગે રમ્યો ઉમંગે, હાવે
રમશે તારા સિતારા સંગે!
સતાવો હજી શાને, ભલાં?

દૂર દૂર વીજ ઝબકી છુપાય:
સતાવો હજી શાને, ભલાં?
આવે આવે આછાં તેજ ને વિલાય:
સતાવો હજી શાને, ભલાં? ૨

લીંપી ગૂંપીને પેલાં આંગણ અજવાળ્યાં,
ઊંડેરાં હાળ્યાં મારાં સોણાં રે;
ધારી ધારીને આંખો જોતી રહે મારી, ત્યાં
પાછાં ફરી તે કેવાં જોણાં?
સતાવો હજી શાને, ભલાં?

દૂર દૂર મારાં ડગલાં મંડાય:
બોલાવો હજી શાને, ભલાં?
આવે આવે આછાં તેજ ને વિલાય:
થોભાવો હજી શાને, ભલાં? ૩

દૂરની ઘંટડી

· ધોળ* ·

વહાલાં! મીઠી મીઠી વાગે દૂર કો ઘંટડી!
ધીરે ધીરે સરતા આવે એના સૂર;
ઊંડા અનંત પથ પરથી સુણું કંઈ આવતા
તારકપગલીશા પડઘા અંદર ને દૂર!
વહાલાં! મીઠી મીઠી વાગે દૂર કો ઘંટડી! ૧

સંધ્યાનાં ફૂલો વેરાતાં સૂરજવાટમાં,
ત્યાં તો ઉઘાડે રજની અંજનમય આંખ;
લાખો રૂપેરી ઘંટડીઓ ભરી રણુકારતી
ઊડતી આવે અદ્‌ભુત કાળતણી ત્યાં પાંખ!
વહાલાં! મીઠી મીઠી વાગે દૂર કો ઘંટડી! ૨

* "માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે,"—એ રાહ.

ઊડ્યાં સ્વપ્ન ઉષાનાં સુરવનકુંજ સ્મરાવતાં,
પરમ પ્રભાતતણુંય વિલોપ્યાં મોતનચિત્ર ;
વિરમ્યા તેજલ હુય ખૂંદી શિખરો મધ્યાહ્નનાં,
સંધ્યાનયને હાવે ઝૂમે શાંતિ પવિત્ર !
વહાલાં! મીઠી મીઠી વાગે દૂર કો ઘંટડી! ૩

સ્નેહ અને જીવન કેરાં આતિથ્ય મળ્યાં ભલાં,
પગમાં ભાંગ્યા કંટક ત્યમ આવ્યાં કર ફૂલ ;
મટ્ટીની કાયામાં મહોર્યો પ્રાણ પ્રભાભર્યો ;—
ફૂટે દીવી : થાય ભલે દીપક પણ ગૂલ !
વહાલાં! મીઠી મીઠી વાગે દૂર કો ઘંટડી! ૪

ભાગે આવ્યું તે સૌ ભાગ્ય પ્રમાણે ભોગવ્યું,
પ્રભુએ દીધું તે સૌ લીધું બંને હાથ ;
જીવનની નાવડીએ બેસી ફરજ અદા કીધી ;—
એ ડૂબે : પણ ત્યાં મુજ કર ધારે મુજ નાથ!
વહાલાં! મીઠી મીઠી વાગે દૂર કો ઘંટડી! ૫

ધરતીમાતા કરી દેશે કાયાનું ફૂલડું,
પ્રાણે કો નવતારક ચેતવશે આકાશ ;
મારાં ગીત વસંતઉરે નવફાગ ઉડાવશે,
તેમાં ખીલશે ને ટમટમશે મારી આશ !
વહાલાં! મીઠી મીઠી વાગે દૂર કો ઘંટડી! ૬

પેલાં દિવ્યપ્રભાદ્વારો અધઊઘડ્યાં દીસતાં,
પેલા ઘંટડીના સરતા વધુ મધુરા સૂર ;
મારા આત્માની પાંખો ઊડવા પહોળી થતી,
મારી આંખોમાં ઊગતાં નવનંદનનૂર !
વહાલાં ! મીઠી મીઠી વાગે દૂર કો ઘંટડી ! ૭

ગુર્જરીકંઠ થકી આ મોતનમાળા ગીતની,
બહેનો બંધુ થકી આ મારો નિર્મળ સ્નેહ ;
પરમાત્મા માટે આ મારો આત્મ અદલ બધો—
વહાલાં ! ઘેર જવાની છે લાખેણી લેહ !
વહાલાં ! મીઠી મીઠી વાગે ઘરની ઘંટડી ! ૮

સમાપ્ત

ટિપ્પણ

કવિએ કલ્યાણ સાધવા માટેની આ ભજનમાળાના પાંચ ખંડ પાડેલા છેઃ ઝંખના, આવરણ, સાધન, પ્રકાશ અને આનંદ; અને એ પાંચે ખંડનાં ભજનો એક જ દોરામાં પરોવેલાં છે. ભક્તિમાર્ગે પર ચઢેલા માનસનો વિકાસ એમાં ક્રમેક્રમે સધાતો પ્રત્યક્ષ થાય છે.

પૃષ્ઠ ૩. **થાળની ભેટ.** વિવિધતા ને વિચિત્રતાથી ભરેલા વિશ્વમાંથી તીર્થે તીર્થે ભટકીને બધામાંથી અમૃતરસ લઈને પ્રભુને ધરાવવા માટે કવિ થાળ તૈયાર કરે છે. કાશી જેવાં અનેક તીર્થોથી પવિત્ર જળ ભરી લાવતા કાવડિયા સાધુની જેમ આ કવિની થાળમાં પણ અનેક અમૃતરસ ભરેલા છે.

કડી ૪. વેદનારૂપી અમૃત વડે જામેલો આંખમાંથી ઝરતો હૃદયકમળનો રસ-એ મારૂં અમૃત તત્ત્વ છે, અને વિશ્વમાં બીજે સ્થળે એ જડે એમ નથી. જગતની વેદનાના અનુભવે આર્દ્ર બનેલા હૈયાનો રસ-ભક્તિભાવ-એને કવિ પોતાના જીવનનું અમર તત્ત્વ-ઈશ્વરને ભેટ ધરવા યોગ્ય-ગણાવે છે.

પૃષ્ઠ ૫. **અમૃત તૃષા.** જગતના દુઃખમય અનુભવોને લીધે દિલમાં દાહ ઊઠયો છે તેને મટાડે એવા અમૃતની તીવ્ર ઉત્કંઠા પ્રદર્શિત કરી કવિ સંતોને ને ઈશ્વરના ભક્તોને પોતાની સાથે લેવા વિનવે છે.

કડી ૪. કારણ કે પાર્થિવ જળથી સંતોષાય એવી અમારી તૃષા નથી. કોણ જાણે શાથી આ બળતી ને બાળતી પૃથ્વી પર અમે આવી પડ્યા છીએ ! અર્થાત્ બાહ્ય જગતની વસ્તુઓ આત્માની તૃષા સંતોષી શકે એમ નથી.

કડી ૫. એ અમૃત—નિર્વાણ, મોક્ષ, ઈશ્વરસાન્નિધ્ય, પ્રભુકૃપાનાં અમૃત-માટેની તરસની પીડા ઘણી સખ્ત છે. આખું જીવન વેદનાભરપૂર-બળતા રણ જેવું લાગે છે. કવિ સંતો ને ભક્તો પાસે માગણી કરે છે કે આ એક જીવનની નહિ પણ ભવોભવની તૃષા મટાડે-જીવનના અંતિમધ્યેયનો સાક્ષાત્કાર કરાવે-એવું અમૃત મને કોઈ મેળવી આપો.

પૃષ્ઠ ૭. **પ્રભુપ્રેમના પાગલ.** અમે પ્રભુપ્રેમમાં ઘેલા બની ગયા છીએ. બીજી કોઈ વસ્તુમાં અમારૂં ચિત્ત ચોંટતું નથી.

કડી ૨. જગતનો ત્યાગ કરનારા સંન્યાસી શરીરે ભસ્મ ચોળે છે. અમે પણ ઈશ્વરના પ્રેમમાં એટલા મસ્ત થઈ ગયા છીએ કે અમે બાહ્ય જગત બાળીને

તેની રાખ અમારા શરીર પર ચોળી છે, અર્થાત્ જગતના બાહ્ય પદાર્થમાં અમને જરા રસ રહ્યો નથી. અમારી સર્વ વૃત્તિઓ કેવળ ઈશ્વર તરફ જ વળી છે.

કડી ૬. જગતરૂપી વસ્ત્ર અમારે શા કામનું છે ? એ પહેરવાથી તો ઉલટું અમારૂં શરીર મેલું બને. અમને તો એ વસ્ત્રના પહેરનાર–પ્રભુ–તરફ પ્રેમ છે. જગતની ઉપાધિમાં પડવાથી અમારો આત્મા હીન બને. અમને તો જગતના સર્જક ને ચાલક તરફ જ પ્રીતિ છે. પ્રેમી પ્રિયાનાં વસ્ત્રો નથી જોતો, એને તો પ્રિયાનાં જ દર્શન કરવાં હોય છે, તેમ અમારે ઈશ્વરકૃત જગત નથી જોઈતું, પણ જગત્કર્તા ઈશ્વર જ જોઈએ છે.

કડી ૮. હદ છોડીને એટલે આ સાન્ત જગત તજીને અમે બેહદમાં–અનન્તતામાં–પ્રભુમયતામાં–ગયા. એ અનુભવ વર્ણવી શકાય એવો નથી. તમે ડાહ્યાં હો, દુનીયાદારીનાં માણસ હો, તો અમારા જેવા ઈશ્વર પાછળ પાગલ બનેલાઓના સાથમાં ન આવશો.

પૃષ્ઠ ૯. **રસરેલ.** सर्वं खल्विदं ब्रह्म–આ બધું જ બ્રહ્મ છે. એનાથી ભિન્ન એવું કંઈ જ નથી. જે જે દેખાય છે તે સર્વની પાછળ એક જ અખંડ આત્મતત્ત્વ રહેલું છે.

કડી ૨. એકતાની ભાવનાના રસે આખી ખલક–દુનિયા ભીંજાઈ રહી છે ત્યાં કોઈ પણ પ્રકારની ભિન્નતા રહી નથી. આંખ ભલે કરોડ છે પણ તે એક જ તેજનું ગ્રહણ કરે છે, તેવી રીતે દુનિયામાં દેખાય છે કરોડ જુદી જુદી વસ્તુએ પણ તે સર્વની પાછળ રહેલું તત્ત્વ તો એક જ છે.

કડી ૯. એ બ્રહ્મરસમાં–આત્મૈક્યભાવના રસમાં જે પૂરેપૂરા ડૂબી ગયા અર્થાત્ જેને એનો સંપૂર્ણ રીતે અનુભવ થયો તે જ આ સંસારને તરી ગયા.

કડી ૧૦. દેહને લીધે ‘મારૂં તારૂં’ આદિ ભેદભાવ પ્રવર્તે છે. એ દેહાભિમાન ખસેડીને જુઓ તો માલુમ પડશે કે આ બધું જ બ્રહ્મસ્વરૂપ છે. અને એ અનુભવ થયા પછી કોણ કોનાથી જુદું રહી શકશે ?

પૃષ્ઠ ૧૦. **આત્માનો સગો.** અંગનાં એટલે કે પાર્થિવ સંબંધનાં સગાંઓ દૂર છે કે પાસે છે તે પણ મારાથી પરખાતું નથી. તું જ મારા આત્માનો સગો છે અને મારૂં હૃદય તારૂં જ સગપણ કબૂલ કરે છે. તું મને મૂકીને ક્યાંય નહિ જાય એવી મને ખાતરી છે.

કડી ૨. માટીનું બનેલું આ સ્થૂળ શરીર ને રેતીનાં બન્યાં હોય એવાં જૂઠાં સગાંવહાલાંઓમાં વિશ્વાસ રાખીને આખી દુનિયા ભ્રમણામાં પડી છે.

કારણ કે જેની આંખને હૃદયના ચેતનનો પ્રકાશ નથી સાંપડ્યો, અર્થાત્ જેને આધ્યાત્મિક દૃષ્ટિ નથી મળી, તેને તું શી રીતે દેખાવાનો હતો ?

કડી ૩. શુક્લ પક્ષમાં ચન્દ્રનું તેજ ખીલે છે પણ અમાસ આવ્યે ચન્દ્રિકાનો પ્રકાશ જતો રહે છે ને દુનિયામાં અંધકાર ફેલાય છે; કારણ કે ચન્દ્રનું તેજ એ તેના આત્માનું પોતાનું તેજ નથી. એ તો પરતેજે પ્રકાશે છે. તે જ રીતે સગાંવહાલાંઓ એ આત્માનાં સાચાં સગાંવહાલાં નથી. એમની માયામમતા જૂઠી હોય છે. આત્માનો સાચો સગો તો ઈશ્વર જ છે.

પૃષ્ઠ ૧૨. **દર્શનની ઝંખના.** ઈશ્વરના દર્શનની ઝંખના કવિના હૃદયમાં જાગે છે ને એ એને સર્વત્ર ઢૂંઢે છે. હૃદયમાં ભાવનો સમુદ્ર ઉભરાય છે. આકાશને અડે એટલાં ઊંચાં મોજાં એમાં આવે છે પણ છેવટે તો એ મોજાંઓ કૂદીકૂદીને કિનારે અટકે છે. ઈશ્વરનાં દર્શન થતાં નથી. વીજળીની પાંખ પર ચઢીને આકાશ ને સૃષ્ટિ એ ખોળી વળે છે. સૂર્યચન્દ્રની પીઠ પર બેસીને કિરણે કિરણ ઢૂંઢી વળે છે. સ્વર્ગ ને પાતાળના ભેદ ખોલે છે. તારા, ઉષા, સન્ધ્યા, ઈન્દ્રધનુષ, રાત, દિવસ ઈત્યાદિમાં ઈશ્વરને શોધવા કવિ મથે છે પણ એમાં સંપૂર્ણ દર્શન થતાં નથી.

કડી ૭. એ ઈશ્વર અંદર હશે કે બહાર છુપાયો હશે ? એનો આકાર કેવો હશે ? મારામાં ને તારામાં સર્વત્ર એ જ રહેલો છે, તો એના જુદા આકારની કલ્પના શી રીતે કરવી ? એ તો આપણી આંખની કીકીમાં જ વસ્યો છે. એ દૃશ્ય નથી પણ દ્રષ્ટા પોતે જ છે. એને ક્યાં જોવા જવો ? મારી કીકીનાં દ્વાર કોઈ ખોલો, અર્થાત્ આત્માની દૃષ્ટિ ઉઘાડો તો એનાં દર્શન થશે.

પૃષ્ઠ ૧૬. **છુપામણાં.** મારો પ્રભુ સંતાઈ ગયો છે. એને ક્યાં શોધું ? નીચે, પૃથ્વી પર લીલાના-માયાના–અનેક પડદા પડ્યા છે. ઉપર, આકાશમાં અસંખ્ય તારાઓનું ટોળું જામ્યું છે. એ સર્વમાં મારો પ્રભુ ક્યાંક સંતાઈ રહ્યો છે. દશે દિશાની દોર બનાવી હું ઊંચા આભને હીંડોળું છું. આ બાજુ વાદળો ને પેલી તરફ તારાઓઃ બન્ને વચ્ચે મારું ભોળું હૃદય ઝોલાં ખાય છે. મારો પ્રભુ જડતો નથી ને જીંદગી મને નીરસ ભાસે છે. કોઈ સંત પુરૂષ મને માર્ગ બતાવો, કારણ કે બ્રહ્માંડ ગમે તેટલું મોટું હશે પણ પ્રેમ આગળ એનો વિસ્તાર કંઈ વિસાતમાં નથી. આ મહાવિશાળ વિશ્વમાં છુપાએલી વસ્તુને પ્રેમ તરત પકડી શકે છે. "પ્રેમના તંતમાં સંત ઝાલે."

પૃષ્ઠ ૧૮. **સત્યની શોધ.** કવિ ઈશ્વરને કહે છે, આખા સંસારમાં તારું સત્ય હું ક્યાં જઈને શોધી કાઢું ?

કડી ૪. કોઈક ખાણમાં રત્ન છુપાઈ રહ્યું હોય, કોઈ પત્થરની અંદર અગ્નિ છુપાઈ રહ્યો હોય, એમ તારું સત્ય છુપાઈ રહ્યું છે. हिरण्मयेन पात्रेण सत्यस्यापि हितं मुखम्। સુવર્ણના પાત્રથી સત્યનું મુખ ઢંકાઈ ગયું છે. બધે અંધારું છવાઈ ગયું છે, ત્યાં હૈયાને કોણ ઉઘાડી શકશે?

કડી ૫-૬. કોઈક શરમાતી સુન્દરી પેઠે વીજળી પલક ઝબકીને છુપાઈ જાય છે. 'આ રહી' એમ આંખ કહે છે પણ વીજળી તો જતી રહે છે ને પાછળ અંધારું રહી જાય છે. એમ તારા સત્યનો ઝબકાર કોઈક વાર જણાય છે પણ તેનું હું ગ્રહણ કરી શકું તે પહેલાં તો એ અલોપ થઈ જાય છે. હું એને શોધવા જાઉં છું ને એ ત્યાંથી છટકી જાય છે. હું હાથ વડે પકડું છું, પણ મારો હાથ ખાલી ને ખાલી રહે છે. શું આખરે યુગેયુગથી આ જ પ્રણાલી-પદ્ધતિ-ચાલુ રહેવાની છે?

કડી ૮. પણ મારી શોધ છેક નકામી તો નહિ જ નીવડે. હારતું હારતું પણ મારું હૃદય લડત ચાલુ રાખશે. સત્યની શોધમાં આડે આવતાં વિઘ્નો સામે એ ઝઘડશે અને પછી દિવ્ય દિશાનાં-આધ્યાત્મિક રહસ્યનાં પડો ધીરે ધીરે ઊઘડશે, અને પછી તો "હે હરિ" એમ માત્ર "હરિ" નામનો ઉચ્ચાર કરતાં જ તું તુરત મને તેમાં જ જડી આવશે!

પૃષ્ઠ ૨૦. **દિશાસૂચન.** સંત પુરુષ વગર પ્રભુનો માર્ગ કોઈ બતાવી શકે એમ નથી. ભલે લાખો પુસ્તકો પઢો પણ અનુભવી સંતો વગર એ માર્ગના કોઈ ભોમિયા થઈ શકે એમ નથી. જગતના માર્ગ કરતાં એ માર્ગ ઘણો વિચિત્ર અને અટપટો છે.

કડી ૨. દુનિયામાં નદી સમુદ્રને મળવા દોડે છે, પણ આ માર્ગમાં તો સમુદ્ર નદીને મળવા દોડે છે, નદી પહાડ-પોતાનાં જન્મસ્થાન-ને મળવા ઈચ્છે છે ને પર્વત પાતાળને પકડવા આતુર બને છે. અર્થાત્ માયાને લીધે અનેક પ્રકારનાં નામ ને રૂપના ભેદ વડે વિલસી રહેલો જીવાત્મા બધા ભેદભાવ મટાડી એક પરમાત્મ તત્ત્વમાં વિલીન થવા માગે છે, પણ વચ્ચે આડી દિવાલ ઊભી છે-અનેક અંતરાયો આવે છે, ને સંત પુરૂષ વિના એ અંતરાયો શી રીતે ઓળંગવા તે કોઈ બતાવી શકે તેમ નથી.

કડી ૬. વાદળાં ગગનને ઘેરી લે અને અંધારું ઘોર બને ત્યાં એક સૂર્ય વિના તો એ વાદળ પર ઈન્દ્રધનુષ્યનો ચમત્કાર કોણ બતાવશે?

પૃષ્ઠ ૨૨. **પ્રભુની સ્નેહઠગાઈ.** પ્રભુ જગતરૂપી રમકડું આગળ ધરી પોતે છુપાઈ રહે છે. જગતની અનેક લીલા ને લાલચોમાં બધા લોભાઈને પ્રભુને પકડી શકતા નથી. પણ મારે જગતનું કામ નથી; મારે તો તારું જ કામ છે.

કડી ૬–૭. તેં રચેલી માયાના લટકે બધાં મોહ પામે છે. હું પણ માણસ છું એટલે ઘડીભર એનાથી ખેંચાઈ જાઉં છું. આ દુનિયાનાં સુખ વિલાસ વગેરેનાં આકર્ષણે બંધાઈ તને ભૂલી જાઉં છું. પણ ત્યાં તારો સાદ સંભળાતાં–તારી મદદ ખડી થતાં ભૂલમાં પડેલો મારો આત્મા ફરી જાગૃત થાય છે ને હું સમજું છું કે આ જગત દેખાય છે તે તું નથી, એમાં તારી અનેક પ્રતિમૂર્તિ–નકલો છે, પણ તારું સાચું સ્વરૂપ નથી. તારાં પ્રતિબિમ્બો છે–પણ મૂળ બિમ્બ તો બીજે જ છુપાયું છે. એવું તારું જગત મારે નથી જોઈતું. જેમ કોઈ મનુષ્ય બાળકને રમકડાં રમવા આપી પોતે સંતાઈ રહે તેમ તું મને જગતના વિવિધ પદાર્થો રૂપી રમકડાં આપી સંતાઈ રહ્યો છે. મારે શું આખી જીંદગી આવાં રમકડાંથી રમીને જ સંતોષ માનવો ! અમારે તારા વિયોગે રડવું રહ્યું, ને તું તો સંતાઈને જોયા કરે છે ! તું નવાંનવાં રમકડાં આપે છે પણ તે ભાંગી નહિ જાય ? આ ક્ષણભંગુર જગતના પદાર્થો ક્ષણજીવી જ રહેવાના. આવી તારી પ્રેમભરી બનાવટ શાશ્વત–હંમેશાની–છે. પણ મારે તો એવું જગત નથી જોઈતું.

પૃષ્ઠ ૨૫. **પ્રભુનો જ સાથ.** મારે સ્વર્ગ જોઈતું નથી, મારે તો પ્રભુ ! ફક્ત તારો સાથ જોઈએ છે. તારા વિના બીજું સર્વ ઊણું ને અધુરૂં છે.

કડી ૪. વરસાદનાં થોડાંક બુંદ પડે કે કમોસમમાં માવઠું થાય તેથી જેમ પાક નીપજતો નથી, તેમ સ્વર્ગ મળ્યે મારા અંતરની આશા સંપૂર્ણ રીતે સંતોષાય એમ નથી. હું તો તારી કૃપાની ભરપૂર હેલીઓ વાંછું છું.

કડી ૬. સમુદ્રમાં મોતી પાકે એવું તારું નૂર છે. હું નાના સરખા બિન્દુ જેવો છું–પણ એ સિન્ધુનું–દરિયાનું બિન્દુ છું. એટલે આપણા બંનેનું પોત એક જ છે. બંનેમાં એક જ મૂળ તત્ત્વ રહેલું છે. માટે મને તારો જ સાથ જોઈએ છે.

પૃષ્ઠ ૨૯. **તલાવડી દૂધે ભરી રે.** વિશ્વરૂપી આ તલાવડી શુદ્ધ ચેતનરૂપી દૂધથી ભરેલી છે ને પુણ્યકૃત્યરૂપી મોતી વડે એની પાળ બાંધી છે. ત્યાં ઉચ્ચ પ્રદેશનો હંસ, ઈશ્વરનો અંશભૂત જીવાત્મા, આવીને દૂધ ને મોતી છોડીને લીલી શેવાળ ચરે છે, અર્થાત્ આધ્યાત્મિક તત્ત્વથી વિમુખ થઈ સંસારના બાહ્ય પદાર્થોમાં રચ્યોપચ્યો રહે છે. એ તળાવે દૂધ ને મોતીનો ચારો ચરવા ચંદા ને તારા આવે છે.

કડી ૪–૫. સૂરજ દાદાની દીકરી ઉષા પૂર્વને માંડવે રોજ આ તલાવડી પર આવે છે. એમાં નાહીને પોતાના વાળે મોતી પરોવે છે ને જગત પર જાતજાતના રંગો પાથરે છે. દિનને કરનારા સૂર્યનાં કિરણરૂપી હંસો દશે દિશાથી ઊડતા

ઊડતા આવે છે ને એના દૂધ વડે પોતાના શરીરને ઉજ્જ્વલ બનાવે છે, ને યથેચ્છ મોતીનો ચારો ચરે છે.

કડી ૭-૮. હે ઉચ્ચ પ્રદેશના વાસી હંસલા, પ્રભુના અંશરૂપ જીવાત્મા, તારે તે જગતના વિષયોરૂપી શેવાળ ચરવાની હોય ? એમાં તો કંઈ તત્ત્વ નથી. તારાં ખરેખરાં ભક્ષ્ય–ખોરાક તો આ રસે ભર્યાં મોતી ને દૂધ છે. તું કેવળ સુધામય અર્થાત્ અમૃત તત્ત્વથી બનેલો છે, તારું તેજ અપાર્થિવ છે. માટે તું જ્ઞાન–ચેતનરૂપી દૂધ ઝીલીને પુણ્યકૃત્યરૂપી મોતીનો ચારો ચરી એના દિવ્ય તેજથી દીપતો આધ્યાત્મિકતાના ઉચ્ચ પંથે ઊડ્યો જા.

પૃષ્ઠ ૩૨. **દિવ્ય પ્રતિબંધ.** મારી પાસે અનેક પ્રકારની સંપત્તિ છે, તોયે પગલે પગલે મને અંતરાયો કેમ નડે છે ?

કડી ૨-૩. મારે માટે આ અનંત ને ઊંડું આકાશ ઊડવા માટે છે. છતાં દિશાના છેડા જોઇ હું ડરી શા માટે જાઉં છું ? હૃદયમાં ઊંડેઊંડે અદ્ભુત આશા રહેલી છે, પણ એના તંતુ તૂટી કેમ જાય છે ? અલૌકિક સ્વપ્નોમાં હું રમી રહું છું, તો પણ નસીબમાં આ ભરે મારે આ પૃથ્વીની ધૂળ જ કેમ રહે છે ? મારા મુખ પર સુંદર સ્મિત ફરકી રહે છે, છતાં હૈયામાં આ કયા કાંટા ભોંકાય છે ? અર્થાત્ હું શુદ્ધ, મુક્ત સ્વતંત્ર આત્મતત્ત્વ છું, છતાં આ જડ જગતનાં બંધનો મને કેમ બાંધી રહ્યાં છે ?

કડી ૫. મારે પગલે પગલે તારા દિવ્ય પાશો–તારી માયાનાં અલૌકિક બંધનો રહ્યાં છે, તેમ છતાં મારો આત્મા પોતાની પાંખ વીંઝે છે. ઉચ્ચ આધ્યાત્મિક પ્રદેશમાં ઊડવા એ પ્રયત્ન કરી રહ્યો છે. તારા ગગનમાં પ્રેમના પાવક પ્રજળે છે, છતાં આ કઇ શક્તિ મારી આંખને ઢાંકી રહી છે ? ઈશ્વરનો પ્રેમપ્રવાહ અખંડ વહી રહ્યો છે, છતાં માયા મનુષ્યની દૃષ્ટિને આવરી રહી છે.

પૃષ્ઠ ૩૪. **કમળતલાવડીનો હંસલો.** કમલોથી ભરેલી તલાવડી આગળ હંસ ઊભો રહ્યો છે. કમલો પર ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે ને હંસ પોતાની પાંખ બીડી તલાવની, કમલની ને ભ્રમરની સુંદરતા પર મુગ્ધ થઇ ઊભો રહ્યો છે.

કડી ૪. પણ આ સર્વ સૌન્દર્ય ક્ષણજીવી છે. એક ઘડીમાં મનને મોહ પમાડી એ ઊડી જાય છે. પણ હંસ આંખ મીંચી ઊભો રહ્યો છે તેને ખબર નથી કે આ સુંદરતા ક્યાં સુધી ટકશે ? પાર્થિવ વિષયોની મોહિનીથી મુગ્ધ બનેલો જીવ જાણતો નથી કે એ સૌ ક્યાં સુધી ટકશે ?

કડી ૬. કમળતલાવડી પર ઊભા રહેલા હંસ ! પાર્થિવ વિષયોના આકર્ષણમાં ભમી રહેલા જીવાત્મા ! તારી આંખો ખોલ, સાચું જ્ઞાન મેળવ ! ભલે

ભમરા કમળ પર ગુંજારવ કરે, વિષયી જીવો વિષયોમાં ભલે અટવાય. તેં તારી પાંખ શા માટે બીડી રાખી છે ? તું ઉચ્ચ આધ્યાત્મિક પ્રદેશનો પ્રવાસી છે. તું તારે ઊડ્યો જા !

પૃષ્ઠ ૩૯. **દેવનો મોક્ષ.** મેં મારા મંદિરમાં દેવને સોનાના સિંહાસન પર પધરાવ્યા, મોંઘાં મોંઘાં ફૂલો એને ચઢાવ્યાં, ધૂપ ધરાવ્યા, દરરોજ એની પૂજા અર્ચના કરી. પણ મારું મંદિર તૂટી ગયું ને દેવ જતા રહ્યા ! બાહ્ય ઉપચારોથી પ્રભુ પકડી શકાતા નથી. એને તો સાચા હૃદયની ભક્તિ જોઈએ છે. આત્મા–પરમાત્માનું સાટું તો અંતરનું છે, તેને બહારની પૂજા કેમ સિદ્ધ કરે ?

પૃષ્ઠ ૪૦. **પ્રભુની પ્રીત.** ઈશ્વર જોડે પ્રીત બાંધવી એ સહેલી વાત નથી. એ કાર્ય તો માથું મૂકીને કરવા જેવું વિકટ છે.

કડી ૩. એ કાંઈ મોજમજા કરવાનું સ્થાન નથી, પણ પ્રેમનું પવિત્ર મંદિર છે. માથું કાપીને જે પહેલાં આંગણામાં મૂકે તેને જ એ પ્રેમમંદિરમાં પ્રવેશ કરવાનો અધિકાર મળે છે. અર્થાત્ હુંપદ તજી, અહંભાવ ભૂલીને જે કેવળ તન્મય થઈ જાય તેના જ હૃદયમાં પ્રભુ પ્રત્યે સાચો પ્રેમભાવ પ્રકટે છે.

પૃષ્ઠ ૪૨. **મનબંધન.** મારું મન અત્યંત ચંચળ છે. એને તારા તરફ હું શી રીતે વાળું ? એને તો અનેક વિષયોમાં ભમવાની ટેવ પડી ગઈ છે. ઊંડી ઈન્દ્રજાળ–માયાવી રચના–હોય એવું એ છે. એને હું શી રીતે સ્થિર બનાવું ?

કડી ૬. એને હું લાડ કેમ લડાવું ? ભમતા ઢોરને જેમ ખીલે બાંધી તાળું મારવું પડે છે તેમ એ અત્યંત ચંચળ મનને હું ઈશ્વરરૂપી ખીલે બાંધી ભક્તિરૂપી તાળું મારું તો જ એ તારા તરફ સ્થિરભાવે વળેલું રહેશે.

પૃષ્ઠ ૪૪. **ઉરની ભરતી** કડી ૧–૨. હે ઈશ્વર, હું તને મારા મનમાં શી રીતે રમાડું ? મારૂં મન તારી પ્રત્યે શી રીતે વાળું ? મારા શરીરમાં ને મનમાં ખૂબ બળપૂર્વક માયાએ પોતાનું સામ્રાજ્ય જમાવ્યું છે. જરા પણ જગા તારે માટે બાકી રહી નથી. તેમાં તારું ગાન કરી આનંદ પામવા મને સહેજ પણ અવકાશ મળતો નથી. પહેલાં તો માયા મારા પ્રેમનું પાત્ર–પ્રિયતમા–બનીને મારા મનમાં પેઠી ને હવે એણે મારું આખું જીવન કબજે કરી લીધું છે.

કડી ૪–૫. આ જગતમાં જે ભિન્ન ભિન્ન પદાર્થો દેખાય છે તે નામ તથા રૂપને લીધે જુદા જુદા દેખાય છે. તત્ત્વ તો સૌની પાછળ એક જ છે. એ નામ રૂપની વ્યાખ્યા કરવા, એનાં લક્ષણો પકડવા, તું હુંરૂપે અર્થાત્ માનવી સ્વરૂપે જગતમાં આવ્યો. एकोऽहं बहु स्याम् હું એક છું તે અનેકરૂપે થાઉં, એવી ઈચ્છા કરી

તું જ જુદા જુદા સ્વરૂપે જગતમાં આવ્યો. પણ એ નામ ને રૂપ–સંસારના પદાર્થો–મનના માયારૂપી કૂવામાં જઈને બંધાઈ પડ્યાં. પણ હૃદયમાં હું ભક્તિભાવની એવી જબરી ભરતી ચઢાવું ને તારી લગની એવી લગાડું કે માયા ધીરે ધીરે મનમાંથી હઠતી જશે ને મન હાલ માયામય છે તે પછી હરિમય થઈ રહેશે.

પૃષ્ઠ ૪૬. **માયાની લગની.** કડી ૧. હે જીવ! તારું મન માયા વડે આકર્ષાઈ ગયું છે. પણ આ માયામય જગતની આશા ક્યાં લગી કરવી? માયા એ જ માતા રૂપે ભેદભાવને જન્માવે છે ને પત્નીરૂપે એ જ માયા તને આકર્ષી રહી છે. આખો સંસાર એ માયાની જ ઉત્પત્તિ છે. એવી એ માયા મોહક ને મોટી ઠગારી છે.

કડી ૫–૯. ફૂલ તરફ ભમરો ખેંચાય છે, પણ આ મનરૂપી ભમરો તો જેની હયાતી જ નથી એવા આકાશપુષ્પમાં બંધાઈ ગયો છે. જૂઠી માયામાં ગૂંચવાઈ ગયો છે. અને દિવસે પણ એને અંધકાર લાગે છે. આત્માનો પરમ પ્રકાશ છતાં તમોગુણને લીધે અજ્ઞાનના તિમિરમાં એ ગોથાં ખાય છે. જ્યારે આત્મ અને અનાત્મનો, અર્થાત્ ચેતન ને જડનો, સત્ય ને અસત્યનો ખરો વિવેક થાય, બંને વચ્ચે રહેલો ભેદ પરખાય, ત્યારે સત્ત્વ રજસ ને તમસ એ ત્રણે ગુણની ઉપાધિ છૂટી નિસ્ત્રૈગુણ્યનો પંથ પકડાય ને પદે પદે મુંઝવતી માયાની ભ્રમણામાંથી છૂટકારો પમાય. જન્મ ને મૃત્યુ વચ્ચેનું આ સંસારમાં દેખાતું જીવન એ તો સમુદ્રના મોજાના ફીણ જેવું તત્ત્વહીન ને જૂઠું છે. મીણબત્તીમાં જે પ્રકાશ દેખાય છે તે જ્યોતિ કંઈ મીણ નથી. તું જેને તારી પોતાની માની રહ્યો છે તે જગતની માયા તો જૂઠી છે.

પૃષ્ઠ ૪૮. **પડછાયા.** તું જે આ બાહ્ય ઉપાસના આદિથી દેવ રીઝવવા પ્રયત્ન કરી રહ્યો છે તે ખોટા છે. એ મૂળ વસ્તુ નથી, પણ પડછાયા છે મનને મોહ પમાડનારી એ જૂઠી માયા છે.

કડી ૨. ધોબી જેમ કપડાંની ગાંસડી ઉપાડી જાય છે પણ એ તો પારકા કપડાં હોય છે એમાં એનું કંઈ હોતું નથી, તેમ તેં પણ આ જીંદગીનો જૂઠો ભાર ઊચકી લાંબી મજલ કાપી ને બળતા રણમાં ચાલ્યો, પણ એમાં સાચું તત્ત્વ કંઈ નથી.

કડી ૫. તત્ત્વચિન્તન ને ફિલસુફીની મિથ્યા વાતો છોડી દે. બહારથી દેખાડવાને ટીલાંટપકાં કર્યાં છે એ ટપકાં નથી, પણ માયાનાં ટપલાં ખાવા જેવાં છે. ખોટા ધખારા છે. તે સૌ ભૂંસી નાખ. પળે પળે ફેરવાતી છાયા જૂઠી છે. મૂળ

વસ્તુ તો જુદી જ છે, તેમ તારી આ બાહ્ય ઉપાસના પૂજા અર્ચના ફિલસુફી એ સૌ કેવળ ચાળા છે. એ છોડીને સાચો ભક્તિભાવ ગ્રહણ કર.

પૃષ્ઠ ૫૭. **માધુરી.** હે પ્રભુ, તેં કેવું માધુર્ય આ જગત પર ઉતાર્યું છે ! રસની કેવી રેલ વહાવી છે ! દશે દિશાને ભરી દેતી તારી કૃપાની ધારા કેવી વરસી રહી છે ! ડોકમાં ગુલાબનાં ઝૂમખાં ઝુલાવતી હોય તેવી ગુલાબી રંગની ઉષા આકાશમાં ઘડીભર ચમકી રહે છે. તેના સૌન્દર્યનું હું પાન કરવા જાઉં છું એટલામાં તો એ સરકી જાય છે. પાછળ સોનેરી ચમરી ચમકાવતો તેજબાલ સૂર્ય પધારે છે. એના સુવર્ણ સમા કિરણોની રજ હું ખોબેખોબે ઝીલવા જાઉં છું પણ મારો ખોબો ખાલી જ રહે છે. લાલ કમળનાં બનાવેલાં તોરણો ટાંગતી સંધ્યા ઘડીભર આકાશમાં આવે છે. એના સૂરો હું અંતરમાં ઝડપી લઉં છું પણ એટલામાં કોણ જાણે એ કયાં અદૃશ્ય થઈ જાય છે ! અંતે લાખો ટીલીટપકીનો તારે મઢયો સાળુ પહેરી રાત્રિ પધારે છે. એ સાળુ હું હૈયા સરસો ચાંપું છું તો એનાં તીર ભોંકાય છે ને હૃદય એ વ્રણોમાંથી–ઘામાંથી રુધિર ઝરે છે ! આ સર્વ વેદના એ તારી જ દીધેલી વિરલ ભેટ છે. એને હું હૃદયમાં સંઘરી રાખું છું ને એને તારી કૃપા માની આનન્દિત રહું છું.

પૃષ્ઠ ૬૧. **જીવનઘાટના ઘા.** પ્રભુ, તું મને ઘા પર ઘા મારી રહ્યો છે, એક પછી એક વેદના મોકલી રહ્યો છે, પણ એ ઘા મારા જીવનને ઘડી રહ્યા છે–સુધારી રહ્યા છે–એમ માની એને ફૂલ સમા ગણી હું વધાવી લઉં છું. દુઃખાનુભવથી હૃદય આર્દ્ર થઈ ભક્તિભાવે તારા તરફ વળશે એમ માની હું સર્વ વિપત્તિઓને સહર્ષ સ્વીકારી લઉં છું.

કડી ૪. લોખંડ પર કાટ ચડયો હોય છે ત્યારે જેમ કાનસ ફેરવી એ કાટ કાઢી નાખવામાં આવે છે તેમ મારા હૃદય પર લાગેલો માયા વાસના આદિનો કાટ તેં મોકલેલી વિપત્તિરૂપી કાનસ વડે સાફ થઈ રહ્યો છે. વિપત્તિ સહન કરીકરીને મારું હૃદય નિર્મળ થઈ જશે. અને પછી જેમ પારસમણિનો સ્પર્શ થતાં લોખંડ સુવર્ણ બની જાય છે તેમ તારી ભક્તિનો પારસમણિ મારા હૃદયને અડકતાં એ શુદ્ધ સુવર્ણરૂપ અર્થાત્ કેવળ ચૈતન્યરૂપ ઈશ્વરમય થઈ જશે, એવી મને શ્રદ્ધા છે.

પૃષ્ઠ ૬૩. **અનુભવ.** જેને દુઃખનો અનુભવ થયો હોય તે જ દુખિયાની સ્થિતિ સમજી શકે છે. સુખી પુરુષો એની કલ્પના કરી શકતા નથી.

કડી ૩–૪–૫. જ્યાં છ છ મહિના સુધી રાત રહે છે ને ધ્રૂજાવી નાખે એવી ઠંડી પડે છે ને કોઈ પણ ઉપાયથી તે અટકતી નથી એવા ધ્રુવ પ્રદેશના સંકટનો ખ્યાલ બીજા પ્રદેશમાં રહેનારા લોકોને આવતો નથી. દિલમાં ભડકા ઊઠે છે ને

ઉપર આકાશમાં મેઘ ઘોર ગર્જન કરી રહ્યા છે પણ મંદિરમાં ઘંટાનો એટલો અવાજ થઈ રહ્યો છે કે ભક્તોને એનો ખ્યાલ આવી શકતો નથી. અર્થાત્ ઉપાસના આદિ બાહ્ય સાધનોમાં ગૂંચવાએલા ભક્ત હૃદયને પ્રભુના વિરહની વેદનાનો ખ્યાલ આવી શકતો નથી. હે પ્રભુ, તારા પ્રેમની કટારી આજે મારા હૃદયને વાગી ગઈ છે. બોલીને કહી ન શકાય એવી તારા ભક્તની એ વિરહવેદના તારા સિવાય કોઈ મટાડી શકે એમ નથી.

પૃષ્ઠ ૬૫. **પ્રાર્થના.** કડી ૩-૪. માયાના પાશમાં મને બાંધવા જતાં ભક્તિના બંધનમાં બંધાઈ જઈને તું જ મારા હૃદયમાં સપડાઈ ગયો છે. મેં આખરે તારૂં સાચું સ્વરૂપ ઓળખી લીધું છે. હવે તો હું મુક્ત ન થાઉં ત્યાં સુધી તું પણ છૂટી શકે એમ નથી. વાદળાંઓ વરસી ગયા પછી આકાશ સ્વચ્છ થઈ જાય છે, તેમ દુ:ખોને લીધે મારી આંખમાંથી આંસુ સરી ગયા પછી હવે હૃદય આર્દ્ર થઈ સ્વચ્છ બન્યું છે. હવે હસીને કે રડીને મારે તારી પાસે કંઈ લેવાનું નથી. તારે પણ મારી પાસે કશું માગવાનું રહ્યું નથી. સાચું જ્ઞાન થતાં હવે લેવાદેવાનું કંઈ રહ્યું નહિ.

પૃષ્ઠ ૬૯. **લોકદેવની સેવા.** મનુષ્યો એજ દેવ છે. એ જનતા-જનાર્દનની સેવા એ ખરી ઈશ્વરસેવા છે. મનુષ્યરૂપે અનેક સ્વરૂપે ઈશ્વર જ વિલસી રહ્યો છે. એ પ્રભુની જીવતી પ્રતિમાઓ છે અર્થાત્ ઈશ્વરના જ અંશભૂત, ઈશ્વરનું જ ચૈતન્ય ધારતી એ વ્યક્તિઓ પાષાણાદિની જડ પ્રતિમા કરતાં વધારે સેવવા યોગ્ય છે.

પૃષ્ઠ ૭૨. **પરમાર્થ.** સંત પુરુષો હંમેશાં પારકાં માટે જીવે છે. એમના શ્વાસોચ્છ્વાસે પરોપકાર કરવાની ઈચ્છા વસી રહેલી હોય છે. બીજાનું ભલું કરવામાં એ પોતાનાં સુખ સગવડનો જરા પણ વિચાર કરતા નથી. સૂર્ય, તારા, મેઘ, વૃક્ષો, નદીઓ, ચંદનવૃક્ષ એ સર્વ પોતે જાતે ઘસાઈ કષ્ટ વેઠી અગવડ ભોગવી અન્યનું ભલું કરે છે.

કડી. ૬. માથું મોટું પર્વત જેવું હોય, હંમેશાં માથું અક્કડ ને અક્કડ રાખતો હોય, પણ એનું કુળ નીચનું હોય છે; સમુદ્ર જેવા લાંબાપહોળા દેખાવના હોય છે, પણ હૃદય ભિખારી જેવું હોય છે; વિદ્યાવાન હોય, પણ એ વિદ્યા કોઈને ખપ ન લાગે એવો એનો ઉપયોગ કરતા હોય, હૃદયને સ્મશાન જેવું શૂન્ય બનાવી મૂક્યું હોય; એવા કેવળ સ્વાર્થમાં જ રચ્યાપચ્યા રહેનારા જીવો દુનિયાને શાપ સમાન છે. સંત પુરુષો તો જગતના ભલાને અર્થે જ જીવન ગાળે છે.

પૃષ્ઠ ૭૪. **કર્મચરિત્ર.** કડી ૫. સૂતરના દોરા વણી તેનું દોરડું બનાવી જેમ કોઈ માણસ તેમાં ફસાય, તેમ કર્મરૂપી સૂતરને વણીવણી તેનું દોરડું

બનાવી આત્મા પોતે જ તેમાં બંધાઈ ગયો છે–જગતની ઉપાધિમાં ફસાઈ ગયો છે. મંદિરમાં દેવની સ્થાપના કરવામાં આવે છે તે પણ માયાની ઉપાધિને લીધે જ. નિર્ગુણ નિરાકાર નિરંજન બ્રહ્મને માયાવિષ્ટ બનાવી તેની સગુણ ઈશ્વર તરીકે ઉપાસના કરવામાં આવે છે, તે જ રીતે કર્માદિના બંધનને લીધે શુદ્ધ મુક્ત આત્મા જીવાત્મા તરીકે નાના પ્રકારના ભેદભાવમાં ભમે છે.

પૃષ્ઠ ૭૬. **કર્મનાં પ્રતિબિંબ.** કડી ૧. તું ને તારાં કર્મ એ ભિન્ન વસ્તુ નથી. તારાં કર્મો એ તારા સ્વરૂપનાં જ પ્રતિબિમ્બ છે. જેવો મનુષ્ય તેવાં તેનાં કર્મ, અથવા જેવાં એનાં પૂર્વકર્મ તેવો એ મનુષ્ય. આખી દુનિયા ખોળી વળ. એ જ સંસારનો આકર્ષક અરીસો છે. એમાં સારાં નઠારાં કર્મો દેખાઈ આવે છે.

કડી ૬. આત્માનું શુદ્ધ જ્યોતિર્મયરૂપ છે એવું જો આપણું સ્વરૂપ બને તો કર્મરૂપી પ્રતિબિમ્બ પણ તેવું જ શુદ્ધ જ્યોતિર્મય બનશે. આત્મા–પરમાત્માની સાચી એકતા સધાશે. શાસ્ત્રો અનેક છે પણ એ સર્વનું રહસ્ય આટલું જ છે. આત્મૈક્યના અનુભવની એ સાચી જ્યોતિ મેળવી આ સંસારનાં માયામય કર્મો દૂર કરી નાખ.

પૃષ્ઠ ૭૮. **પૂર્ણજીવનની સુંદરતા.** હે મન! તું હંમેશાં તારા પોતાના જ તરંગમાં કેમ રચ્યું પચ્યું રહે છે? સ્વ સિવાય બીજું તને કેમ સૂઝતું જ નથી? "હું" એ જ વિશ્વનું સારસર્વસ્વ હોય એમ કેમ માની રહ્યું છે? હું તું એ ભેદ વિશ્વના જીવનમાં છે જ નહિ. વિશ્વ આખું એક સૂત્રે ગૂંથાએલું છે.

કડી ૩–૪–૫. વૃક્ષના એક જ અંગમાં સુંદરતા રહેતી નથી. ફૂલ, પાંદડાં, ડાળી વગેરે વૃક્ષના જુદા જુદા ભાગો છે ને તે સર્વ મળીને આખા વૃક્ષને સુંદરતા બક્ષે છે એનો તું દાખલો લે. તું એકલો કંઈ નથી. બિન્દુ એ સમુદ્રનો ભાગ છે, પણ બિન્દુમાં કાંઈ આખો સમુદ્ર સમાતો નથી. તેમ કેવળ તારા અહંમાં આખું વિશ્વ નથી સમાયું. વિશ્વના ચૈતન્ય સાથે એકતા સાધી પૂર્ણ જીવન તું પ્રાપ્ત કરશે તો જ સાચી સુંદરતા તને મળશે. તું કેવળ તારી એકલી જાતમાં રચ્યો પચ્યો રહીશ તો જુદા જુદા પ્રકારનાં બંધનોમાં સપડાઈ જઈશ. એ જાતના જીવનનો મોહ ન રાખ. પણ હું–તુંના ભેદભાવ ભૂલી પૂર્ણ જીવનનો–વિશ્વજીવન સાથે એકતાને ધબકતા જીવનનો અનુભવી થા.

પૃષ્ઠ ૮૦. **યોગ.** હે પ્રભુ, તેં મારો સાથ ક્યારે છોડ્યો છે કે તારો યોગ કરવા, તને પ્રાપ્ત કરવા હું મથું? તું મારાથી જરા પણ દૂર નથી રહ્યો. અંતરમાં તેમજ બહાર સર્વત્ર તું જ મારામાં વ્યાપ્ત થઈ રહ્યો છે.

કડી ૩. મને પીડા થાય છે તે ખરી રીતે જોતાં પીડા નથી. પણ મારા હૃદયમાં તું પુણ્યની, પવિત્રતાની મેખ મારે છે તેથી મને ખીલા વાગતા હોય એમ લાગે છે. આંખમાં આંસુનાં પૂર ઉભરાય છે તે સાચું જોતાં તારા જ અમૃતની વર્ષા વરસે છે.

કડી ૪. ઘડો પૂરેપૂરો પાણીથી ભરાઈ ગયો હોય તેમાં વધારે પાણી માઈ શકતું નથી તેમ તું મારા અંતરમાં સંપૂર્ણ રીતે વ્યાપ્ત થઈ રહ્યો છે. મારું હૃદય તુંમય થઈ રહ્યું છે, પછી તને મેળવવા માટે બીજી સાધના કરવાની શી જરૂર છે?

કડી ૬. પ્રેમભાવે કરીને હું તારું સાયુજ્ય–સામીપ્ય–સંયોગ પામ્યો, તારો સાથ મેળવી શક્યો. હવે પછી મારે બીજાં યોગ ઉપાસના વગેરે સાધનોની શી જરૂર છે? ભમરીના ડંખ ખમીખમીને ભમરીનું ધ્યાન ધરતો ધરતો કીટ આખરે પોતાનો દેહ ભેદીને ભ્રમરરૂપ બની ઊડી જાય છે, તેમ તેં મોકલેલી વેદનાના ડંખ ખમીખમીને હું તુંમય થઈ ગયો છું. તેં મારો સાથ કદી તજ્યો નથી.

પૃષ્ઠ ૮૨. **એક જ તારી ઓથ.** હે પ્રભુ! એક તું જ મારો આધાર છે, તું જ મારું જીવન છે, તારા સિવાય બીજું બધું ખાલી છે.

કડી ૨. તારા વિના પૃથ્વી, સાગર આદિ તારી રચના નકામી છે. એ તો તારી રચનાની રમત માત્ર છે. ચેતનના આધાર વિના જડ વસ્તુ જેમ કેવળ નિષ્ક્રિય રહે છે, તેમ તારા વગરનું અંતર પણ તદ્દન ખાલી ભાસે છે. મને માત્ર તારો જ આધાર છે.

કડી ૪. સમુદ્રને તરી જવા કોઈ વહાણમાં બેસે અને વહાણ તૂટી જાય, તેમ સંસાર સાગરને તરવા મેં બાહ્ય સાધનો અજમાવ્યાં પણ તે સર્વ નિષ્ફળ નીવડ્યાં. ઈશ્વરના નામનો તરાપો મળે તો જ સંસારસમુદ્ર તરી શકાય. ઈશ્વર-ભક્તિ વડે જ મોક્ષપદની પ્રાપ્તિ થઈ શકે.

પૃષ્ઠ ૮૭. **ઊડવાં આઘાં આઘાં રે.** અંતિમ પદની પ્રાપ્તિ કરવા માટે આધ્યાત્મિકતાના પ્રદેશમાં ઘણે આઘે પ્રવાસ કરવાનો છે. સંસારના માર્ગોથી બહુ દૂર પ્રભુના પંથે જવાનું છે.

કડી ૫. વિહંગો–પક્ષીઓ આઘે આકાશમાં ઊડે છે ને જેમ જેમ એ દૂર ઊંચે ઊડે છે તેમ તેમ દિગંત (દિશાનો છેડો) દૂર હઠતી જાય છે. જેમ જેમ આધ્યાત્મિકતાના પ્રદેશમાં આગળ ને આગળ પ્રવાસ કરતા જઈએ છીએ તેમ તેમ તેની સીમા આઘી ને આઘી જતી જાય છે. સાચા સુખરૂપી પતંગ બહુ ઊંચે ઊડી રહ્યો છે તેનો દોર હાથમાં શી રીતે આવે?

કડી ૮. આશાનું રહેઠાણ બહુ દૂરના પ્રદેશમાં છે—બહુ દૂરની વસ્તુની આશા રાખી છે ને પ્રાણને પણ બહુ દૂરનો પ્રવાસ કરવાનો છે. આત્માને એ આધ્યાત્મિકતાના દૂર પ્રદેશમાં ઉડાવતાં પ્રેમ ને કલ્યાણની પ્રાપ્તિ થશે.

પૃષ્ઠ ૯૦. **અનિર્વાચ્ય પરમતત્ત્વ.** કડી ૨. વેદ, પુરાણ, કુરાન, અવસ્તા આદિ જે રીતે ઈશ્વરની ઓળખાણ આપે છે તે રીતે હું એનું સ્વરૂપ લોકોને સમજાવું છું. પણ જેમ અક્ષર ન હોય ને માત્ર કાનો માત્રા લખ્યાથી કોઈ વર્ણ-ઉચ્ચાર કરી શકાય એવો વર્ણ-નીપજતો નથી, તેમ તું કેવળ અગોચર છે તેને વાણી જેવા અપૂર્ણ ને બાહ્ય સાધનો વડે શી રીતે સમજાવી શકું ?

પૃષ્ઠ ૯૩. **અગમની ઓળખ.** ઈશ્વર અગમ્ય છે. એ મનુષ્યની કલ્પના કે બુદ્ધિમાં આવી શકતો નથી. એવા અગમ્ય તત્ત્વની સમજણ, હે સંતો, કોણ આપી શકે ?

કડી ૪-૫. તારા, સૂર્ય, ચન્દ્ર, સમુદ્ર, પૃથ્વી આદિ ઈશ્વરની વિભૂતિઓ છે. પણ એ કોઈ ઈશ્વરનું સ્વરૂપ સમજાવતાં નથી. હંમેશાં મૂંગાંજ રહે છે. લાખો નામે લોકો એની પૂજા કરે છે, પણ એ પોતાનું રહસ્ય બોલતાં નથી. મનુષ્યના અંતરમાં ઈશ્વરનું ચૈતન્ય ઝળકી રહ્યું છે. પણ બહાર તો માટીની કાયા જડ દેહ જ છે. એ અંદરનું ચૈતન્ય જાણકાર જ સમજી શકે છે. પાટી પર અક્ષરો લખાયા હોય તે જેને અક્ષરનું જ્ઞાન હોય તે જ ઓળખી શકે છે, પાટી જાતે એનો ઉચ્ચાર કરતી નથી, તેમ પ્રકૃતિનાં તત્ત્વો ઈશ્વરના સંદેશવાહક છે, પણ એ જાતે એ સંદેશ ઉચ્ચારી બતાવતાં નથી; જેને એ સંદેશ વાંચી શકનાર જ્ઞાનચક્ષુ હોય તે જ એ સમજી ને સમજાવી શકે છે.

પૃષ્ઠ ૯૫. **માલિકને દરબાર.** કડી ૩-૪. ઈશ્વરને ઢૂંઢતાં ઢૂંઢતાં, વ્રત, તપ, યાત્રા આદિ કરતાં કરતાં મારી આંખ પણ થાકી ગઈ. એના વિષેની વાતો સાંભળતાં મારા કાન બહેરા થયા. અને એના વિષેના જ્ઞાનનો ભાર એવો જબરદસ્ત થઈ ગયો કે તેના બોજા હેઠલ હું કચડાઈ ગયો છું. હવે મારા પગ ચાલી શકે એમ નથી. ઈશ્વરને પ્રાપ્ત કરવાનાં બાહ્ય સાધનો ઉલટાં ઉપાધિરૂપ થઈ પડ્યાં. મને દિવ્ય સંદેશ સંભળાય છે કે એ બધા બહારના શણગાર તું ફેંકી દે. એ તો અમથો ભાર છે. સૂર્યની વચ્ચે આવનારાં વાદળ જેવાં એ ઉપાધિરૂપ છે. શુદ્ધ સ્નેહભાવે, નિર્મળ ભક્તિ વડે તું ઈશ્વર પાસે આવ." એ સંદેશ સાંભળી મેં એ ભાર છોડી દીધા છે. બાહ્ય સાધનો ઉપાધિથી હવે હું મુક્ત બન્યો છું. હવે હે સંત પુરુષો, મને પ્રભુની પાસે લઈ જાઓ.

પૃષ્ઠ ૯૭. **સ્વયંપ્રકાશ.** હે જીવ, તું સ્વયંપ્રકાશ–તારા પોતાના તેજે પ્રકાશતા જ્યોતિરૂપ છે. તારે કોઈ બીજાના પ્રકાશની જરૂર નથી.

કડી ૪–૫. મનુષ્ય ઊંઘી જાય છે ત્યારે એની આંખ અંધારાથી છવાઈ જાય છે. બહારનો પ્રકાશ મળતો એને બંધ થઈ જાય છે, તેમ છતાં ઊંઘમાં સ્વપ્નો એ જુએ છે. તેને કોઈ પારકા તેજની જરૂર પડતી નથી. એને પોતાનુંજ તેજ મળી રહે છે. એ રીતે આત્મા એકલો હોય–બહારનો કોઈ પ્રકાશ એને મળતો ન હોય, તો પણ એ પ્રકાશરૂપ હોવાથી સહેજમાં એને જ્ઞાનનો પ્રકાશ મળી રહે છે. ઊંડા અંધકારથી ભરેલા આકાશમાં તારાને પ્રવાસ કરવાનો હોય છે. પરંતુ પોતાના જ તેજ વડે અંધારાને દૂર કરી એ આકાશના સંત જેવા તારકો પ્રવાસ કરે છે. એને કોઈનો આધાર લેવો પડતો નથી. એજ રીતે આત્માને પ્રવાસ કરવાનો માર્ગ અંધકારથી ભરેલો હોય તોપણ એ પોતાના જ તેજ વડે તેને અજવાળીને આગળ વધે છે. એને પરપ્રકાશની જરૂર નથી.

પૃષ્ઠ ૧૦૩. **નવપ્રકાશ.** ઈશ્વરના સ્વરૂપનું દર્શન બરાબર થતું નથી. પણ જાણે એક ચમકાર આવીને જતો રહેતો હોય એમ કોઈક વાર એનો પ્રકાશ હૃદયને સ્પર્શીને જતો રહે છે.

કડી ૨. હું રાત ને દિવસ સૂઈ રહ્યો. અજ્ઞાનના અંધારામાં પડી રહ્યો. સાચા સ્વરૂપનું મને દર્શન ન થયું. પણ વાદળાંઓ પરસ્પર અથડાઈને પોતાને થતું વેદન–દુઃખ–ગર્જના કરી પોકારી ઊઠે છે, ત્યારે વીજળીનો ઝબકાર થાય છે, તેમ સંસારના દુઃખાનુભવે મારું હૃદય કોઈક વાર આર્દ્ર બને છે ત્યારે ઈશ્વરના સ્વરૂપનો વીજળી જેવો ઝબકાર મારા હૃદયને ઘડીભર અજવાળી જાય છે.

કડી ૪. જેમ વીજળીને પકડીને ભૂમિમાં ઉતારવા તાર રખાય છે, તેમ એવા ઘડીમાં ઊડી જનારા એ ઝબકારની પાંખો બાંધવા માટે મને કોઈ પ્રેમનો તાર લાવી આપો ! જરા દર્શન દઈ અદૃશ્ય થઈ જતા ઈશ્વરને સદા માટે બાંધી રાખવા મને કોઈ પ્રેમમાર્ગનું જ્ઞાન આપો. પછી ક્ષણભર ઝબકાર કરી એ ઊડી જનારાને હું મારા હૃદયમાં બાંધી રાખીશ. પછી એ ઝબકારો કરી ક્યાં ઊડી જવાનો હતો ?

પૃષ્ઠ ૧૦૫. **અમૃતપાત્ર.** હે જીવ, તું શુદ્ધ ચૈતન્યરૂપ છે. આ દુઃખાદિથી ભરેલા માયામય જગતમાં ફસાઈ અજ્ઞાનમાં સપડાઈ રહ્યો છે તે છોડી દઈ તારા સાચા સ્વરૂપનો ખ્યાલ કર.

કડી ૨–૩–૪. તારું હૃદય એ ઈશ્વરનું મંદિર છે. તારે પાંચે ઈન્દ્રિયો એ ત્યાં જવા સારુ પાંચ બારીઓ છે. અને એ ઈન્દ્રિયો વડે ગ્રહણ થતા શબ્દ રસ રૂપ ગંધ

સ્પર્શ વગેરેના વિષયો એ સંસારની લીલાઓ છે. દેવને દૂધ દહીં મધ આદિ પંચામૃત ધરાવાય છે તેમ એ પાંચે ઈન્દ્રિયો વડે થતું જ્ઞાન તું તારા હૃદયમાં ધારણ કરી તું ઈશ્વર પધારે ત્યારે તેને ચરણે ધરાવજે. કારણ કે જ્યારે એની સ્વારી આવશે ત્યારે બીજું તું શું એને સમર્પણ કરી શકશે ? અર્થાત્ સુખોપભોગના સર્વ વિષયો તું ઈશ્વર ચરણે ધરી દે. તને પ્રાપ્ત થએલું માનવજીવન એ કંઈ પાપના પરિણામરૂપ નથી, તેમજ નથી એ ફૂલની પથારી જેવું એશઆરામ કરવાનું સાધન માત્ર. પણ પુણ્યનું અમૃત ભેગું કરી કરી ઈશ્વરને ચરણે મૂકવા માટેનું એ સાધન છે.

કડી ૫. દરેક તીર્થમાં નારાયણ–પ્રભુ–વસે છે. દરેક સ્થળે પ્રભુનો વાસ છે એમ માની તારા ભમતા મનને સ્થિર કર.

પૃષ્ઠ ૧૦૭. **દ્વિરંગી જ્યોત.** કડી ૧–૨. આ માનવજીવન દોરંગી છે. એક દૃષ્ટિએ જોતાં એ દુઃખ ને વિપત્તિથી ભરેલું ભાસે છે. બીજી રીતે જોતાં એ શુદ્ધ ચૈતન્યરૂપ ઈશ્વરના અંશ સમું છે. જીવનની અમર જ્યોત અખંડ પ્રકાશે ઝગે છે, છતાં એ વેદનાથી ધ્રૂજે છે, સંતાપ સહન કરે છે.

સોના સરખા દેહરૂપી કોડિયામાં પ્રેમામૃત રૂપી તેલ પૂર્યું છે, જ્ઞાનનાં કિરણોની વાટ ગૂંથીને બનાવી છે અને પછી વેદનાના–દુઃખના ભડકે તેને સળગાવી છે. એવી જાતની જીવનની અમર જ્યોત જગતમાં પ્રકાશી રહી છે. અંદર તો પ્રેમરૂપી અમૃતનો રસ છલકાઈ રહ્યો છે, પણ ઉપર દઝાડે એવી ઝાળ હોય છે. બહારથી વિપત્તિજ દેખાય છે, પણ અંદર ઊતરીને જોતાં એ પ્રેમનાજ પ્રભાવ છે એમ જણાઈ આવે છે. દિવેટ તેલ પીએ છે તો એને બળવું પડે છે, તેમ હૃદયમાં પૂરેલા પ્રેમામૃતને ચાખનારા સંતોને વિપત્તિની ઝાળે દાઝવું પડે છે. સંતનો પંથ એવો કપરો છે.

કડી ૫. આ બળવાનું ક્યાં સુધી રહેશે ? આ વિપત્તિ ક્યાં સુધી સહન કરવી પડશે ? એવા પ્રશ્નો નકામા છે. કારણ કે બળવાનું જતું રહેશે તો પ્રકાશ પણ આથમી જશે. તેજ રીતે વેદના લુપ્ત થઈ જતાં જીવન પણ નહિ ટકી શકે. બે એકબીજા સાથે એવાં સંકળાએલાં છે કે એકનો નાશ થતાં બીજાનો પણ નાશ થાય છે.

પૃષ્ઠ ૧૦૯. **અજવાળિયાં.** અજ્ઞાનના અંધકારમાં દટાઈ રહેલા આત્માને આજે જ્ઞાનનો પ્રકાશ મળ્યો ને અદૃશ્યનાં–પ્રભુનાં દર્શન થયાં. આજે આંખે અજવાળાં ઊગ્યાં.

કડી ૨. આકાશના ભૂરા પોપચા પર જેમ વાદળ ઢંકાઈ જાય છે પણ અંતે સાત રંગ વડે શોભતું એનું ભતું ઊઘડે છે અર્થાત્ સપ્તરંગી ઈન્દ્રધનુષ્ય પ્રગટે છે,

ત્યારે આકાશમાં રંગની અનેરી લીલા છવાઈ રહે છે; તેમ અજ્ઞાનના આવરણે જીવ સાચા સ્વરૂપનું ભાન ભૂલી માયામાં ભટકે છે, પણ સત્ય જ્ઞાનનો પ્રકાશ પામતાં એ નિજસ્વરૂપનો સાચો અનુભવ મેળવે છે. આજે એવા સત્ય જ્ઞાનનો પ્રકાશ મને સાંપડ્યો છે.

કડી ૪. સાતે સ્વર્ગનાં તેજ આપણી એક જ આંખમાં છુપાએલાં છે. પણ એ આંખ પર જગતની–માયાની પાંદડીનું આવરણ આવી પડ્યું છે. એ ખસી જતાં એ અનંત પ્રકાશની પ્રાપ્તિ સહેજે થાય છે.

કડી ૬–૭. એ નવદૃષ્ટિનાં–જ્ઞાનમય ચક્ષુનાં–અદ્ભુત તેજ કોઈકે જોયાં ને એને જોરવ્યાં. પ્રભુનું સૌંદર્ય એક જ દાણા વડે-કેવળ માયાના આવરણે–ઢંકાઈ રહ્યું હતું. એ આવરણ જતું રહેતાં ઈશ્વરની સુંદરતા સહેજે સાંપડી ગઈ. ગંગાસ્નાન વડે જેમ પાપો ધોવાઈ જાય છે, તેમ આત્માની આંખ દુઃખાનુભવથી આવતાં અશ્રુઓનું સ્નાન કરીને નિર્મળ બની છે, અને હવે જ્ઞાનના એકે એક કિરણે ભરપૂર આનંદ મળી રહ્યો છે.

પૃષ્ઠ ૧૧૩. **પ્રણવશક્તિ.** ઓમકાર–પ્રણવમંત્રનો જાપ એ ઈશ્વરોપાસનાનું એક અંગ છે. એના જાપ વિના છૂટકો નથી.

કડી ૨. તંબૂરાને જેમ તારો બાંધ્યા હોય છે ને તારને છેડવાથી સૂર ઉત્પન્ન થાય છે તેમ શરીરરૂપી તંબૂરા પર ઓમના ત્રણ તારો–અ-ઉ-ને મ્ એ ત્રણ અક્ષરનો બનેલો શબ્દ–બાંધી દે. પછી એ તારો છેડી જો. ઈશ્વરનાં દિવ્યગાનનાં સૂર એ પ્રગટાવશે.

પૃષ્ઠ ૧૧૫. **વલોણું.** કડી ૫. આ આખા બ્રહ્માંડનું વલોણું ચાલી રહ્યું છે. એનાં નેતરાં વિશ્વના સર્વ પદાર્થો તાણી રહ્યા છે. સૂર્ય ને ચન્દ્ર, પૃથ્વી ને ધ્રુવનો તારો, અનંત આકાશમાં ઘૂમી રહેલાં નક્ષત્રો એ સર્વ એ વલોણું ખેંચી રહ્યાં છે. બધાંને એ અપૂર્વ નાદ લાગ્યો છે. વિશ્વના સર્વ પદાર્થો એક બીજાને ખેંચી રહ્યા છે એ ગુરુત્વાકર્ષણનો મહા નિયમ જાણીતો છે. એ આકર્ષણ સર્વવ્યાપી છે.

પૃષ્ઠ ૧૧૭. **મારે દ્વારે.** મારો પ્રભુ મારે બારણે આવીને ઊભો છે. હું ગૂંચવાઈ ગયો છું. એ તો સમસ્ત વિશ્વનો સ્વામી છે. હું રંક, કંગાળ છું. હું એને શું આપું?

કડી ૨. પ્રભુ કહે છે, મેં જ તારી આવી દશા કરી છે. મેં પોતે જ તને કંગાળ બનાવ્યો છે. કારણ કે મને રંકને માટે પ્રેમભાવ છે. આખી દુનિયા સભર ભરેલી દેખાય છે, પણ તારા વિના એ નકામી છે. દુનિયાને તારી પણ જરૂર છે.

નાના સરખા પાંદડાનું અસ્તિત્વ પણ નિષ્પ્રયોજન નથી. તું ભલે કંગાળ હો, તારી દુનિયાને જરૂર છે, એમ ન હોત તો તારી હયાતી જ ન હોત. અને એથી તારે માટે, તને મળવા, તારે દ્વારે હું વારંવાર આવું છું ને ટાઢ તડકો ને વરસાદ વેઠી તારા બારણા આગળ વાટ જોતો ઊભો રહું છું.

પૃષ્ઠ ૧૧૯. **સર્વગોચર.** ઈશ્વર એક રીતે અગોચર છે. ઈન્દ્રિયો વડે એનો અનુભવ થતો નથી. એ ક્યાંય દેખાતો નથી. પણ બીજી રીતે જોતાં એ સર્વગોચર છે. બધેજ એ દેખાય છે. હું જ્યાં જ્યાં નજર કરું છું ત્યાં ત્યાં હે પ્રભુ, તું જ જણાય છે. આ વિશ્વની વાડીમાં સર્વત્ર તું જ ખીલી રહ્યો છે. સંધ્યા, ઉષા, સૂર્ય, ચન્દ્ર, પુષ્પ ને પ્રત્યેક પ્રાણીમાં તું જ વસી રહ્યો છે.

કડી ૩. અનંત આકાશમાં અંધારી રાતે તારાનાં દર્શન સહુ કોઈ કરી શકે છે. એ બીજું કાંઈ નથી પણ રાત્રિના ઘોર અંધકારમાં પણ જણાઈ આવતી તારી દિવ્ય, અલૌકિક ચરણરજ અર્થાત્ પગની ધૂળ છે. એ તારાનું તેજ તારા ચરણનું ભાન કરાવે છે.

પૃષ્ઠ ૧૨૧. **આત્માનંદ.** કડી ૧. હૃદયમાં ભક્તિભાવનો ચંદ્ર ઊગતાં સર્વત્ર પ્રેમામૃત રેલાઈ રહે છે ને આનંદ આનંદ વ્યાપી રહે છે. જ્યાં સ્નેહની સુવાસ સ્ફુરે છે ત્યાં આખી સૃષ્ટિ સુગંધિત બને છે. પણ સૃષ્ટિમાં પોતાની કોઈ સુગંધ નથી. એ સુગંધ તો મનુષ્યના પોતાના હૃદયની છે. સૃષ્ટિના જડ પદાર્થોમાં કોઈ પોતાના ગુણ નથી. એ તો આપણે પોતે આરોપેલા ગુણો એમાં દેખાય છે.

કડી ૩. જીભને જે ગળ્યા તીખા ખાટા વગેરે રસોનો આસ્વાદ આવે છે તે ખરી રીતે જોતાં જીભના પોતાના ગુણ પર આધાર રાખે છે. એનામાં પોતાનામાં સ્વાદ લેવાની શક્તિ ન હોય તો સૌ રસો નકામા છે. તેમ જે હૃદયમાં સ્પંદન-ધબકાર ન થાય, જે ચેતનવંતું ન હોય પણ કેવળ શૂન્ય જડ જેવું બન્યું હોય, તે શો રસ લૂંટી શકે ? તેને પ્રભુના પ્રેમામૃતનો સ્વાદ ક્યાંથી આવે ?

કડી ૫. જે આંખમાંથી તેજનાં કિરણો ફૂટે નહિ, જેમાંથી નૂર વહે નહિ, તે આંખો આંધળીજ ગણાય. અજ્ઞાનીને ચૈતન્યના આનંદનો કદી અનુભવ મળે નહિ. મારે ખભે હું આખા જગતનો ભાર હસતે મુખે આનંદથી ઉપાડી લઉં છું, કારણ કે મારા હૃદયમાં પ્રભુનો આનંદ ભરપૂર ભરેલો છે.

પૃષ્ઠ ૧૨૩. **માલિકની મહેર.** હે પ્રભુ, તારી મહેર સર્વ સ્થળે છાઈ રહી છે. એક અણુ માત્ર પણ તારી કૃપા વિનાનું નથી. તારી કૃપાના અમૃત વડે સર્વ કોઈ ખીલી રહ્યું છે.

કડી ૪. જ્યારે આકાશ વાદળાંઓથી છવાઈ ઘોર અંધકાર ફેલાઈ રહે છે, ત્યારે પણ સપ્ત રંગે ચમકતું ઈન્દ્રધનુષ્ય પ્રગટી આકાશમાં રંગની રેલ રેલાવી મનુષ્યના હૃદયને આનંદથી ભરી દે છે. તે જ રીતે જ્યારે માથે દુઃખના પહાડ પડે છે ત્યારે તું તારી કૃપા પ્રસારી અમને ફરી આનંદનો ઉપભોગ કરાવે છે. પ્રભુ, તારી કૃપા એવી છે.

કડી ૬. તારી કૃપા, પ્રભુ, અનંત છે. એ કદી અટકતી નથી. કરોડો વસ્તુ તું આપ્યો જાય છે. મારી સામે ભલે બ્રહ્માંડો આવીને ઊભાં રહે, તો પણ હું ડરતો નથી, કેમકે મારી શ્રદ્ધા છે કે તારી બાથ એ બધાંને પહોંચી વળીને વધે એવી છે, તે તું તારી કૃપાવડે મને ઉગારશે.

પૃષ્ઠ ૧૨૫. **ભક્તવીરની વાંછા.** કડી ૪–૫–૬. મેં આ હારજીતની લડાઈ શરુ કરી છે. ત્યાં હવે પાછી પાની કર્યે, હાથ પાછા ખેંચ્યે, નહિ ચાલે. જો હું હારી જઈશ તો આ જગત ને એક જન્મ ગુમાવીશ, ને જીતીશ તો તને મેળવીશ; અર્થાત્ જન્મમરણના ચક્રમાંથી મુક્ત થઈશ ને સંસાર તથા તેની માયામાંથી છૂટી તને પ્રાપ્ત કરીશ. હું દુનિયાનો નહિ રહું, દુનિયા મારી નહિ રહે. પણ હું તારો થઈશ. તું મારો થશે, એમ આ લડતમાં હાર કે જીત ગમે તે મળે. એમાં બધી રીતે કલ્યાણ જ થવાનું છે. આધ્યાત્મિક બળે હું માયાનો પટ ચીરી તારાં દર્શન કરીશ. આકાશને વીંધીને ને પાતાળને ફોડીને, અર્થાત્ બ્રહ્માંડના ભેદો ઉકેલીને હું તારૂં તખ્ત ને તારો તાજ જીતી લઈશ. હું તારી પ્રાપ્તિ કરીશ. તે વેળા તું મને "માગ માગ" એમ કહેશે પણ હું શું માગું ? તારૂં હૃદય એ મારૂં જ છે. તું પોતે જ મારો છે. પછી મારે બીજું શું માગવાનું રહ્યું ? હું તો તને જ જીતી લેવા માગું છું.

પૃષ્ઠ ૧૨૭. **સતત વિશ્વવસંત.** વસંત ઋતુમાં લોકો ફાગ ખેલે છે ને આનંદનૃત્ય કરે છે, તેમ આ વિશ્વમાં પ્રભુ અનંત ફાગ ખેલી રહ્યો છે.

કડી ૨. લોકો ગુલાલ ઉડાવી લાલ રંગથી સૌને રંગી દે છે તેમ આકાશના ખભા પર ઊભાં રહી સંધ્યા ને ઉષા ગુલાલથી પોતાના ગાલ લાલ બનાવી નાચી રહ્યાં છે. વનમાં ને વાડીમાં ફૂલની સુગંધથી આનંદિત થઈ પવન વાતો વાતો ગાન કરી રહ્યો છે. અને આખું વિશ્વ રંગમાં આવી ગયું છે. પ્રભુ અનંત નૃત્ય કરી રહ્યો છે.

કડી ૫. આદિથી અંત સુધી જગત, પ્રગટ રીતે કે અપ્રગટ રીતે, અંદરથી તેમજ બહારથી ફાગરૂપ છે. આખું જગત એ ઈશ્વરની લીલા–રમત છે. ફાગ ખેલતા હોળૈયા પીચકારી ભરીને મારે છે, તેમ ઈશ્વરની લીલાની જ્ઞાનરૂપી પીચ-

કારી ભરીને સાધુ સંતો જગતને તેનાથી ભીંજવે છે. અર્થાત્ દુનિયામાં ઈશ્વરના જ્ઞાન ને ભક્તિનો ઉપદેશ કરે છે. ગુણીજનોએ આ અમર હોરી-ઈશ્વરની આ અનંત લીલા-ગાઈ છે, તેનું રહસ્ય સમજાવ્યું છે.

પૃષ્ઠ ૧૨૯. **પ્રભુનાં તેડાં.** કડી ૩-૪. હે પ્રભુ, તું ક્યારે તારો વીજળી-રૂપ સંદેશો મોકલશે ? ક્યારે આ તારા આકાશની પાટી પર એ સંદેશાના અક્ષરો મને સ્પષ્ટ રીતે વંચાશે ? તું તારું તેડું મોકલી મને તારી પાસે બોલાવી તારા સાચા સ્વરૂપનું ભાન ક્યારે કરાવશે ? વાદળાં ખસી જઈ આકાશ ખુલ્લું થાય છે તેમ સંસારની ઉપાધિઓ સરી જઈ અદૃશ્ય દ્વાર-મરણોત્તર પરલોકના જીવનનું દ્વાર ઊઘડશે ત્યારે લાખો સૂર્યોનાં તેજ ઝબૂકશે. તારું જ્યોતિર્મય રૂપ મને જોવા મળશે, ત્યારે જ મારી આંખ ઠરશે. (મરણ વેળા આંખ ઠરી જાય છે તેનો અહીં ધ્વનિ છે.) ત્યારે જ મને આનંદ મળશે.

પૃષ્ઠ ૧૩૧. **દૂર જતાં ડગલાં.** આછો આછો પ્રકાશ-પ્રભુના તેજો-મય રૂપનો આવે છે ને ઘડીમાં અદૃશ્ય થઈ જાય છે. એવા આછા ચમકાર કરી હૃદયમાં તલસાટ ઉપજાવે છે. મારો દીવો હવે ઝુમાય છે, ત્યાં વહાલાં સ્વજનો ! મને જીવતો રાખવાનું કરીને શા માટે સતાવો છો ? હવે જવા દો.

કડી ૩. મારા આત્માને એના ઘરમાં પાછો પધરાવવા તેનું આંગણ લીંપી-ગૂંપીને તૈયાર કર્યું છે. પ્રભુને મળવાની બધી તૈયારી થાય છે. તેને મળવા માટે મેં ઉત્કટ સ્વપ્નો સેવ્યાં છે. મારી આંખ તેને જોવા-એ અગોચર પ્રદેશ તરફ-હું તાકી રહ્યો છું. હવે મારે પાછું ફરીને જોવાનું શી રીતે બને ? પ્રભુ પ્રત્યે જ નિરંતર હું ખેંચાઈ રહ્યો છું ને ત્યાંજ હવે હું જાઉં છું. હવે હું સંસાર તરફ પાછી દૃષ્ટિ શી રીતે કરી શકું ? મને શા માટે હજી બોલાવી-બોલાવીને થોભાવો છો ?

પૃષ્ઠ ૧૩૩. **દૂરની ઘંટડી.** દૂર, અગોચર ધામમાંથી નિમંત્રણનો નાદ સંભળાય છે. રૂપેરી ઘંટડી જેવો એ મધુર અવાજ અનન્તતાના માર્ગેથી ધીરે ધીરે આવતો મને સંભળાય છે. હૃદયમાં ને બહાર એના પડઘા પડે છે.

કડી ૨. સૂરજના માર્ગમાં સંધ્યા પુષ્પો પાથરે છે, એટલામાં રાત્રિ અંજન આંજેલી પોતાની આંખ ઉઘાડે છે. જીવનનો સાન્ધ્ય સમય આવી ગયો છે. રાત્રિ પણ પડવા આવી છે. ત્યાં કાળની પાંખમાં ટાંગેલી તારારૂપ રૂપેરી ઘંટડીઓ-અનંતતાનું સૂચન કરતી-પાસે આવતી સંભળાય છે.

કડી ૩-૪-૫-૬. દેવના ઉદ્યાનોનું સ્મરણ કરાવતાં ઉષાનાં સ્વપ્નો સરી ગયાં. પ્રભાત કાળનાં આકર્ષક ચિત્રો પણ અદૃશ્ય થઈ ગયાં. મધ્યાહ્નને શિખરે

પહોંચી તેજસ્વી અશ્વો હવે શાંત થઈ ગયા છે, ને હવે સંધ્યાકાળ–પવિત્ર ને શાંત સાન્ધ્ય સમય આવ્યો છે. અનેક આશા ને કોડથી ભરેલો બાલ્યકાળ, સિદ્ધિઓ વડે શોભતો તારુણ્યનો સમય જતો રહ્યો છે. જીવનની હવે શાંતિ ભરી સંધ્યા આવી પહોંચી છે. પ્રેમની ને જીંદગીની મહેમાની હું પૂરેપૂરી ભોગવી ચૂક્યો છું. પગમાં કેટલીક વાર કાંટા ભોંકાયા છે તો કોઈક વાર હાથમાં ફૂલ પણ આવ્યાં છે. અર્થાત્ સંસારનાં સુખ ને દુઃખ બંનેનો મને અનુભવ મળી ચૂક્યો છે. આ માટીની કાયામાં પ્રાણનો તેજસ્વી પ્રકાશ પૂર્યો છે. દીવી ફૂટી જતાં દીવો–પ્રકાશ–જેમ જતો રહે છે તેમ આ માટીની કાયા પડી જશે ત્યારે ભલે પ્રાણ પણ અદૃશ્ય થઈ જતો. ભાગ્યયોગે મારે ભાગે જે જે આવ્યું તે સૌ મેં ભોગવી લીધું. ઈશ્વરે સુખ દુઃખ જે કંઈ આપ્યું તે બંને હાથે–વગર આનાકાનીએ, સહર્ષ મેં સ્વીકારી લીધું. જીવનના નાવમાં બેસી સંસારસમુદ્ર તરતાં મેં મારે ભાગે જે જે ફરજો આવી તે સર્વ બજાવી. હવે એ નાવ ડૂબે છે. પણ ત્યાં તો મારો પ્રભુ આવીને મારો હાથ પકડી લે છે. પ્રભુ મને મરણનું દ્વાર ઓળંગાવી અનંતતાને પંથે પોતાની પાસે લઈ જાય છે. મૃત્યુ પામ્યા પછી મારો કંઈ સર્વથા વિનાશ નહિ થાય. આ દેહનાં પાર્થિવ તત્ત્વ પૃથ્વીમાં સમાઈ જશે, ને પછી ધરતી માતા એ તત્ત્વોને ફૂલ તરીકે ઉગાડશે. મારો તેજસ્વી પ્રાણ કોઈ નવીન તારારૂપે આકાશને ઉજાળશે. મારાં રચેલાં ગીત વસંતના હૃદયમાં–સહૃદય ને સચેતન આત્મામાં-નવા ફાગ ઉડાવશે, નવીન ભાવના ને નવો આનંદ પ્રગટાવશે, ને એ રીતે જ મેં જીવનભર સેવેલી આશાઓ સિદ્ધ ને ફળવતી થશે.

કડી ૮. જતી વખતે હું શું આપી જાઉં ? ગુર્જરીનો કંઠ બહેલાવવા ને શોભાવવા મારાં રચેલાં આ ગીતોની મોતનમાળા છે. મારાં ગુર્જર બહેનો ને બંધુઓ માટેનો આ મારો નિર્મળ પ્રેમ છે, પરમાત્મા પ્રભુને તો આ મારો આખો આત્મા જ આપી દઉં છું. હવે મને ઘેર જવાની-ઈશ્વરના ધામમાં જવાની, મારું શુદ્ધ મૂળ ચેતન સ્વરૂપ પામવાની તીવ્ર ઉત્કંઠા જાગી છે. મારા એ ઘરની, ઈશ્વરના તેડાની, મારા શુદ્ધ ચેતનરૂપને પ્રાપ્ત કરવાના આવાહનની મીઠી ઘંટડી વાગી રહી છે. બહેનો ને બંધુઓ ! મારી છેલ્લી સલામ !

જ્યોતીન્દ્ર હરિહર દવે, એમ. એ.

સૂચિ

(પ્રથમ પંક્તિઓની) પૃષ્ઠ